
# બાનુ.

ઝીણી કે. પેમાસ્તર.


I always use
POLSON'S
COFFEE
YOU WOULD LIKE IT TOO

# ગોદરેજના સાબુ કોણ વાપરે છે ?

ડાક્ટર એની બેઝંટ લખે છે કે મેં દુનીયાનાં ઘણાં દેશના સાબુ વાપર્યાં છે પણ સઉમાં સારા ગોદરેજના ધારૂં છું.

મુંબઈ અને પેરીસમાં ઝવેરાતના ધંધા કરનાર એક શ્રીમંત ફ્રેંચમેન લખે છે કે મારી ચામડી બહુ નાજુક છે અને મેં યુરોપ અને અમેરીકાના સારામાં સારા સાબુ વાપર્યાં છે પણ ગોદરેજના સાબુ જેવા સારા કોઈ પણ માલમ પડયા નથી અને હું પેરીસ જાઉં છું ત્યારે ગોદરેજના સાબુ સાથે લઈ જાઉં છું.

શ્રી રવીંદ્રનાથ ટાગોર, સર દીનશા અને લેડી પીટીટ, સર પરશોતમદાસ ઠાકોરદાસ, સર ફીરોઝ શેઠના, સર ફાજલભાઈ કરીમભાઈ અને સર કાવસજી જેહાંગીર જેવા હજારો માણસો ગોદરેજના સાબુ બહુ વખાણીને વાપરે છે.

ચામડીની સુખાકારી માટે સેંકડો ડાક્ટરો ગોદરેજના સાબુ વાપરવા ફરમાવે છે.

ગોદરેજના નંબર ૧ અને ૨ વાલા સાબુ ગમે એવા પરદેશી સાબુથી ચઢીઆતા હોય છે અને ગોદરેજના સઉમાં સસ્તા સાબુ સારામાં સારા પરદેશી સાબુની બરાબર ઉતરે છે.

જ્યારે ઘણાક પરદેશી સાબુમાં મરેલાં ઢોરની ચરબી વાપરવામાં આવે છે ત્યારે ગોદરેજના દરેક જાતના સાબુ શુદ્ધ તેલના બનેલા હોય છે.

જ્યારે ઘણાક પરદેશી સાબુમાં ચાક જેવી ચીજ ભેળેલી હોય છે ત્યારે ગોદરેજના કોઈ પણ સાબુમાં કશું પણ ભેળવામાં આવતું નથી.

# બાનુ

## અને

# બીજી વારતાઓ.

લખનાર:

**ઝીણી કે. પેમાસ્તર**

તે

સાચી પણ કાચી, એવડી આગમાં, પાતાળ પાણી, અગ્યારમે કલાકે,
હીણનસીબ હકદાર, ખુબસુરતીને ખાતર, ખુબસુરત બલા,
મુવેલી કે જીવતી, જુદી જગત, ખુબસુરત મક્કાર,
તારાજે તકદીર વિગેરે વિગેરેના કર્તા—

આવૃત્તિ પહેલી.

ઈ. સ. ૧૯૨૯.

કીંમત રૂ. ૨.

આ પુસ્તક **ફરામજી બેરામજી મોદીએ** "ધી મોદી પ્રીન્ટીંગ પ્રેસ,"
૨૩૭-૨૩૯, બજારગેટ સ્ટ્રીટ, કોટ, મુંબઇ મધ્યે છાપ્યું છે,
અને **મીસીસ ઝીણી કે. પેમાસ્તરે** ઘોડબંદર રોડ,
વીલેપારલેથી પ્રગટ કર્યું છે.

# પ્રસ્તાવના.

બહેન ઝીણીએ એકાએક ધડાકો કર્યો કે "બાનું"ની પ્રસ્તાવના મારે લખવાની છે અને હું વિચારમાં પડી–વિચારમાં એટલા વાસ્તે કે એ ભલાં બહેન કલમકશીના મેદાનમાં મારાંથી વડાં છે, વધારે કાબેલ છે અને વધારે લોકપ્રિય છે. એક લેખક તરીકે, એક વારતાનવેશ તરીકે અને હમણા હમણા તો એક મજાહનાં કવિ તરીકે બહેન ઝીણી પેમાસ્તરે પોતાનું નામ પારસી ગુજરાતી વાંચકવર્ગમાં અચ્છી રીતે જમાવ્યું છે. "નવરાસ"નાં સ્થાપક રૂહ-શાદ બમનજી નવરોજજી કાબરાજીનાં હાથ હેઠલ કેળવાયલાં જે ગણત્રીનાં નામીચાં કલમકશો આપણા વચ્ચે હાલમાં હસ્તી ધરાવે છે તેમાં બહેન ઝીણીની ગણના સહેલાઇથી થઇ શકે એમ છે.

"નવરાસ"નાં એ ઉમંગી લેખક બહેનનો કલમ ઉપરનો કાબુ અજબ જેવો મોહક છે; એમની શૈલી સાદી છતાં ચીત આકર્ષક છે અને જોડણીની ખામીઓ તરફ ન જોતાં એક કલમકશ તરીકે એ બહેન સર્વશ્રેષ્ટ નહીં તો બેશક આપણા પહેલી પંકતીનાં ગણી શકાય એવા થોડાક લેખકો અને લેખીકાઓની સંફમાં બીરાજવાને બીલકુલ લાયક છે. બહેન ઝીણીની સીફા-રસ કરવા વાસ્તે આ હું લખતી નથી; પરંતુ મારા મનનાં ખરા વિચારો તદ્દન નીખાલસપણે રજુ કરૂં છું.

"બાનુ" તમારા હાથમાં બીરાજી રહેલું પુસ્તક પાંચ નાની મોટી વારતાઓનું બનેલું છે. "બાનું," વાંચો અને તમારી ખાત્રી કરો. એ કેટલી મનરંજન કરનારી છે, કેટલી તલપડી છે તેમજ વળી કેટલી નસીહત આમેજ છે. અને વલી તેજ મુજબ "કીસની કીમત" "કોહીનુર" "પ્યારની કસોટી કે મોતનો કાસદ?" "મગરૂરીની મોહકાંચુ" છે. આમાં ચાર પારસી સંસારી છે. અલબતાં

તે વાંચવાની મોજ કાંઈ ઓરજ છે; જ્યારે મોહમેદન સંસારની વારતા પણ આપણું ધ્યાન તેના કરતાની એ કીશબની કલા તરફ ખેંચે છે.

"બાનુ" જે વાંચશે તેને ગમશે એવી મને શ્રદ્ધા છે અને એવી અનેક વારતાઓ એ ઉમંગી લેખક બહેન લખે, અને આવાંજ સુંદર પુસ્તકો પ્રગટ કરે એવી મારી છેવટમાં તે પાક પરવરદીગારને બાર અરજ ગુજારી છે.

"નવરાસ" ઑફીસ,
ચીનાઈ મૅનશન, કોલાબા.
તા૦ ૧૭ મી ઓગસ્ટ, ૧૯૨૯.

મહેરાં માણેકજી દાવર.

# નવરાસ

નામાંકીત લેખીકા

(મીસીસ) મહેરબાઈ મા. દાવરના

અધિપતિપણા હેઠળ પ્રકટ થતું

## અપ-ટુ-ધી-મીનીટ સોસાયટી જરનલ.

વાર્તાઓ, કવીતાઓ, નીબંધો, ચાલુ ચર્ચાઓ
વિગેરે મનોવેધક વાંચનોથી ભરપુર ચિત્રો
સહીત દર માસે બહાર પડે છે.

વાર્ષીક ગ્રાહકોને એક સુંદર પુસ્તક ભેટ.

**વાર્ષીક લવાજમ રૂ. ૬.**

ચીનાઈ મેનશન,
વુડ હાઉસ રોડ, કોલાબા,
મુંબઈ ૫.

# કર્તા તરફનાં બે બોલ.

એક દીવસ એકાએક માહરી ડેસ્ક ખોલતાં કોણ જાણે ક્યારે બી ફરસુદનાં વખતમાં ટપકાવી કાઢેલાં લખાણોનો એક ઢગ મને મળી ગયો. જે ઉપર ઉપરથી જોઈ જતી હું બેઠી હતી તેવામાં માહરો એકપુરો નાહનો બાબો માહરી આગળ આવ્યો અને "મમી શું ચોપડી લખોછ ?" એમ મને પુછવા લાગ્યો. ચોપડી ? આહ, માહરા દીકરાએ, જ્યારે હું તે મારાં લખાણો વાંચતીજ બેઠી હતી ત્યારેજ, એ સખુનો કાઢયા, કે માહરાં ભેજાનો કીડો ચવડયો. ને આ નાહનો સંગ્રહ એક ચોપડીનાંજ આકારમાં બાહેર પાડવા માહરૂં મન લલચાઈ ગયું. પરીણામમાં તે તાબડતોબ મેં છપાવ્યું અને ભલાં વાંચકો સનમુખ હાજર કરૂં છું. જે આશા છે જે પસંદ પડશે. ખુદાની કરમબક્ષેસથી માહરે બબડવાનું કશુંજ નથી. સામું માહરૂં નાનામાં નાનું લખાણ જે પ્રેમ અને વખાણથી ભલાં વાંચકોએ સદા વધાવી લીધું છે અને માહરી ચોપડીઓ ટપોટપ ઉંચકાઈ ગઈ છે એજ મને સંતોશ આપવા બસ છે.

નજદીકની ભવિશમાં એક ખરેખરી મોટી સંપુર્ણ જોરાવર નોવેલ સાથે પાછી હાજર થવાની ઉમેદ કરતી, અને મારી કલમને ચાહનારાં વખાણનારાં ને આવકાર આપનારાં મેહરબાનો તથા જાહેરખબરી ગ્રહસ્થોનો પણ ઘણો ઘણો આભાર માનું છું.

આ માહરૂં પુસ્તક મેં મોદી પ્રિન્ટીંગ પ્રેસમાં તયાર કરાવ્યું છે, ને કહેવા તેમજ ભલામણ કરવા ખુશી છું કે મને અહીંના કામમાં સંપુર્ણ સંતોષ મળ્યો છે.

ઘોડબંદર રોડ,<br>
વીલેપારલે.<br>
તા: ૨૦-૮-૨૯.

દુવાગીર બહેન,<br>
**ઝીણી કે. પેમાસ્તર.**

# અર્પણ.

તાહરાં એકજ મધુર હસ્વાંથી માહરૂં જીગર ખુશાલીથી ભરી દેતો

માહરો મીઠો અને ડારલીંગ દીકરો

**જમશીદ**

તાહરે માટે જે આશાઓ ને ઉમેદો મેં

બાંધી છે તે પરવરદેગાર બધી બર

લાવે અને જે સુંદર ભવિશ મેં

તાહરે માટે મનથી ઘડી રાખ્યું

છે તેને તું દરેક રીતે જોબ

આપે એવીજ દુવા

ગુજારતી,

તાહરી મમી

**ઝીણી.**



જમશીદ કે. પેમાસ્તર.

"ખુદા."

# "બાનુ."

## પારસી સંસારની એક વાર્તા.

### પ્રકરણ ૧.

ફ્રામરોઝ નીકલસન, સોલીસીટરે તે વીલ ઉપાડયું, એક ધીમો ખંખાર માર્યો, ચશ્મો ચઢાવ્યો, અને પછી પોતાનાં ગંભીર કરડા સાદે તે નિચલો ફકરો ફરી એક વાર વાંચવા માંડયો.

"વંશપરમપરા ઉતરી આવતો માહરો સરદારનો ખેતાબ, અને તે સાથે માહરી બાપીકી મીલકત હકદાર રીતે માહરા હકદાર વારેસ ભત્રીજા જીજુ બેહરામજી દાદીશેઠને હું આપી જાઉં છું. જ્યારે માહારી લોન, શેર અને રોકડ પૈસો, જે આશરે બાવીસ લાખ રૂપીઆ થવા જાય છે તે હું માહારા મરણ બાદ બે વરશની અંદર જો માહરો ભત્રીજો જીજુ, માહરી ભાણેજ અને પાળક દીકરી જર દાદીબા દેશાઇ સાથે પરણે તોજ તેમાંથી વિસ લાખ રૂપીઆ તેનાં નામ ઉપર કરવા; અગર તે ના પાડે તો એ બધા પૈસા માહરી વાહાલી ભાણેજ જરને હું આપી જાઉં છું. લગનનાં સવાલનો ફેસલો થાય તે બે વર્ષ દરમ્યાન મહીને હઝાર રૂપીઓ માહરા ભત્રીજા જીજુને અને મહીને ત્રણ હઝાર રૂપીઆ વ્હાલી દીકરી જરને મળતા રહે એવું હું ફરમાવી જાઉં છું."

ત્યાર બાદ કેટલીક બીજી બાબદો વાંચી પુરી કર્યા પછી તે સોલીસીટરે

તે વીલની ઘડી વાળી બંધ કર્યું. કાગળ્યાંઓ ઉંચાં નિચાં કરી નાખ્યાં, અને પછી તે નવા સરદાર જવાન જીજુ દાદીશેઠ તરફ ફર્યો.

"ઘણુંજ વિચીત્ર અને ગેરઈન્સાફીભર્યું વીલ છે." સરદાર જીજુએ કહ્યું.

"હું દીલગીર છું." મી० નિકલસને ટુંકમાં જણાવ્યું. "મારાં કુળને આવું એક વીલ નહી કરવા મેં ઘણું સમજાવ્યું પણ તેવણે માન્યું નહી. મને કાંઈ બીજું પુછવું છે? હું રજા લેઉં?" અને તે જવાન માણસને કાંઇ પણ જવાબ કરતો નહી જોઇ તે હવે તે ઓરડા માહેલાં ત્રણે જણાં—સરદાર જીજુ દાદીશેઠ, જર દેશાઇ અને તેણીની કંપેનીઅન જેવાં, ઘરનાં કરતાં કારવતાં સુનાઇબાઇ મીસ્ત્રીને સામટુંજ નમી હવે ચાલ્યો ગયો.

જીજુ દાદીશેઠ થોડીક પળે પોતાની ગાફેલ્યત હટાવી નાખતો સીધો કાળી સાડીમાં સજ્જ થએલી તે લખ્ખોની જવાન વારેસ આગળ આવી ઉભો.

"બ્હેન જર." તે બોલ્યો. પણ તેણીએ પોતાની મીઠી મધુરી આંખોએ તેને બોલતાં અટકાવ્યો.

"હું બી દીલગીર છું." તે બબડી. "યાદ રાખજો કે મેં તે પૈસાની કદી આરજુ કરી નથી ને હજી બી બની શકતું હોય તો મને તે પૈસા જોઇતા નથી."

"હું બી દીલગીર છું," તે બોલ્યો. "પણ એમાં નથી તમારો કસુર કે નથી માહરો ઉપાય. જેવી માહરા કાકાની મરજી. હું તો જેવો આવ્યોછ તેવોજ પાછો માહારી ડયુટી ઉપર ચાલ્યો જઇશ. તમને હું મુબારકબાદી આપું છું. જરબાનુ અને એટલી અરજ કરૂંછ કે આ દાદીશેઠ હોલ જે આજનાં વીલની રૂહે માહારો થયો છે ત્યાંજ તમો રહો ને તેની સંભાળ રાખો."

"બે વરસ તો હું અહીં છેઉંજ." તે બબડી.

"હું તે પછીની વાત કરૂં છું." તેણે કહ્યું. "માહારા કાકાની શરત હું કબુલ રાખી શકતો નથી, તેવણનાં લખ્ખોનાં વારેસ થવા ઉપરાંત હું અરજ કરૂંછ કે માહારા આ મકાનની બી તમો સંભાળ લેજો ને અતરેજ રહેજો.

આ મકાન તેની આવી હાલતમાં રાખી શકું, કે તેને બરનાં ઠેકેરાથી હું રહી શકું તેવી માહારી હાલત નથી."

"આપણે એ બધું પછીથી નક્કી કરી લઇશું." મનમોહન જરૂએ કહ્યું. "તેટલાં મને કહોની જીજુભાઈ કે આપણે મોટાં મિત્રોજ થઈશું ને રહેશુંની?"

તેણે તેણી તરફ જોયું–તે લાખ્ખો રૂપીઆ પચાવી બેઠેલી જવાન સુંદરી, અને તે જોઈ શકયો કે તે તમામ નિર્દોષ હતી—તદન પૈસા માટે બેપરવાહ હતી. તે મીઠો ચેહેરો નાજુક કારીગીરી સાથનો ગુલાબી ગોરો અને નિરદોશ હતો. તેણીનાં વાળ એક બેબી જેવા સુંવાળા કરચળ્યા અને સોનેરી હતા. તેણીની આંખો મીઠી અને લીલી દરાખ જેવી ખેંચાણકારક હતી, તે નાજુક હોઠો, રાતા અને સદા હસ્તા હતા જ્યારે તે ઉંચી પાતળી અને મનોહર બાંધાની હતી. તે ચેહેરા ઉપરનો ઉલટમંદ નિર્દોષ બચ્ચાં જેવો છાપ, અને તે કાલાવાલા કરતી નરમ આંખો જોઈ સરદાર જીજુનું મન પીગળી ગયું.

"હા," તેણે કહ્યું. "આપણે મોટાં મીત્રોજ થઈશું અને રહીશું."

"થેંકયું." તે મીઠાશથી બોલી. "તમારે મને ધીક્કારવી જોઇએ પણ તેને બદલે તમો જે ભલાઈથી મારી જોડે વર્તો છો તે માટે હું તમારો ઉપકાર માનું છું."

"તમોને મળી હું ઘણો ખુશી થયો." સરદાર જીજુએ કહ્યું "ને આપણે સગાં થઇએ તે વટીક મને તો ખબર નહી. હું છેક જવાનીમાં અતરે આવતો હતો, અને હમણાં તો પંદર વરસે હું પાછો આ તરફ આવ્યો. છેલ્લાં પંદર વરસ થયાં હું મારા કાકાને ત્યાં આવેલોજ નહી. જોકે બાહેર અવારનવાર અમે મળતા ભેટતા હતા અને મને ખબર નહી કે આવી ભલી કઝીન અતરે વસ્તી હશે."

"નામે તો હું તમને ઓળખતી હતી." તે બોલી. "મારા મામાજી તમારે સારૂં અવારનવાર વાતો કરતા હતા. પણ મેં બી તમને કદી જોયલા નહી. હું દસ વર્ષ થયાં આ મકાનમાં મામાજી સાથે રહેલી છું."

"હું કાલે સવારની વેહલી ટ્રેનમાં જઇશ," તે બોલ્યો. "હવે જે કરવાનું છે તે બધું મી○ નિકલ્સન કર્યા કરશે. મારી હાજરીની જરૂર નથી." અને થોડીક એલારપેલારની વાતો કરી તેઓ છુટાં પડયાં, ત્યારે એક અજબ પ્રકાશમાં તેની તરફ ટીકાયલી તે નજર કે હેતથી ચંદ્રસમ ચમકતો તે મુખડો તેનાં જોવામાં આવ્યો નહી.

જર દેશાઈ, તે લાખ્ખોની દોલત ધરાવનાર શેઠ મહેરનોશ દાદીશેઠની એકપુરી બહેનની દીકરી હતી. જરની માય સુંદર રોશને પૈસા કરતાં પ્યારને સર્વોપરી આપી હતી, અને તે પોતાની રાજીખુશીથી પોતાનાં મનગમતા માણસ સાથે પરણી ગઈ હતી. તેથી તેનો પીતા ઘણોજ ગુસ્સે થયો અને સોગંદ લીધા કે મરતાં તેણીનું મોહુ જોવું નહી. તેઓએ તેણીને ઓવાર નિવાર કરી. એ રીતે વરસો વહી ગયાં અને ઘરડા બરજોરજીએ પોતાનો બોલ પાળ્યો. તેઓ પોતાની એકપુરી તે દીકરીને અંતે બી મળ્યા વગરજ બહેસ્ત પામ્યા, અને પોતાની સઘળી ધન દોલત અને મીલકતનો એકલો વારેસ પોતાનાં વડા દીકરા મહેરનોશને કરી ગયા.

એ બરજોરજી દાદીશેઠનાં બે દીકરા હતા. વડો મહેરનોશ અને નાહાનો બહેરામ. અને વડા મહેરનોશનો પોતાની ઓવારનિવાર થએલી નાહાની સુંદર બહેન રોશન ઉપર હદ બાહેર જીવ હતો. તેનો પીતા હૈયાત હતો તેટલાં તો તેનું કશું ચલણ હતું નહી, પણ જેવો તે સ્વતંત્ર થયો અને બાપીકા પૈસાનો માલેક બન્યો કે તુરતજ તેણે પોતાની બહેનની ભાળ કઢાવી. અને વખતસર તેણીને મરતે હાલે તે જોઈ અને મળી શકયો.

તેણીનો ધણી, તેણીએ તેને મળતાં જણાવ્યું કે છેલ્લાં ત્રણ વષ થયાં બહેસ્ત પામ્યો હતો, અને પૈસાની તંગીમાં તે બાપડી મહેનત કરી પોતે પોતાનાં બચ્ચાંનું ને પોતાનું જેમતેમ પુરૂં કરતાં બિમાર થઈ મરવા પડી હતી.

તે મોટે ઘરની હઝારો લાડમાં ઉછરેલી વાહાલી સુંદર બેન તરફ મહેરનોશે દુઃખી આંખોથી જોયા કર્યું.

"હવે તને કશાંની જરૂર પડશે નહી રોશન," તેણે કહયું. "હું તને માહારી સાથે લઈ જઈશ ને બધાં સુખમાં રાખીશ."

તે બાપડી ફીકકું હસી.

"માહારા દાહાડા હવે બાકી રહ્યા નથી ભાઈ મહેરનોશ," તે બોલી. "પણ મને વચન આપો ભાઈ કે માહારી આ નાહાની દીકરીનાં બાપની જગ્યા તમે રાખશો, તમે તેનાં મુરબ્બી બની સદા તેને સંભાળશો ને તેને તમારી પાસેજ રાખશો."

"હું તે વચન આપુંછ રોશન," તે બોલ્યો.

રોશનનું કહેલુંજ થયું. થોડાજ દીવસમાં તે બિચારી આખેર થઈ, અને દસ વરસની નાહાની જર પોતાનાં મામા જોડે દાદીશેઠ હાઉસમાં રહેવા ગઈ.

વખત વહેતો ચાલ્યો, જે દરમ્યાન મધુરી જરની મીઠી અદાઓ અને ભોળો હેતવંતો ખવાસ જોતાં મહેરનોશ દાદીશેઠ તેણીને ખરાં દીલથી ચાહાવા લાગ્યા.

તેવામાં તેને ખબર પડી કે તેનો ભાઇ બહેરામ ચીનથી આવતાં એકાદ સ્ટીમર ડુબવાથી બહેસ્ત પામ્યો હતો, અને તે દીવસથી સરદાર મહેરનોશે ઠરાવ કર્યો કે તે ભાઇનાં દીકરાને બી પોતાનોજ ગણી તેને માટે બનતું કરવું. એ રીતે બન્ને બચ્ચાનું ભલું ચાહી તેવણે પેલું કફોડું અને વિચીત્ર વીલ કર્યું.

જવાન જીજુ કાંઇ સરકારી નોકરી ઉપર હતો, તે સ્વતંત્ર ખવાસનો, પ્રમાણીક જીગરનો સાચ્ચો, દ્રઢ ઠરાવોનો, મગરૂર, અને એકવચની હતો. તેણે કદી પોતાનાં કાકાનાં પૈસાની આશા કરી નહોતી, પણ તે જાણતો હતો કે મોડે વેહલે બધું તેનેજ મળશે ખરૂં. તેનાં ફુઇની કોઇ દીકરીને લાવી અહીં રાખી હશે કે તેણીને પોતાની વારેસ કરી જશે એવો તો સ્વપને પણ તેને ખ્યાલ થયો નહી.

તે વરસો સુધી પોતાનાં માબાપ સાથે ચીન રહેલો. ત્યાંથી આવે ત્યારે

તે પોતાનાં મેહરનોશ કાકાને ત્યાં રહેતો. ત્યાર બાદ તેનાં મા અને બાપ બન્ને મરણ પામ્યાં અને તે અહીં તહીં પોતાની નોકરીનાં સબબે ફરતો રહયો. ઘણુ કરી ગુજરાત તરફ યા ઉત્તર હિન્દુસ્તાન તેને કામે જવું પડતું. તેની એક ફુઈ હતી, જે ગરીબીમાં બહેસ્ત પામી હતી એવી વાત તે જાણતો હતો મગર તે ફુઈ કાંઇ બચ્ચાં મુકી ગઇ હતી કે કેમ તે વઠીક તે જાણતો કે જાણવાની પરવાહ કરતો નહી હતો. એટલા માટે સરદાર મેહરનોશનાં મરણનો જ્યારે તેને તાર મળ્યો અને તે ત્યાં દોડયો, ત્યારે ગુલાબનાં ફુલની એક કળી જેવી સુંદર અને જવાન પિત્રાઇને જોઇ તેની અજાયબીનો પાર રહયો નહીં.

વીલ વંચાઇ રહેવા બાદ, તેણે ખાતરીથી માન્યું કે તે હવે તેણીને જરૂર ધીક્કારતો થશે. પણ નહી. તે મીઠો નિરદોશ ચેહરો, તે શાંત અદા વિગેરે જોઇ સામો તે તેણીનો મીત્ર બની ગયો.

પેલી તરફ તે ઉંચા દમામદાર દેખાવનાં ખુલ્લી પ્રમાણીક બ્રાઉન આંખોનાં, મગરૂર પણ સભ્યતાભરેલા જવાન કઝીનને જોતાંજ સુંદર જરે પોતાનું જીગર ખોઈ દીધું. તેને જોયો અને જોયો, પોતાનાં ખરાં દીલથી તે તેણીને ગમી ગયો.

તે વીલ વંચાઇ રહ્યા બાદ તે પોતાનાં ઓરડામાં ગઇ જ્યાં સુનાબાઈ તેણી આગળ આવી બેઠાં.

"માહારી દીકરી." તે ભલી બાનુ બોલી. "હું ખુશી છેઉ કે તને આ દોલત મળી. હવે તું મજાહ કરજે."

"ને હું દીલગીર છેઉં, સુનામાય, કે તે મને મળી," તે મીઠે સાદે બોલી, "બિચારા જીજુના હકનું લઈ લેવા મને જરા ગમતું નહીં. એવણને તે દોલત અપાઈ હતે તો ગતે પડતે. મને તે શું કામની છે?"

"ઘણી," સુનામાયે સમજાવ્યું, "એનેથી તું ઘણું કરી શકશે, ને વળી તાહરા પિત્રાઇને બી તું મદદ કરી શકશે."

"તે કેમ ?" તેણીએ ઉલટભેર પુછ્યું.

"તું આટલો વખત ઝાઝી ફરી હરી નથી," તેવણે કહ્યું, "તો હવે તાહરા કાકાને એક છ મહીના થઈ જવા દે. પછી ખુબ ભપકાથી પોશાકો પહેરી મુંબઇની સઉથી આગેવાન સોસાયટીમાં ફર. ઉટી ને પુના ને મસુરી સીઝનમાં જા. તાહરી આવી ખુબસુરતીથી ભલભલા તાહરી ઉપર મહેરબાન થશે અને ત્યારે તેનો લાભ લઈ એકાદ ચાન્સ મળે તો તાહરા કઝીનને કાંઇ ઉંચો ઓધ્ધો, કાંઈ મોટી સરકારી નોકરી અપાવવાની વેત્રણ કર, અને એવી આડકત્રી રીતે તેવણને મદદ કર કે દુન્યામાં નામ કાઢે."

તે તારા સમ ચશ્મો એ સાંભળતાં ઉલટમાં ચમકી રહી. તે મખમલ સમ રૂખસારો લાલ બન્યા અને તે પરવાળા સમ હોઠો મલકાઇને હસ્યા.

"ઓ, એ વિચાર તો મને થયોજ નહીં," તે બોલી, "હું જરૂર તેમ કરશ, સુનામાય," અને એ રીતે તેણી સાથે વાતો કરી તેણીને જલદીથી તૈયાર થઈ નીચે આવવાનું કહી સુનાબાઇ ત્યાંથી ચાલી ગયાં.

તેણી એકલી પડતાં ઉલટથી તૈયાર થવા લાગી. તદન બંધબેસ્તાં એક કાળાં સેટીનનાં જમ્પર સાથે તેણીએ તેવીજ કાળી સેટીનની ઉંચામાંની સ્વીટ-ઝરલેન્ડની કોરની સાડી પહેરી હતી. તેણીની ગુલછડી જેવી ગરદન અને સુફેદ ભરેલા નાજુક હાથો આરસપહાણ માફક ચમકી રહયા હતા. પોતાનાં સોનેરી સુંદર ઝુલફાં તેણીએ સાડિમાંના એક ઝીણા સેતા સાથે ઢીલા કાન ઉપર પડતા બાંધી લીધા. અને શોગમાં હોવાથી ઘરેણાં કશાંજ નહીં પહેરતાં એક મોટો રાતો ગુલાબ તેણીએ પોતાના જમ્પરમાં અને બીજો પોતાના ઝળકતાં ઝુલફાં વચ્ચે ખોસી લીધો. ત્યાર બાદ તે સરસર દાદર ઉતરી નીચે આવી.

તે ખાણું શાંત રીતે પસાર થયું. સરદાર જીજુ પોતાની સુંદર પિત્રાઈ માટે મગરૂર દેખાયો, જ્યારે તે ખુબસુરત મર્દાનગીભર્યા ચેહરા ઉપર પળે-પળ તે પ્યારઘેલી છોકરી મોહીત થતી ગઇ.

તે દીવસ ગરમ અને ઉકળાટવાળો હતો. એટલે જમીને ડ્રોઇંગરૂમમાં

આવતાંજ એક બારીક સ્કાર્ફ પોતાના ખભાં ઉપર નાખી લઇ જર બાગમાં ઉતરી પડી. થોડીજ પળે તેણીએ કોઈ મજબુત પગલાંનો અવાજ સમજ્યો અને બીજીજ પળે સરદાર જીજુને પોતાની પાસે આવી ઉભેલો જોયો.

"હું ગુડબાય કરવા આવ્યોછ, જરબાનુ," તે બોલ્યો, "સવારે હું અતરેથી ઘણો વહેલો જવશ તેથી તમોને મળી શકશ નહીં. તમને હું દરેક સુખ ઇચ્છુંછ, બહેન, આપણે મોટાં અને સાચાં મીત્રો થઇશું અને હું ઉમેદ રાખુંછ કે વારંવાર આપણે મળતાં રહીશું. ગુડબાય, જરબાનુ."

તેણીએ પોતાની લીલી દરાખ જેવી આંખો ગંભીર રીતે તેની તરફ ફેરવી. ગુડબાય બોલતાં તે પરવાળા સમ હોઠો ધ્રુજ્યા, અને તેના રાથોડી હાથમાં મુકાયલો તે કોમળ કર દેખીતી રીતે થરથર ધ્રુજ્યો, પણ સરદાર જીજુ એ બધાંનો અર્થ કશોજ સમજી શક્યો નહીં.

"ગુડબાય, જીજુભાઈ," તે બોલી, "અને તમે જ્યાં બી જાઓ ત્યાં ગોડ બ્લેસ યુ."

બીજીજ પળે તેઓ બંને છુટાં પડયાં.

---

## પ્રકરણ ૨.

—:૦:—

સરદાર જીજુ જ્યારે પોતાના રૂમમાં તે રાત્રે આરામ કરવા ગયો ત્યારે સાંજની ડીલીવરીમાં આવેલાં ટપાલના કાગળો તેણે સાઇડમાંની એક રાઈટીંગ ટેબલ ઉપર મુકાયલાં જોયાં. તે બધાં કાગળોમાંથી એક તેની ચગોર ચશ્મો એ જોઇ લીધું અને ઝટ તે ઉપાડી એક સ્કુલબોયની ખુશાલી વચ્ચે બોલી તેણે તે વાંચવા માંડયું.

**"માહરા વહાલામાં વહાલા જીજુ,**

મીસીસ હીરામાણેકને મેં નોટીસ આપી દીધી છે, ને આવતે મહીનેની તા૰ ૧ લી થી હું છુટી છું. તેવણે મને ઘણી બોહશ કરી

ને વધુ રાખવા માંગી, પણ હું મક્કમજ રહી. ઓ જીજુ, માહરૂં ભવિશનું સુખ હું યાદ કરૂં છું ત્યારે સુખથી ધ્રુજુંછ. બીજે દોહરજ મહીનો, ને આહ—જીજુ, વધારે હું લખી શકતી નથી એટલી હું સુખી છું. તમને હું લખવા કહેતી નથી, કેમકે હું જાણુંછ કે વખત મળતાંજ તમો માહરી ઉપર લખ્યા વગર રહેવાનાજ નથી. માહરા સાચા દીલના પ્યાર સાથે તમને ચાહતી, તમારી ઉપર વિશ્વાસ રાખતી, અને તમોને મલવા આતુર, હંમેશની તમારીજ,

બાનુ."

તે જવાન માણસે આ નાહનું પ્રેમપત્રીકા પ્યારથી ચમકતી આંખોએ અને સુખમાં ઠરી રહેલા ચહેરા સમેત વાંચી પુરૂં કર્યું.

"માહરી બાનુ," તે બોલ્યો, "માહરી પોતાની બાનુ, માહરે આ બીના એને જણાવવી જોઇએ. ગરીબ છોકરી, બે મહીનામાં તો તે સરદાર જીજુને પરણી દાદાશેઠ હોલના શેઠાણી દાખલ ચહેલમહેલ કરવાની આશામાં હશે ને આ જાણી કેવી નિરાશ થશે—છતાં માહરી ખાતરી છે કે તે મને ઓછી ચાહવાની નથી—માહરી સાચાં જીગરની, વફાદાર પુતળી."

તે થોડી પળ તેણીનોજ વિચાર કરતો ચુપ બેઠો.

"માહરી ખુબસુરત બાનુ," તે વળી પાછું બબડયો, "ગરીબ છોકરી કેવી નિરાશ થશે. ને બે મહીનામાં તો અમે પરણવાનાં છૈએ."

એ વિચાર થતાં તેને પોતાના કાકાનું વીલ યાદ આવ્યું—તે સાથો-સાથ ફરમાવેલી શરત—સુંદર જર અને બાવીસ લાખ રૂપીઆ એકાએક તેને યાદ આવ્યું.

"જેહાનમ જાય એવી દોલત અને પૈસા," તે એ પછી એકાએક પોતાનું માથું મગરૂરીથી ખડું કરતાં બોલ્યો, "માહરી બાનુ તેજ મારી દોલત છે. તેના વગર હું જીવી શકું નહીં. ભલે ગરીબ તો ગરીબ—ભલે કરજના ટોપલા માહરે માથે ચઢે, ભલે સરદાર મહેરનોશના બાવીસ લાખ

મારા હાથમાંથી જાય, માહરી બાનુ મને મળશે તો બસ છે—તેજ બસ છે."

તે થોડીક પળ વળી પાછો પોતાના મીઠા મધુરા ખ્યાલોમાં ઉતરી ગએલો જણાયો.

"માહરી મધુરી બાનુ—માહરી મીઠી ડારલીંગ," તે બબડયો, "મારી ખાતરી છે કે તે મને માહરા ટાઇટિલ કે પૈસા માટે ચાહેજ નહીં. તે તો મને પોતાનેજ ચાહે છે."

તેની લવ–સ્ટોરી તાહરે જાણવી છે ઓ વાંચનાર? તે બાનું કોણ કેવી અને કયાં તેને મળી તે તાહરે જાણવું છે? તો સમજ—

તે ગુજરાત તરફ ફરતો ફરતો એક વાર અમદાવાદ જઈ લાગ્યો. કેપટન દસ્તુર તેનો ઘણો પુરાણો મીત્ર થતો હતો, અને હાલ તે અમદાવાદ કેંપ મધે પોતાની મોહરદાર અને બે નાહનાં બાળકો ફ્રેડી અને ફ્રેની, જોડે ખુબ દમામથી રહેલો હતો. ઠંડીનાં તે રળીઆમણાં દીવસ હતા, કે જયારે અમદાવાદની બલીહારી જોવાજોગ હોય છે. ગુલાબી ઠંડીથી દરેકનાં મોઢાં તાઝગીભર્યાં અને તંદુરસ્ત જણાતાં હતાં; કોનસર્ટો, ટેનીસ ટુરનામેન્ટો, અને શેકાર પારટી ગોઠવાવા માંડી હતી. કેપટન દસ્તુર પોતે એક અચ્છો નિશાનબાજ અને ખરો સ્પોર્ટસમેન હતો, અને તેથી પોતાનાંજ જેવા બેચાર દોસ્તોને તેણે અમદાવાદની તે સીઝન દરમ્યાન તેડયા તેમાં, જીજુ દાદીશેઠ પણ એક હતો.

તેને ત્યાં ઘણી ગમ્મત પડી. કેપટન દસ્તુરનાં કુશાદે મકાનમાં તેણે એક મોટી જેવી પારટીજ જોઈ. મરદો તેને ચાહતા અને તેની કંપની શોધતા કેમકે તે એક સ્પોર્ટસમેન હતો. ઓરતો તેની ખુબસુરતી અને તેની સભ્યતા ઉપર દીવાની થઈ જતી. મગર જીજુ દાદીશેઠની આખી જીંદગી દરમ્યાન એક બી વખત એવો હતો નહી કે જેમાં તેણે કોઈ બી છોકરી સાથે ઘેલાંચેડાં કાઢયાં હોય. તેનાં આઇડીઅલ્સ ઘણાં ઉંચા હતા. તેનો ખવાસ ઘણો મગરૂર સ્વસ્છ અને નોબલ હતો. એટલે દરેક સાથે ઘેલાંચેડા કાઢવાની હલકી વર્તણુંક તે પોતાનાં દરજ્જાથી ઉતરતી સમજતો.

એક દીવસ જરૂરનાં ટપાલનાં કાગળ તાબડતોબ લખવાનાં હોવાથી તે, તે દીવસે બીજા ગ્રહસ્થો જોડે શેકાર ઉપર ગયો નહી. અને પોતાનું કામ આટોપી લઈ, તે કેમ્પનાં મેદાનમાં, ધીમે અવાજે વીહીસ્લ કરતો, અને એક હાથમાં લાકડી ધુમાવતો ફરવા નિકળી પડયો.

તે ભાગ્યે પા માઇલ ચાલ્યો હશે તેટલાં તેણે બે નાહનાં બાળકોને લઈ સામેથી એક પીકચર જેવી સોહામણી છોકરીને આવતાં દીઠી.

આહ શું તે ચેહરો હતો! બીલકુલ સ્પેનીશ ઢપનો, પીકચર ગેલેરી-માંજ મળી શકે તેવો તે એક નાદર નકસ હતો. તે ચામડીનો રંગ દુધ અને ગુલાબી ફુલની મેળવણીનો ખ્યાલ કરાવે તેવોજ હતો. ખુબસુરત કપાળ, સીધ્ધાં ભવાં, અને ઘેરા રંગની નરગેશનાં ફુલ જેવી, સામા માણસનું જીગર આરપાર વિંધી નાખે તેવી તે ચશ્મો, લાંબા ખુબસુરત પાપણો નિચે ઢંકાયલી હતી. તેણીનું માથું ખુલ્લું સોડ કર્યા વગરતું હતું જેના ભરાવદાર વાળો કાળા ભમ્મર જેવા ને ચકચકીત જણાતા હતા. તે એક અવ્વલ નંબરની ખુબસુરતી સાથનો, બીલકુલ પુતળાં જેવો સંપુર્ણ ચેહરો, અને ડ્રેસ હતી. ઘેરા નેવીબ્લુ રંગની સાદી સાડી અને સુફેદ મઝલીનનાં એક સાદાં પણ સ્ટાઇલીશ જમ્પરમાં તે સજ્જ થએલી હતી. તે પારસી સુંદરી ઉપર નજર પડતાંજ જીજુ દાદીશેઠ અજબ થતો એકાદ પળ, સભ્યતાથી પણ વખાણુથી તેને જોયા વગર રહયો નહી.

તેની પાંખડીએ વળગી બે બાળકો ચાલતાં હતાં એક છ વર્ષની છોકરી હતી, જ્યારે બીજો ત્રણથી ચાર વર્ષનો બાબો હતો. તેને જોતાંજ પેલી બેબી તે બાનુનો હાથ છોડીદઈ મીઠું હસ્તી જીજુ આગળ દોડી આવી.

"ઓ શું તમે મને ઓળખતા નથી, મી૦ દાદીશેઠ?" તે બેબી બોલી, "હું ફ્રેની દસ્તુર છેઉં. કેપટન રૂસ્તમ દસ્તુરની છોકરી, ને હું રોજ તમોને દુરથી ડ્રોઇંગ રૂમમાં બધાંને હસાવતાં જોઉં છ"

અલબત તેણે તેણીને ઓળખી. તે બન્ને બચ્ચાંઓ પોતાનાં યજમાનનાં

હતાં તે તે જોઈ શકયો મગર તેઓ સાથે આ પરીસુરત છોકરી કોણ? તેવામાં પેલી બાળકી પાછી બોલી.

"મી૦ દાદીશેઠ તમે વખતસર આવ્યા." તેણીએ કહ્યું. "જુવોની ફ્રેડી દોડતાં પડી ગયો ને તેને બચાવવા જતાં મીસ મોદીને હાથમાં સખત વાગ્યુંછ ને લોહી નિકળેછ."

એ મીસ મોદી કોણ હતી તે જાણવા તેણે તેણી તરફ જોયું. અને વાંસળી જેવા એક મધુરા અવાજે તેને કહ્યું.

"હું મીસીસ દસ્તુરનાં બચ્ચાંઓની ગવરનેસ છેઉં."

તે નમ્યો. જાંણે એક રાંણી કે શેહાજાદીને નમન કરતો હોય એટલી છટાથી.

"મને તમારો હાથ જોવા દેશો મીસ મોદી?" તેણે કહ્યું. "હું કેપ-ટન દસ્તુરનો મહેમાન છું, ને તમોને મદદ કરવાની માહારી ફરજ છે."

તે નાઝનીને સહેજ અચકાઇને પોતાનો હાથ તેની સામે ધર્યો જે ગોળ ગોરો નાજુક કર પોતાનાં રાથોડી પંજામાં લેતાં તેણે મનથી પુછયું કે શું કદીબી કોઇનો હાથ આટલો સુંદર ને મરોડદાર હશે?

તેણે તે નાજુક લોહી ઝઝરતો હાથ પોતાનાં રૂમાલ વડે સફાઈથી બાંધી લીધો, અને પછી પોતાની આંખો ઉઠાવતાં તે જોઈ શકયો કે તેણીને ઘણો દુ:ખાવો થતો હોય તેમ તે નાજુક હોઠો ચપટ બીડાયલા હતા અને તે ચેહેરા ઉપરનો ગુલાબી રંગ ઉડી ગયો હતો.

"ઘણું દુ:ખેછ?" તેણે પુછી જોયું. "હું તમારે માટે બીજું શું કરી શકું, મીસ મોદી? ઘેર જઈ ગાડી મોકલાવું? તમારો જીવ ફરતો હોય ને નહી ચલાતું હોય તો જરા બેસી જાઓ."

તે કડવાસથી હસી.

"થેંક યુ," તે બોલી "મને તો ચાલવાની આદત છેજી."

"ચાલો ત્યારે આપણે સાથેજ ઘેર જઇએ." તેણે કહ્યું. અને તે ખુબસુરત દમામદાર માયાળુ ચેહેરામાં જોતાં તે મીસ મોદી–બાનુ મોદી તે માંગણી નામંજુર કરી શકી નહી.

જીજુ દાદીશેઠ તે સવાર જીંદગી સુધી ભુલ્યો નહી. તે શાંત ઠંડી સવાર તે ઝાડોની ઘટાથી છવાયલો કેંપનો રસ્તો તેની બાજુમાં ચાલતાં પેલાં નાનાં નિર્દોષ બે બાળકો, અને તેઓ જેટલીજ નિર્દોષ દેખાતી પેલી અપ્સરા જેવી બાનુ મોદી! તેણીનું મીઠું હસવું, તેણીનું નરમ બોલવું, અને તેણીનો તેજસ્વી દેખાવ કોઈ દીવસ નહી કરેલી અસર તેની ઉપર કરી રહી.

ઘર આવી લાગતાં તે તેણી તરફ ફર્યો.

"કેટલું જલદી ઘેર આવી ગયું." તે બોલ્યો.

"હા મને બી તેમજ લાગેછ," બાનુ મોદીએ એવી તો નિર્દોષ દીલજીત રીતે જવાબ કર્યો કે તે જવાબ અને તે મીઠું હસવું ત્યાર પછીથી તેનાં કાનમાં ગણગણ્યાજ કર્યું.

બસ તેજ દીવસથી તેને એક જાતની બોખારજ જાણે લાગુ પડી—તેનાં જીગરમાં એક ઠંડી આગ જળી રહી. ફરતાં હરતાં, જાગતાં સુતાં બસ મનમોહન બાનુ મોદીનો ચેહેરો તેની નજર આગળ ભમતો થયો. તેણીને ફરી એક વાર મળવાનો તેણે ઠરાવ કર્યો.

ક્રીસ્ટમસનાં દીવસે ત્યાં બાળકોનો એક કોનસર્ટ થવાનો હતો. એ અતરાફનાં બધા યુરોપીઅન ઓફીસરોનાં બચ્ચાંઓ તે જલસો કરનાર હતાં, જેમાં સઉનાં માનીતા કેપટન દસ્તુરનાં બન્ને બચ્ચાંઓને પણ સામેલ કર્યાં હતાં. એક સવારે જવાન અને કરડી મીસીસ દસ્તુર, તે કોનસર્ટમાં કઈ જાતનો ફેન્સી ડ્રેસ છોકરાંઓને પહેરાવવો તેનો કાંઈ નમુનો એક ચોપડીમાંથી જોતી હતી. જેવામાં એક તરાહ તેણીને પસંદ આવી, અને શું ફેરફાર તે પોશાકમાં કરવો તે દરજીની દુકાન ઉપર જઈ જાતે સમજાવી આવવા ખાતર તેણીએ છોકરાંઓની ગવરનેસને બોલાવી મંગાવી. જીજુ મોદી તે વેળા ત્યાંજ હતો.

તે આવી. ઘરનાં સાદા ઠઠેરામાં અજબ સુંદર દેખાતી તે ગંભીર ચેહેરે ત્યાં આવી ઉભી. મીસીસ દસ્તુરને ફરજ્યાત તેણીને જીજુ સાથે ઓળખાણ કરાવવીજ પડી. અને તેણીએ તેમ કાંસી કરાંજીને કર્યું.

એ પછી જે કામ માટે તેણીએ તેને બોલાવી હતી તે સમજાવ્યું અને એકાદ પળ તે કાંઈ કામસર એ પછી અંદર ગઈ એટલે તેઓ—જીજુ દાદીશેઠ અને બાનુ મોદી એકલાં પડયાં.

"મીસ મોદી," તેણે કહ્યું. "મીસ મોદી આ ઘડીની હું આતુરતાથી રાહ જોઈ રહ્યો હતો કે જ્યારે તમને એકલાં મળી શકું."

એ સાંભળી તે સુંદર ચેહેરો એકાદ પળ ધમધમીને લાલ અને પછી ફીક્કો પડયો જ્યારે ઓશકથી તે મનોહર ચશ્મો નિચી ઝુમી પડી.

"તમને એકજ વાર મળ્યા પછીથી," જીજુએ કહ્યું. "તમારો ચ્હેરો મને યાદ આવ્યાજ કરેછ. તમને હું ભુલી શકતો નથી. મારે તમને એકલું મળવું છે. મારે તમોને કાંઈ કહેવું છે. બોલો તમે મને કયાં મળશો કયારે મળશો મીસ બાનુ?"

"માહારો વખત માહારો પોતાનો નથી." તે તારૂણી ધ્રુજતા સ્વરે અને નિચી નજરે બોલી. "હું છોકરાંઓ સાથે આખો વખત રોકાયલી રહું છુંજી."

"ને ધારો કે તમને વખત ફાજલ હતે," તેણે કહ્યું. "તો શું તમે મને મળતે? તમારી રાજીખુશીનું મળતે?"

"હા," તે બહુજ ધીમું બબડી.

"તમે કેટલે વાગે ફુરસદ પામોછ?" તેણે પુછયું.

"છોકરાંઓને સાંજે જલદી જમાડી લેવાનો કાયદો છે. ફ્રેની ને ફ્રેડી સાડા છ વાગે જમેછ, ત્યાર પછી અડધો કલાક રમેછ ને સાડા સાત સુધીમાં બીછાણે જાયછ, એ પછી મને ફુરસદ હોય છે."

"મીસ મોદી," તેણે એવા તો ગંભીર સાદે કહયું કે તેણી ચોંકી, "મીસ મોદી જો હાલ તમારાં મમાં અહીં હતે તો તેવણુ આગળ હું એક અરજ કરતે, મીસીસ દસ્તુર આગળ હું તે કરી શકતો નથી કેમકે તેવણુ તો નાજ કહે—તમારી આગળ હું તે અરજ કરૂં ?"

"એવું તે શું તમે કહેવા માંગોછ ?" તેણીએ નરમીથી પુછ્યું.

"એટલુંજ કે મને એકાંતમાં એક દસ મીનીટ આપો;" તે બોલ્યો.

"પણ મને ટાઇમ નથી," તેણીએ વાંધો લીધો. "ને સાડા સાત પછી તો ઘણું લેટ કહેવાય."

"કાંઈ નહી," તે બોલ્યો. "માહરે ખાતર એટલું કરો. ડુ પ્રોમીસ મી."

"મને કહો કે હાલ માહરી જગ્યાએ તમારી પોતાની બહેન હતે," તે બોલી. "તો તમે તેને શું સલ્લાહ આપતે ?"

તે થોડીક પળ વિચાર કરતો લાગ્યો.

"જે મતલબથી, જેવી રીતે હું તમોને પુછુંછ, તેવીજ રીતે જો કોઈ માહરી સગી બહેનને પુછતે તો તેને હું મળવાનીજ સલ્લાહ આપતે." જીજુએ કહયું. "મને હા કહો બાનુ."

તે હજી અચકાતી લાગી.

"મને હા કહો," તે પાછું બોલ્યો. "તમે કાંએ અચકાવોછ ? હું એક ગ્રહસ્થ આદમી છેઉં, અને કદી તમોને ખોટી સલ્લાહ આપું નહી. એકજ વખત મને મળો ને તમારી ખાતરી કરો."

તેણે પોતાનાં ખુબસુરત ચેહરામાં લાલ થતાં, તેણીનો એક હાથ પોતાનાં હાથમાં લીધો જ્યારે તે મીઠા ચેહરા ઉપર ટીકાયલી પ્રમાણીક આંખો પ્યારનાં પ્રકાશમાં ચમકતી જોવાઈ.

"હું આવશ," તે અંતે ધીમે નરમ સાદે ઉંચું જોવાની હિમત કર્યા વગર બબડી. "આજે સાંજે પોણા આઠ વાગે બંગલાની પછવાડે વડનાં

ઝાડોનાં છાયામાં હું આવીશ." અને હજી તો તે ભાગ્યે એક થેંકયુ સાથે તેણી પાસેથી હટી જાય તેટલા માકા દસ્તુર અંદર આવ્યાં.

## પ્રકરણ ૩.

—:o:—

તે કલાકો જવાન જીજી દાદીશેઠે કેમ પસાર કર્યા, તે તે એકલોજ જાણી શકયો. તે મામુલી ગડબડ સાથનું લંચ ખતમ થતાં તેને એક ફ્રેન્ડ બીલીઅર્ડ રૂમમાં ઘસડી ગયો. ત્યાર બાદ તે પોતાનાં ઓરડામાં ગયો. એ પછી ખુશ ટાહેલાંમાં ચાહનો વખત પુરો થતાં, સાંજને છેડે, તેઓ બધાં કલબમાં ગયાં. દસ્તુર ફેમેલીને ત્યાં ડીનર અલબત નવ વાગ્યે થતું. પણ બધાં એટલા છુટા વિચારોનાં હતા કે કલબમાંથી કે ફરીહરીને સૌ સૌને ગમે તે ટાઇમે ઘરે આવતાં. એમ થવાથી જવાન જીજી તે સાંજે ટેનીસનાં એકાદ બે સેટ રમીનેજ સાત વાગ્યામાં નાહસી આવ્યો, ને પોણા આઠ થાય તે પહેલાં તો ચાંદની રોશનીમાં પેલાં વડનાં ઝાડો નિચે ફેરા ફરવા લાગ્યો.

તે આવી. તે ઝાંખા ઉજાસમાં એક પરી જેવી દેખાતી તે મધુરી પોતાની મરોડદાર ચાલે ચાલતી આવી. અને તેઓ મળ્યાં.

"બાનુ," કાંઈ પણ ખુલાસા વગરજ જીજી દાદીશેઠે કહયું, "હું તને ચાહું છું. તું માહરી સાથે પરણશે?"

"મને ચાહોછ? મને?" તે અજબ થઈ, "તમે ફકત મને બેજ વખત તો મળ્યા છો, ને તેટલી વારમાં તમે માહરી દરકાર કરતા થયાછ મી. દાદીશેઠ?"

"બાનુ," તેણે કહયું. "મને કહે રોમ્યો જુલ્યટ ઉપર મોહીત થયો ત્યારે કેટલી વાર તે તેણીને મળ્યો હતો? ફકત એકજ વખતની? ભલે માહરો પ્યાર ટુંક મુદતનો હોય પણ બાનુ ખાતરી રાખજે કે તે જોરાવર બળવાન અને સદાકાળ નિભે તેવોજ છે."

તે પ્રમાણીક ચશ્મો અને તે ખુબસુરત ચેહરો જોતાં તેણીએ તે બરાબર માન્યું.

"અને તું ?" તેણે પુછયું, "તું શું મારે માટે દરકાર કરી શકશે નહી, બાનુ ?"

"કોણ જાણે," તેણીએ કહયું. "હું કહી શકતી નહી. હું તો ફક્ત એટલુંજ જાણુંછ કે માહરૂં હેત જેને હું ચાહું તેને માટે ઘણું ગંભીર નિવડે. લોકોની માફક "લાઇટલી" હું તે લઈ શકું તેવો માહરો ખવાસ નથી. હું તો જેને ચાહું તેને માહરૂં આખું બધું જીગર અર્પણ કરી દેઉં, તેને માટેજ જીવું-તેજ માહરો જીવ, માહરી દુન્યા, માહરૂં બેહસ્ત થઈ પડે."

"અને એજ રીતે એક પરણેતરે પોતાનાં પતીને ચાહવો બી જોઇએજ." તેણે કહયું, "બોલ તેવો પ્યાર તું મને આપી શકશે ?"

તે મીઠી ચશ્મો નિચે નમી પડી. તે સુંદર માથું વધુ નિચું ઝુક્યું. અને એક ચુગલીખોર રતાશ તે ચેહરા ઉપર ધાઈ આવ્યો, જે અંધારૂં હોવાથી જીજુ જોઈ શકયો નહી.

"ઓ મી० દાદીશેઠ," તે અંતે બોલી. "તમે એક માનવંત કુટુંબના નબીરા, એક મોટી મીલકત અને ખેતાબનાં ભવિશનાં વારેસ, તમે મને કેટલી બધી ચીજથી નવાજી શકો તેમ છે જ્યારે હું-હું એક ગરીબ ગવરનેસ તમને શું આપી શકવાની બી હતી ?"

"તું જો માહરી થાય," જીજુએ કહયું, "તો બાનુ, કિમતીમાં કિમતી એક ખજાનો તેં મને આપેલો કહેવાશે. મને હા કહે સ્વીટહાર્ટ, એવા દીવાનાં જોશથી માહરૂં દીલ તાહરી તરફ ખેંચાઈ ચુકયું છે કે હું હવે તાહરા વગર જીવી શકીશ નહી."

"પણ-પણ લોકો શું કહેશે ? તમે આવા માનવંત અને હું એક ગરીબની છોકરી છું." તેણીએ પાછો વાંધો બતાવ્યો.

"તું ખુબસુરતીઓની ખુબસુરતી છે, તું ઓરતોની સરદાર છે, તું સૌથી એક નોબલ લેડી છે, અને મારાં જીગરની રાણી છે તો પછી લોક ગમે તે બોલે તેની મને ભલ પરવાહ છે."

કેપટન દસ્તુરને ત્યાં બધા ઇંગ્લીશ કાયદા અને ઇંગ્લીશ રીવાજ પ્રમાણે ઘરમાં કામ ચાલતું હતું. તેથી જમવા પહેલાંનો ડ્રેસીંગ બેલ થયો તે જીજુએ સાંભળ્યો અને હવે તેથી ઉતાવળ કરવી તેણે વાજબી ધારી.

"એક બોલ તો મને આશાનો કહે," તે કગલ્યો. "બાનુ, એટલી સખત ના બન. તું વિચાર કરજે ને પછી મને જવાબ આપજે પણ એ માહારી મીઠી આશાનો એક બોલ તો કહેતી જા. બોલ તું માહારી ઉપર લખશે?"

એકાદ પળ અચકી તેણીએ તેની તરફ જોયું.

"તમારી એમજ મરજી છે તો હું લખીશ," તે એ પછી વિચાર કરી લેતાં બબડી. "અને હવે માહારે ઘેર જવું જોઇએ. ગુડબાય મી૦ દાદીશેઠ."

"મને જીજુ કરી કહે," તેણે કહ્યું. "બોલ ગુડનાઇટ જીજુ."

"ગુડનાઇટ જીજુ." તે મીઠા સાદે તે નામ બબડી અને પોતાની હિમ્મતથી પોતેજ ડરી ગઈ હોય તેમ દુરથીજ સાહેબજીમાં પોતાનો હાથ હલાવી તે એક હરણીની ચપળતાથી ત્યાંથી નાહાસી ગઈ.

તે એમ નાહાસી તો ગઈ. પણ પોતાનાં ઓરડાનાં એકાંતમાં જતાં એક જાતની નહિ સમજી શકાય, નહી ખમી શકાય તેવી બેચેની અને અધીરાઈ તેણી ઉપર ગાલેબ આવી. તે રાત્રે તે સુઈ શકી નહી અને જ્યારે સુતી ત્યારે તેણીનાં મીઠાં સ્વપના જવાન જીજુને લગતાજ હતા. એ શું?

વળતા ત્રણ દીવસ તેઓ મળ્યાં નહી. અને એ ત્રણ દીવસમાં સુંદર બાનુ એક અજબ સુખી સ્વપનામાં જીવતી હતી. રાત દીવસ જીજુ દાદીશેઠનો વિચાર અને ચેહેરો તેણીને સંતાપતો થયો. તેને મળવા તે અધીરી બની. તેનાં વગર તેણીને ચેન પડતું નહોતું. અને પોતાની એ લાગણીથી તાજુબ થતી એક સાંજે તેણીને પોતાની બેકરારીની સમજ પડી ગઈ.

તે ગરમ લાગણીઓની, જુસ્સાવાળી, ઉતાવળી, આકળી અને ખરા પ્યારથી ચાહી જાણનાર છોકરી હતી. જવાન જીજુ માટે પોતાની લાગણીની ખાતરી થતાંજ તે હવે થોભી નહીં. જ્યાં બીજી છોકરી કુદરતી અચકાતે અને પોતાના વાહાલાની બોલવાની રાહ જોઈ બેસતે, ત્યાં સુંદર ગરમ જુસ્સા વાળી બાનુએ તેમ કર્યું નહી. તેણીએ નિચલી લીટીઓ તાબડતોબ તેનાં ઉપર લખી વાળી.

"વાહલા જીજુ,

માહારે તમને કાંઈ કહેવું છે. તમારી બધી નિરાશી ભુલી જજો. તમારે માટે હું ઘણીજ ઘણીજ દરકાર કરતી થઈ છું.—તમને ચાહું છું. અને તમે ચાહો ત્યારે તમારી થવા તૈયાર છું.

લી૦ **બાનુ.**"

આ પત્ર વાંચતાંજ જવાન જીજુની જીંદગીજ જાણે ફરી ગઈ. તે હરખથી દીવાનોજ બન્યો અને તેણીને મળવાની તક શોધવા લાગ્યો.

તે તક ધારવા કરતાં વહેલીજ મળી ગઈ. તે સાંજે પારસી જીમખાનામાં કાંઈ મેળાવડો અને છોકરાંઓની રમતગમત હતી. કેપટન દસ્તુરને ત્યાંથી બધાં જવાનાં હતાં. જેવામાં નાહાની ફેનીને સખત શરદી ને સરક્રમ થઈ આવ્યો એટલે મીસીસ દસ્તુરે નક્કિ કર્યું કે ફ્રેડીને તે પોતાની સાથે લઈ જશે જ્યારે ફ્રેનીએ તેની ગવરનેસ સાથે તે સાંજે ઘરમાંજ રહેવું.

એ સાંભળી જીજુ પોતાનાં યજમાન તરફ ફર્યો.

"હું બી આજે ઘેરમાંજ છેઉ રૂસ્તમ," તેણે કહ્યું. "એટલે બેબી ફ્રેની માટે નચિંત રહેજો."

રૂસ્તમ દસ્તુર ખુશાલ હસ્યો.

"તું ને ગમે તેમ કર, દોસ્ત." તે બોલ્યો. "પણ કાંએ વળી શું છે? ઘેરમાં રહીને શું લવલેટર લખવાનો છે કે?"

"તેવુંજ કાંઈ છે તો ખરૂં," જીજુએ રમુજ કરી અને તે બન્ને મીત્રો ખુશાલ હસી પડયા.

સાંજનાં પાંચેકને સુમારે તેઓ બધાં પારસી જીમખાનામાં ગયાં. અને અડધો કલાક રહીને જીજુ, બચ્ચાંઓની નરસરી રૂમ જ્યાં આવ્યો હતો તે તરફ ગયો અને બારણું ઉપર ટકોરા માર્યા જેનાં જવાબમાં નાક ઉપર આંગળી મુકી ચુપ રહેવાની અસારત કરતી બાનુ દોડી આવી.

"ફ્રેની સુતેલી છે," તે ધીમે સાદે બોલી, "પાસેના રૂમમાં આવો જીજુ, કે એને ડીસટર્બ નહી થાય."

તેઓ મળ્યાં, અને એ સીન લંબાવવાની શું જરૂર છે? જેઓને અનુભવ હશે તેઓ સમજી શકશે, બીજાઓ કલ્પી શકશે, એટલે વગર અગતે હું લંબાણ કરીશ નહી.

"જીજુ," બાનુએ થોડી વાર રહી સુખનાં એક પ્રકાશીત હસ્વાં સાથે કહ્યું. "ખરો પ્યાર સ્વભોગી હોય છે. અને તમારા લાભની વચ્ચે આવવા કરતાં દસ વાર હું સ્વભોગ આપવા ખુશી થાઉં."

"હું તે માનુંછ," તેણે કહયું. "પણ તું કહેછ તેમ કોઈબી મારા લાભની વચ્ચે તું આવતી નથી. ખરૂં છે કે હું મારા કાકાનો વારેસ છું પણ હું સ્વતંત્ર છું. મને મનગમતી મોહરદાર ચુંટવાનો દરેક હક અને છુટ છે."

"તમારા કાકા શું વાંધો લેશે નહી?" તેણીએ પુછ્યું.

"ખચ્ચીતજ નહી." તે બોલ્યો. "ને ચાલ હવે એવી જુઠી બકવા છોડી દે ને મને વચન આપ કે તું મારી સાથે પરણુશે. બોલ ફરીથી મને બહેસ્તનું સુખ આપતા તે શબ્દો બોલ."

"હું તમારી સાથે પરણીશ જીજુ ને માહરા જીંદગીનાં છેડા સુધી તમને ચાહીશ."

"ત્યારે આપણાં અદરાવાની ઇધાણી દાખલ આ મને તાહારી આંગળીએ પહેરાવા દે." તે બોલ્યો. અને પોતાનાં આંગળેથી એકજ મોટા હીરાની વિંટી ખેંચી કાઢી તેણીનાં ડાબા હાથની ત્રીજી આંગલીમાં પહેરાવી જે ડબલ મોટી પડતાં તેઓ બન્ને હસ્યાં.

"તું હવે આ નોકરી છોડી દેજે બાનુ." તેણે સમજાવ્યું. "કાલેજ મીસીસ મોદીને નોટીસ આપજે. ને જેવી તું છુટી થશે તેજ દાહાડે આપણે પરણી જઇશું."

તેણીએ તેમ કરવાનું વચન આપ્યું. અને થોડી વારની બીજી અનેક મીઠી વાતચીતો અને ગોઠવણો પછી તેઓ છુટાં પડયાં.

———:(૦):———

## પ્રકરણ ૪.

———:૦:———

ઘણું નહી ધારેલું બન્યું. નાહની ફ્રેનીની શરદી વધી ગઈ અને તે ઉપરથી તે બચ્ચું વધારે બીમાર થયું. આખો વખત તે નાહનાં હાથો બાનુને ઝાલી રાખતા અને મીઠી બાનુ રાત અને દીવસ ખડે પગે તે બચ્ચાંની માવજત કરતી એવી રોકાઈ રહેતી કે પોતાનાં વાહલાને મળવાની તેણીને ફુરસદજ મળી નહી.

છેક એક અઠવાડયે ફ્રેની જરા ઠીક થઈ. અને ઘણે દીવસે બધાં પાછાં નાસ્તા ઉપર ખુશાળ ટાહેલાં કરતાં બેઠાં. કેટલાંક પરોણાં હવે ચાલી ગયાં હતાં. ફકત જીમી કુપર અને શીરીન બામ તથા જીજુ દાદીશેઠ એટલાંજ બાકી હતાં.

અડધોક નાસ્તો થયો હશે તેટલામાં, બટલર દાખલ થયો અને ચાંદીની એક સાલવરમાં, જીજુ આગળ એક તાર ધર્યો.

અજબ થતાં તેણે તે ખોલ્યો. કોઇ બી કામકાજના તારની તેને

અત્યારે આશા નહોતી. તેણે નિચે મુજબ તે વાંચ્યો તે તેઓનાં કુટુંબી સોલીસીટર ફ્રામરોઝ નિકળસન તરફનો હતો.

"તમારા કાકા મેહરનોશ દાદીશેઠ હક થયા છે. તમારી હાજ-રીની જરૂર છે.

નિકળસન-સોલીસીટર."

"હું આશા રાખુંછ કે કાંઈ ખરાબ ખબર હશે નહી." માકી દસ્તુરે મીઠાસથી કહયું.

"હં-તેવુંજ કાંઈ છે," જીજુએ પોતાની નાસ્તાની પ્લેટ ખસેડી નાખતાં કહ્યું, "માહરા કાકાનાં માઠા સમાચાર એમાં લખાઈ આવ્યા છે, ને આજે રાતની મેલમાં હું મુંબઈ જઇશ. બીજી કોઈ બી ટ્રેન તો છેજ નહી."

તેઓ બધાંએ દીલગીરી જાહેર કરતાં, તેનાં કાકાનાં મરણથી તેને મળતા સરદારનાં ખેતાબ ઉપર તેને મુબારકબાદી આપી.

કાંઈ બી કરી વાહલી બાનુને એક પળ મળી લેવા તે આતુર થયો. અને તેથી બપોર પછી ફ્રેનીની તબીયત પુછવાને મસે તે છોકરાંઓનાં રૂમમાં ગયો. તેણે તેણીને સઘળી હકીકત જણાવી.

"હું જલદીજ પાછો આવશ ડારલીંગ," તેણે કહયું. "તું તેટલાં ખુશાલ અને હસ્તી રહેજે. હું તાહરી ઉપર લખશ. તું બી લખ્યા કરજે."

વફાદારીનાં વચનો સહીત હેતથી મળી ભેટી તેઓ જુદાં પડયાં ત્યારે એક સરદાર તરીકે ચેહલમેહલમાં મીઠી બાનુને પોતાની મોહરદાર દાખલ રાખવાનાં તેનાં વિચારો હતા. અફસોસ તેનાં કાકાનું વીલ અને તેની શરત તેને કયાં ખબર હતી? મીઠી મધુરી જર દેશાઈ-તેની પિત્રણ ખુદ ત્યાં તેને મળવાની હતી તે વકીક તે કયાં જાણુતો બી હતો?

———:o:———

# પ્રકરણ ૫.

——:૦:——

એ પછી શું બન્યું તે આપણે જાણ્યે છીએ. જીજુ દાદીશેઠ મુંબઈ આવ્યો અને ત્યાં પોતાનાં કાકાનાં કફોડાં વીલ તથા તેની વિચીત્ર શરતથી તે માહીત થયો. વળી તેનાં ફુઇની દીકરી સુંદર જરૂ દેશાઇને તે પહેલીજ વાર મળ્યો.

તેની દોલત પચાવી પાડવા માટે તેણે ધાર્યું કે તે તેણીને ધીક્કારશે. પણ નહી! મીઠા સ્વભાવની ભલી અને સુંદર તે છોકરી તરફ તો તે એક નહી મનાય તેવા ભાઇતોલનાં હેતથી ખેંચાઈ ગયો અને પરીણામમાં તેઓ મોટાં મીત્ર બન્યાં.

સરદાર જીજુનો જીવ તો ટપુટપુ થતો હતો. વ્હાલી બાનુને ક્યારે મળી આ વિગત જણાવવી, તે મધુરીની સુંદર ચશ્મો અને મોહક ચેહરો જોવા તે અધીરો થઈ રહયો. અને તેને પ્રત્યેનાં એકદમ ઉભરી આવેલા જરૂનાં સાચ્ચાં અને પવિત્ર હેતથી બીલકુલ બીનમાહીતગાર તે બીજી સવારે વ્હેલો તે મકાન છોડી ગયો.

તે અમદાવાદ ગયો. મેલ ટ્રેન જેટલી ઝડપે તેને લઈ ગઇ તેટલો જલદી તે પોતાની દીલબર પાસે દોડયો. અને ત્યાં જતાંજ ગ્રાન્ડ હોટેલમાં જઈ ઉતારો લીધો. પોતાનાં મીત્રને ત્યાં તે એકદમ જવા માંગતો હતો નહી. તેણે તો છુપું રહેવું અને બધું છુપાછુપ કરવાનું હતું.

જે વખતે કેપટન દસ્તુરને ત્યાં તે વરઐયર બાહેર જતાં હતાં તેનો લાભ લઈ તે વખતે તેણે ટેલીફોન કર્યો અને બાનુ સાથે વાત કરી. તેજ સાંજે સાડા સાત પછી કેંપનાં મેદાનનાં એકાંતમાં તેણે તેણીને મળવા બોલાવી.

તેઓ મળ્યાં. અને જે રીતે તે ખુબસુરત બાનુને જોઇ ખુશ થયો તેટલીજ સુંદર બાનુ બી તે વાહલા જવાનને જોઈ હરખાઈ એ તો કહયા

વગર ચાલશે. તેણે સઘળી વાત તેણી આગળ કરી. સિવાય વીલની પેલી કઢંગી શરત માટે તે કાંઈ બોલ્યોજ નહી. એ વાત તેણે છુપીજ રાખી.

"મને કાંઈ અજબ જેવું એ વીલમાં લાગેછ જીજુ," તે બોલી. "તમારા કાકાનો ખેતાબ તમને મળે છે, તેવણનાં મકાનનાં તમો માલેક બન્યા છો, છતાં બધી દોલત તમારાં ફુઇની દીકરીને આપી ગયા તેની કાંઈ મતલબ હશે. તમારી ખાતરી છે કે તમે મને બધી બીનાં જણાવી છે, જીજુ?"

"હા," તેણે વાત ઉડાવતાં કહ્યું, "પણ મને કહેની બાનુ, મેં લખ્ખોની દોલત ખોઈ દીધી તેથી તું મને ઓછો તો નહી ચાહે?"

તે મધુરી આંખો જે તેની તરફ ફરી તેમાંજ તેણે પોતાનો જવાબ વાંચી લીધો.

"કેવી ચેહલમેહલમાં તને રાખવાની માહરી ઉમેદ હતી માહરી મીઠી બાનુ," તેણે કહયું. "કયાં તે મોટી આવક અને દાદીશેઠ હાઉસનું રહેવાનું. હવે દાદીશેઠ હાઉસમાં બી આપણેથી રહેવાશે નહી. કેમકે તે મકાનમાં રહી શકયે તેટલી મારી પાસે સગવડ નથી. મહીને હઝાર રૂપીઆ માત્ર મને મળતા રહેશે તેમાં શું વળ્યું? એમ છતાં એકાદ નાનાં સાદાં ઘરમાં સાદી રીતે તું મારી સાથે રહેવા નારાજ તો નહી થાયની બાનુ?"

તેણીએ પોતાનો મરોડદાર એક હાથ ઉઠાવી તેનાં ખભાં ઉપર મુકયો, જ્યારે જે ચેહરો તેણીએ તેની તરફ ઉઠાવ્યો, તે ઉપર એક પવિત્ર પ્રકાશીત છાપ ફેલાયલો તેણે જોયો. તે મીઠી આંખો અપાર હેતથી તેની ચશ્મો સાથે એક થઇ.

"જીજુ," તે બબડી, "જીજુ, ભલે તમે અમીર હો યા ફકીર, ખરાબ હોવ યા સારા, પણ એક વાર માહારૂં જીગર તમને અર્પણ થએલું સદા તમારૂંજ રહેશે. તેમાં તલ માત્રબી ફરક પડશે નહી. કદીજ નહી, કોઈ કારણસર નહીં તે યાદ રાખજો. ફીકર નહીં તમે તમારા પૈસા ખોહયા તો. ખરા પ્યાર આગળ પૈસા હું તુચ્છ માનુંછ. વાહાલા જીજુ, માહારા જીંદ-

ગીનાં છેડા સુધી પાક વફાદારીથી તમને કોઇબી સંજોગમાં હું ચાહાતી રહીશ તેની ખાતરીમાં લેઓ આએ માહારો હાથ."

આ હેતવંતા જવાબનો એકજ રીતે વળતો જવાબ કરી શકાય અને તેણે તેમ કર્યું. તે મનથી આવી એક સ્વચ્છ હેતુની પ્રેમાળ ભલી ને સુંદર છોકરીને પોતાની તરીકે મેળવવા માટે શુકર ગુજારતો તે લીલા ઘાસ ઉપર બેઠો, અને બાનુને પણ ઝાડનાં એક થડ ઉપર જગ્યા કરી આપી. ત્યારબાદ તેઓ ભવિશનાં પ્લાન્સ કરવા પડયાં.

"પણ આપણે જાહેર રીતે કાંએ નહીં પરણી શકયે જીજુ?" તેણીએ એ દરમ્યાન અજાયબીથી સવાલ કર્યો.

"તેમ નહીં કરવાનું મને કાંઇ કારણ છે." તે બોલ્યો. "બીજાં બે વર્ષ સુધી માહારે આપણાં લગન છુપાં રાખવાં છે, ને માહારી મરજી છે તો શું તું એટલું કબુલ કરશે નહીં સ્વીટહાર્ટ?"

અત્યારે તો તે કશું સમજી નહીં પણ પાછલા વરસોમાં આ બોલવાનો ભાવાર્થ તેણીને બરાબર ખબર પડયો.

"તમે કહેશો તેમ હું કરશ." તે તાબેદારીથી બોલી. "તમોને જેમ ગમે તેમ જીજુ."

"પેલી તમારી ફુઇની છોકરીનું નામ શું?" તેણીએ પુછ્યું. "તમારા પૈસા પચાવી બેઠીછ તેનું?"

સરદાર જીજુએ ઝટ ઉંચું જોયું.

"તેને એ પૈસા મળ્યા તેમાં એનો વાંક નથી બાનુ ડીયર," તે ધીમેથી બોલ્યો. "એ પૈસા જો એનું ચાલે તો એ લેવા બી ના કહે તેવી ભલી છોકરી તે તો છે ને એનું નામ જર દેશાઇ.

"જર દેશાઈ?" તે નામ તેણી પટપટી. "શું તે ખુબસુરત છે જીજુ?" "હા," તેણે પ્રમાણીકપણે કહ્યું. "તે ઘણી સુંદર છે."

તેની તરફ ઉંચકાયલી તે ઘેરી આંખો તેણે ઘેરાઇ આવેલી જોઇ.

"ઓ જીજુ," તે બબડી, "જો હું વચ્ચે આવી નહીં હતે તો તો તમે જરૂર મીસ દેશાઇ સાથે પરણી સુખી થતે ને પેલા પૈસા બી મેળવી શકતે."

"મારી ખાતરી છે કે હું તેની સાથે કદી નહીં પરણુતે." જીજુએ જોશથી કહયું. "ને તેનું કારણ એજ છે કે તાહારી જેવી મને દરકાર છે તે રીતે તેણી માટે હું કદી દરકાર કરી શકતે નહીં."

તેણે એવી તો મીઠાસથી એ પછી વાતો ચલાવી કે તે મધુરા ચેહરા ઉપરનો ગમીનો છાપ જલદીજ દુર થયો અને ફરી એક વાર તે મીઠી ચશ્મો ખુશીમાં ચમકતી થઇ.

આવતે મહીનેની તા૦ ૧ લીએ તેણીને રજા મળતાંજ તે મુંબઇ ઉપડી આવનાર હતી અને તા૦ ૨ જીએ મુંબઇ ખાતે તેઓ પરણીને એક થશે એવી ગોઠવણ કરી.

એ દોહર મહીના દરમ્યાન કાંઈ ત્રણેક વાર અમદાવાદ ખાતે જીજુ ધકેલા ખાઈ ગયો, અને તે યાદગાર તા૦ ૨ જીએ સવારે ગ્રાન્ટરોડ ઉપર ગુજરાત મેલને ટાઇમે તે જઇને ઉભો, તે આવી, અને આવી તેવીજ જીજુ તેણીને એક હોટેલ ઉપર હંકારી ગયો. બીજા એકજ કલાક બાદ તેઓ કોલાબાની અગ્યારીમાં જઈ પુગ્યાં.

ત્યાંથીજ મેળવેલા બે સાક્ષીઓ સામે તેઓનાં લગ્ન થયાં. તે પવિત્ર કલામોથી તેઓ જીંદગી સુધી કદી નહીં તુટે અને કદી નહીં છુટે એવા સાબુત ગાંઠથી બંધાઈ સદા સુધીનાં એક થયાં. રજીસ્ટરમાં નામ નોંધતાં તેઓ બન્નેએ પોતાની અટક લખી નહીં. ખાલી પોતાનાં અને પોતાનાં બાપના નામ લખ્યાં, જે પણ તેટલુંજ કાયદાસર હતું.

તેઓ તેજ દાહાડે એક લાંબી મુસાફરીએ ઉપડી ગયાં, અને મહીનાઓ પછી બેંગલોરનાં એકાંતમાં એક સુંદર નાહાના મકાનમાં માત્ર ત્રણુજ નોકરોનાં સ્ટાફ સાથે ઠર પડયાં.

"આ આપણો બાગે ચમન છે," સરદાર જીજુએ પોતાની મોહર-દારને કહયું, "હું મારી બાકીની જીંદગી તને સુખી કરવામાંજ પુરી કરશ માહારી ડારલીંગ, તો મને કહે કે જે સુખી સ્વપનાભરી જીંદગીની મેં આશા કરેલી તેવીજ તું મને આપશેની?"

"માહારો જીવ, માહારી જીંદગી, માહારો આત્મા, માહારૂં સર્વસ્વ તમારાં અને તમારાંજ સુખને ચરણે છે, વાહાલા ભરથાર." બાનુએ એક લાએક જવાબ કર્યો, અને એ રીતે પરમ સુખમાં તે દાહાડાઓ પસાર થવા લાગ્યા.

અને ત્યારે તે તો પરણીને પરવારી ગયો હતો તો મરનાર સરદાર મેહરનોશની વીલની પેલી શરતનું કેમ?

## પ્રકરણ ૬.

અવારનવાર તેઓ—જર દેશાઈ અને સરદાર જીજુ એકમેક ઉપર પત્રો લખતાં, અને તે કાગળ લખવાની સફાઇ, તેની છટા, તેમાં દરશા-વેલા ઉમદા ખ્યાલ અને ઠરેલ કલમ જોઇ સરદાર જીજુ તાજુબ થઇ જતો.

"આવા ગ્રાન્ડ વિચારો ધરાવવાવાળી બાનુ ખરેજ નોબલ હોવી જોઇએ." તે તેણીનાં કાગળ વાંચતાં બબડતો.

એવીજ રીતે એક સવારે સુંદર લીલીઝ અને ગુલાબોનાં પમરાટ વચ્ચે બાનુ બેઠી હતી, તેનાં પગ પાસે અડધા અરડાઈ પડેલા સરદાર જીજુએ એક કાગળ પોતાના ગજવામાંથી ખેંચી કાઢયું.

"બાનુ," તેણે કહયું. "આજે બે કાગળ મારે માટે જરૂરના આવ્યાં છે. એક ખુશાલી પેદા કરતું, બીજું મને દીલગીર કરતું. સમજ તને હું પહેલાં ખુશ ખબરજ કહીશ. આપણો દાદીશેઠ હાઉસ જર દેશાઇએજ

ભાડે રાખી લીધો છે એમ માહારા સોલીસીટર લખે છે એ જાણી હું ઘણો ખુશી થયો."

"કાંએ?" તેણીએ પોતાનાં નાજુક ભવાં ચઢાવતાં પુછયું.

"કોણ જાણે પણ મને એ ખ્યાલ ગમેછ કે કોઇબી પારકું એ મકાનમાં આવી વસે તેનાં કરતાં માહારાં એ બાપીકા ઘરમાં માહારી પિત્રણજ રહે તે વધારે સારૂં."

"જીજુ," બહુજ પતામણી અદાઓ સાથે મીઠાસથી બાનુએ તેવામાં કહયું. "શું આપણે પોતેજ તે બંગલામાં જઇને નહીં રહી શકયે?

"નહીં માહારી ડારલીંગ," તેણે કહયું. "એ વિચાર તદન નહીં બનવાજોગ છે. એમ છતાં ભવિશમાં એવા એક દાહાડાની હું રાહજ જોઈ રહયોછ કે જ્યારે મારી મીઠી મોહરદારને મારાં તે બાપીકાં મકાનની રાજકર્તી રાણી અને સાહેબી કરતી શેઠાણી દાખલ હું લઇ જઇશ. બાનુ, તું તેટલાં સંતોષી ર્હેશેની?"

"હા," તે તુરત તાબેદારીથી બોલી. "હવે ત્યારે તમારી બીજી ખબર શું છે જીજુ?"

તે તેણીની પાસે આવ્યો. અને બહુજ પ્રીતીથી તેણે તેણીનાં હાથો પોતાનાં હાથમા લીધા, જ્યારે બીજે હાથે તે મનોહર ચેહેરો પોતાની તરફ ફેરવી તે બેહસ્તનાં ફુલ જેવી મીઠી ને નરમ ચશ્મોનાં ઉંડાણમાં જોઇ રહ્યો.

"યાદ રાખજે બાનુ," તેણે કહ્યું. "કે આ વાત જે હું તને કહીશ તેનો ચુકાદો તાહારાજ હાથમાં રહેશે. તાહારૂં અંતઃકરણ જે કહે તેમ તું કરજે ને યાદ રાખજે કે તાહારૂં ડીસીશન, પછી તે જેબી હોય તે ખરૂ; હું કદી નારાજ થવાનો કે બબડવાનો નથી. તું કહેશે તેમ હું કરીશ."

"પણ એવું તે શું છે જીજુ?" તેણીએ પુછયું.

"મને નહી ધારેલું કોઇ અજબ રીતે એક ઘણુંજ જોખમભર્યું, માનભર્યું ને લાભકરતું સરકારી કામ ઓફર થયું છે. માહારે તે સારૂં તને

છોડીને પહેલાં એક મહીનો સીમલા અને પછી ઈંગ્લન્ડ જવું પડશે. બરાબર એક વરસ દહાડો મારે રોકાવું પડશે. તું ધારેછ કે માહારે હા કહેવું?"

તે મનોહર માથું એ સાંભળતાં તેનાં ખભાં ઉપર ઢળી પડયું. તે સુંદર ચહેરાએ પોતાનો તેજસ્વી રંગ ખોઇ દીધો. ને તે પોતાની સુંદર આંખો વિંચી થોડોવાર પડી રહી.

"ભલે મને નુકશાન થતું હોય," તે બબડયો. "પણ તાહારી ખુશી નહીં હશે તો હું નહી જવશ, બાનું." તેણે પ્યારથી ઉમેર્યું. "તાહારી મરજી તેજ માહારો કાયદો છે. ને તાહારા કાયદાને માન આપતાં મને આનંદ થશે."

"હું વિચાર કરીને કાલે જવાબ આપશ જીજુ," તે ધ્રુજતા સ્વરે બોલી. અને પછી એ વાત અતરેજ બંધ પડી.

———:o:———

## પ્રકરણ ૭.

——:o:——

કોઇને સ્વપને ખ્યાલ નહોતો કે એ સરકારી ઓધ્ધો અને સરકારી કામ તેનાં લાભ માટે કરી આપનાર સુંદર જર દેશાઇજ હતી. તેણીને તો જવાન જીજુનાં લગ્નની સ્વપને બી ખબર નહોતી એટલે ખુશાલ જીગરે એક ફુલની કળી માફક ખીલતી ભવિશનાં સુખનાં સ્વપનાં જોતી તે ઉઘરતી હતી.

પેલી તરફ બાનુ—તે ભરથાર ઉપર વ્હાલથી વીહલી પડતી તે છોકરી વિચારનાં વમળમાં પડી હતી. રે ખુદા! જીજુથી છુટું પડવું તે પોતાનાં જીવથી જુદું પડવા બરાબર હતું. જીજુને તે કેમ જવા દેય? તે ખુબસુરત ભરથારની આલુ હાજરી, તેની માયા, તેનાં ઉત્તેજનનાં બોલો ને હિમ્મત વગર તે હવે કેમજ રહી શકે. નહી, નહી જીજુએ જવું જોઇએ નહી.

મગર બીજીજ પળે તેણીએ ખ્યાલ કર્યો કે પ્યાર—ખરો પ્યાર—તો સદા સ્વભોગી હોય છે. જીજુની કીર્તી અને નામની વચમાં આવી સામી તે

આપમતલબી થતી હતી.—પોતાનુંજ સુખ જોતી હતી. અને તેથી ભલે પોતાનાં જીગરનાં કપાઇને ટુકડે ટુકડા થઈ જાય છતાં તે વ્હાલા ભરથારનો લાભ પહેલાં જોવો. એવું તે સ્વભોગી, ભલી ને હેતવંતી છોકરીએ નક્કી કર્યું.

તેણીએ વળતે દીવસે તુટી જતે જીગરે તે જવાબ તેને કહ્યો.

"હજી બી એકજ બોલ ને હું નહી જઇશ." સરદાર જીજુએ કહ્યું. "બાનુ હજી બી ડીસાઇડ કર."

"ભલે એક વરસ સધાવી આવો." પોતાનાં હોઠ કરડી નાખી તે જેહમતે બબડી. અને ત્યારે તે ઓધ્ધાભર્યું કામ સ્વીકારવાનો જવાબ તેજ દીવસે જીજુએ લખ્યો.

તે પછીનાં દીવસો ધીમી ગમીનાં બન્નેનાં જીગર તે આવતી જુદાઈનાં ખ્યાલથી મંદ પાડી નાખનાર પસાર થયા. અને જીજુ દાદીશેઠે ત્યારે ઠરાવ કર્યો કે જ્યારે તે સુતેલી હોય ત્યારેજ અલગસે મળી લઇ ત્યાંથી ચાલી જવું. નહી તો તે કદીબી તેનાંથી છુટો પડી શકેજ નહી.

એ રીતે અંતે જવાનો તે દાહાડો આવી લાગ્યો. સવારનાં અગ્યાર વાગતે તેને જવાનું હતું. છતાં રાતથી તેણે બધી તૈયારી કરી રાખી હતી અને તે મુજબ સવારના સુતેલીજ તે મોહરદારને મળી લઇ તે ઉઠે અને તે છુટું પડવાનું ને ગુડબાય કહેવાનું દુઃખ અનુભવે તે અગાઉજ ચાલી જવાનાં વિચારે સવારનાં ચારને ટકોરે તમામ તૈયાર થએલો તે તેણીનાં બિછાણાં આગળ જઈ ઉભો.

તે થાકની નસોસ ઊંઘમાં પડી હોય તેમ તે સુફેદ પલંગ ઉપર પડી હતી. એક હાથ તેણીએ પોતાનાં માથાં નિચે રાખ્યો હતો. બીજો તેવોજ સુંદર હાથ બીછાણાંની નિચે લટકતો હતો. તે ઘેરા વાળોથી ભરેલું માથું તકીયાના નરમ ઢંગ વચ્ચે પડેલું હતું. તે ચેહેરો તમામ સુફેદ અને આંખો ઉપર આંસુનો ભીણુસ હજી બી મોજુદ હતો. જે સૌથી અસરકારક હતું તે એજ કે તેની કાંઇબી અંગત ચીજની હાજરી વગર તે એક ઘડી બી રહી

શકતી નહીં હોય તેમ તેનાં હાથનું એક ગ્લવ પોતાનાં ચેહેરા નિચે દાબી તે સુતી હતી.

તે પોતાની ખુબસુરત મોહરદારને તેણીની અકસર સુંદરતા વચ્ચે આ છેલ્લીજ વાર જોઇ રહ્યો અને તેણીની નરમ અદાઓ, ગરમ જુસ્સો, મીઠું હેત અને માયાળુ ખવાસ, ખુશમીજાજ વિગેરે તેને હૈયે ધાઇ આવ્યુ. તે ચાહેલી મોહરદારને તે છોડી જતો હતો કોણ જાણે કયારે બી તે મુખડાનાં પાછા દર્શન થશે તેનાં એક બી ખ્યાલ વગર, તે હવે તેણીની બાજુમાં આવ્યો અને ગુઠણે પડયો. અને બહુજ ધીમેથી તે રખે ઉઠી જાય તે બીકે, તે લટકતા હાથ ઉપર પોતાનું માથું અલગું નમાવી, ખુદા તેને સંભાળે ને સાચવે એવી એક ધીમી બંદગી કરવા લાગ્યો.

તે હવે ઉઠીને ઉભો થવા ગયો તેવામાં બાનુજ જાગી ઉઠી.

"જીજુ તમે જાઓછ ?" લોહી પાણી ઉડારી દેતાં તે બોલી. "ને તે બી મને મળ્યા વગર ?"

"તેજ બહેતર થતે." તેણે ધાડા ખોખરા સાદે કહયું.

"ને તેમ જો થતે તો ઉઠીને તમોને ઘરમાં નહી જોતાં હું તો તવળી તવળીને મરીજ જતે." તે બોલી. "તમે જાઓછ જીજુ ?"

"હા બાનુ, માહરી મીઠી મોહરદાર," તેણે કહયું. "તું હિમત રાખજે ને હસતે ચેહરે માહરી આવવાની રાહ જોજે. રોજ માહરી ઉપર લખજે, ગુડબાય, માહરી બાનુ-ગુડબાય, માહરી—"

એક ધીમી દીલ તુટી જાય તેવી ચીસ સાથે ફરી પાછી તે આંખો બંધ થઈ ગઇ, તે નાજુક બદન બેતાકાત તકીયાઓનાં ઢગ વચ્ચે ઢળી પડયું. દયાળુ ખુદાએ તેની શુધ્ધી મંદ પાડી દીધી હતી, અને એ તકનો લાભ લઈ, એક છેલ્લી ઉંડી હેતવંતી નજર સાથે, તે પોતે તદન હારેલો, દુ:ખી ને લપેડા ખાતો ત્યાંથી નિકળી પડયો.

ત્યાં કે જ્યાં તેણે અનેક સુખી ઘડીઓ ગુજારી હતી, તે ઘર તરફ તેણે પાછું ફરી જોયું, અને રખે તે પોતાનો વિચાર ફેરવે ને પાછો બાનુ પાસે દોડી જાય એ બીકથી તે હવે આગળ વધ્યો.

"ખુદા માહરી મોહરદારને સાચવજે ને સુખી રાખજે. તું તેનો નેગેબાન થજે, ને જેવાં વ્હાલથી છુટાં પડયાંછ તેવાંજ વ્હાલ વચ્ચે અમને પાછાં મેળવજે." તેણે મોટેથી દુવા ગુજારી. બેંગલોરથી નિકળેલો તે મુંબઈ આવ્યો. રસ્તામાંથી તેણે દાદીશેઠ હાઉસમાં તાર કર્યો હતો. જવા પહેલાં પોતાની પીત્રણને ફરી એક વાર મળવા તેનું મન થયું. અને તે મુજબ તે ગયો.

જરનો આવકાર ખરો અને ખરાં દીલનો હતો. તે તેની ઉપરથી ઉલટપુલટ થઇ.

તેઓએ ઘણીએ એલારપેલારની વાતો કરી. પણ જ્યારે દાદીશેઠ હાઉસનાં ઘરનાં ભાડાંની વાત આવી ત્યારે તેણીએ જોયું કે તેનો ચેહરો રાતો થઈ આવ્યો.

અંતે વાત બી પુરી થઈ. અને થોડીજ વારમાં તે હવે જવા નિકળ્યો.

તેઓએ બાહેર ચાંદનાં ઝાંખાં ઉજાસમાં, ફુલોનાં પમરાટ વચ્ચે ગુડબાય કરી.

"જ્યારે બી તમો મને યાદ કરો," જર બોલી. "ત્યારે ખ્યાલ રાખજો કે આડકત્રી રીતે તમારા પૈસા લુટી લેવા ખાતર હું બહુજ દીલગીર છું."

"એક રીતે એ માટે તો હું ખુશી છું." તે પોતાની મોહરદારનો ખ્યાલ કરતાં બોલ્યો. "કદાપી ઇગ્લન્ડથી પાછું ફર્યા પછી હું તમને જે કહીશ તે ઉપરથી તમારી ખાતરી થશે."

એ સાંભળી તેણીનો ચેહરો લાલ ચણોટી જેવો બની ગયો.

"હું અહીંજ ગુડબાય કરીશ." તે બોલી, "કે જ્યારે બી તારા સાથની ઝાંખા ઉજાસની રાત તમો જુવો ત્યારે તમો મને યાદ કરો."

"તમને હું હંમેશ યાદ કરશ જરબાનું." તેણે કહયું, "ખાસ કરી હમણાં

તમો જેમ આ મીનોનેટની કળી પકડી ઉભાં રહ્યાંછ તે પીકચર મને વારંવાર યાદ આવશે. ગુડબાય ને ખુદા પોતાનાં ઉત્તમ આશીષ તમો ઉપર ઉતારે."

તેનાં હાથમાં મુકાયલો તે નાજુક હાથ થરથર ધ્રુજ્યો જ્યારે તે માંજરી આંખો માંહેનું દુઃખ તે અજાયબીથી જોઈ રહ્યો.

"સાહેબજી, ને હસ્તા રમતા વહેલા આવજો."

તે હવે વધુ એક બી બોલ બોલ્યા વગર, રખે પોતાનો ભેદ જણાવી દેવા જેવી ગાફેલ બને તે બીકે નાહાસી જ ગઈ. અને જ્યારે બંદગીમાં તે હોઠો હાલતા હતા ત્યારે દુઃખનાં અસંખ્ય ડચકાંઓથી તે નાજુક છાતી ઉછલાઇ જતી જોવાઈ.

ખુદાનેજ ખબર હતી કે આનો નિકાલ શું બી આવશે!

---

## પ્રકરણ ૮.

---

તે વાહાલા ધણીનાં છોડી ગયા પછીથી બાનુને ઘણુંજ એકાંત લાગવા માંડ્યું. અને તેણીએ પોતાની ગરમ ઉતાવળી રીત પ્રમાણે ઠરાવ કર્યો કે એક વાર મુંબઇ જઇ તે વાહાલા ભરથારનું મકાન જાતે જોવું. વળી તેની પેલી પિત્રાઇને મળવા બી આતુર થઈ રહી હતી. મગર તે બનેજ કેમ?

ઘણી વાર બને છે તેમ મનની મુગી મુરાદ બર લાવવા ખુદાજ જાણે એકાએક રસ્તો મોકળો કરી આપે છે. અને બાનુનાં બાબમાં બી તેમજ બન્યું. એક સવારે તે ન્યુસ વાંચતી બેઠી હતી તેમાં નિચલા ફકરા ઉપર તેની નજર પડી.

"જોઇએ છે એક લેડી કંપેનીઅન, તાકીદે લખો. મીસ દેશાઇ.
દાદીશેઠ હૉલ, નેપીઅન્સી રોડ–મુંબઇ."

બસ એ વાંચતાંજ આકળી બાનુનો ઠરાવ થઈ ચુકયો. બીજેજ દીવસે તે મુંબઇ જવા ઉપડી ગઇ. અલબત ઘર અને નોકરો સર્વ જેમનું તેમ તેણીએ રાખ્યું. જવા પહેલાં તે પોસ્ટ ઓફીસમાં હાજર થઈ અને મીસીસ દાદીશેઠને નામના જે બી કાગળ આવે તે મુંબઇની ચોકકસ પોસ્ટ ઓફીસની કેરનાં મોકલવાનું તેને કહેતી ગઇ.

તેણી મુંબઈ પુગી અને સારાં આબરૂદાર હોટેલમાં જગ્યા લીધી. પૈસા તેણી પાસે હાલ પુરતા હતા. તૈયાર થઇ ટેકસી કરી તે ત્યાર પછી દાદીશેઠ હાઉસમાં હંકારી ગઇ.

આહ, તે મોટા ગ્રાન્ડ દરવાજામાં પેસતાંજ તેની આંખો ઠરી ગઇ. તે સુશોભીત બાગમાં થઈ ઉંચી મોટી સીડીઓ ચઠી એન્ટ્રન્સ હોલમાં ગઇ તો ત્યાંનો દમામ, ભપકો અને મોટાઇ જોઇ તે ઠરીજ ગઇ.

એક ભપકાદાર દેખાવના નોકરે આવી તેણી શું માંગતી હતી તે પુછયું.

"મીસ દેશાઇને મારે મળવું છે." તેણીએ બીહીતાં બીહીતાં કહયું.

"આપ બાઈ એપોઇન્ટમેન્ટથી આવેલાં છેઓજી ?" પેલા કેળવાયલા નોકરે પુછયું. અને નકીનો જવાબ સાંભળતાં, તેણે કહયું કે તેનાં બાઇ રોકાયલાં છે કે કેમ તે પહેલાં તે જોઇ આવશે.

કોઇ જવાન બાઇ મીસ મોદી નામની તેને મળવા માંગતી હતી એ સાંભળી જર અજબ તો થઇ, પણ તુરત તેણીને ઉપર પોતાના રૂમમાં બોલાવા તે નોકરને કહયું, અને ત્યારે તે સુશોભીત દાદર, તે મારબલનાં પુતળાંઓ, અસલ ચીનાઈ વાઝીઝ, તે ઉત્તમ ટેસ્ટનો શણગાર, સુંદર પીકચરો અને નરમ ગાલીચા એ બધું જોતી ને વખાણતી તે જર દેશાઇની હજુરમાં જઇ ઉભી. આહ—આહ આ બધું તે વહાલા ભરથારે તેણી ખાતરજ ખોહયું હતું તેનો તેણીને ખ્યાલ થયો. તે વાહલાનો એ સ્વભોગ, મનમાં ને મનમાં વખાણતાં તેણીની આંખમાં આંસુ આવી ગયાં.

એક સુંદર નાજુક રીતે શણગારેલા, બધુંજ સોનેરી અને ખુલ્લો ગુલાબી રંગ બતાવતા તે ઓરડામાં જેવી તેણી દાખલ થઈ કે ગુલાબી સેટીનનાં એક સોફા ઉપરથી ઉઠી જર દેશાઈ તેણીને આવકાર આપતી સામે આવી.

એકાદ પળ તે 'હરીફો' એકમેકને જોતાં ઉભાં. તે અજબ કોનટ્રાસ્ટ બતાવતું એક રમણ્ય ચિત્ર હતું, જર દેશાઈ, કાળા ડોળાની સોનેરી કસબ જેવા વાળની, ગુલાબ જેવા ચેહરાની, નાજુક ને નમ્ર—બાનુ, ઉંચી, દમામદાર સુફેદ ચેહરાની, ચકચક થતા કાળા કોલસા જેવા ડોળાની અને ઘેરા કરચલ્યા વાળોવાલી:

"તમે મને પુછોછ બેન ?" આખરે જર દેશાઇએજ પોતાની ગાફેલ્યતમાંથી ફારેગ થતાં કહયું. "શું ફરમાશ છે ? બેસોની ?"

બાનુએ પોતાની તેજસ્વી ખુબસુરતી સાથનો તે ચેહરો ફેરવી સીધ્ધું પોતાનાં ધણીની પિત્રાઇ બેન તરફ જોયું.

"મેં તમારી જાહેર ખબર ન્યુસમાં વાંચી," તે પ્રગટ ખુલ્લા મીઠા સાદે બોલી. "ને કંપેન્યનની જગ્યા માટે હું આવેલી છું."

"ઓ આઇ સી." જરે કહયું. "બેસો બેન, આપણે વાતો કર્યે. તમને રાખવા હું ખુશી થઇશ, મને કાંઈ રેફરંનસીસ આપી શકશો ?"

"રેફરંનસીસ ?" બાનુએ પોકર્યું, "કંપેનીઅન તરીકેની તો નકી પણ ગવરનેસ તરીકેની મારી પાસે બે છે." અને તેણીએ મીસીસ દસ્તુરની અમદાવાદવાળી સરટીફીકેટ તથા બીજી એક જે તેણી પાસે હતી તે બતાવી.

થોડીક પળની વાતચીત પછી જર દેશાઇએ, તેણી કોણ હતી તેનાં એક પણ ખ્યાલ વગર પોતાની કંપેનીએન દાખલ રાખી લીધી.

"માહારાં કંપેનીએન હતાં." તે બોલી. "ઘણાંજ ભલાં બાઇ તેવણની દીકરી બિચારી રંડાઈ ને તેનું નાનું બચ્ચું છે ને તે એકલી પંજાબ તરફ રહે છે એટલે તેવણે બિચારાંને મને છોડીને તેની આગળ જવુંજ પડયું. હું ખુશી છું કે તમારાં જેવાં મીઠાં બેહન મને કંપેનીઅન તરીકે તાબડતોબ મળી ગયાં."

થોડાજ વખતમાં તેઓ મળી ગયાં અને સુંદર જર મગરૂર બાનુને પોતાની એક બેહન માફક ચાહાવા લાગી. જે તેણીને તે મોટાં ઘરમાં એક જણુ નહી ચાહાતું તે તે ઘરનાં ઘણુાંજ પુરાણુાં ને ઘરડાં કારભારણુ કુંવર ડોસાં હતાં, તેવણુને બાનુ કોઈ રીતે ગમીજ નહી.

"મારાં બાઇને અજબ રીતે એ આંજી નાખી શકીછ." તેવણુ વારંવાર મનથી બબડયાં. "પણુ મને એનાં લખ્ખણુ કાંઈ ઠીક લાગતાં નથી. ઘડી ઘડી બધા ઓરડાઓમાં ફરેછ ને સઘીઓ જોયછ, ને મારા જવાન શેઠ જીજુભાઈની સબી તો આખો વખત જોયા કરેછ. એની શું મતલબ હોશે વારૂ ? રખે કાંઇ મારી ગાય ગરીબ પોરી જરૂને હેરાન કરવા આવી હોય. હું બી તો ખરી કે એનીપર નજર રાખું ને તેવું કાંઈ હોય તો પકડુ."

તે એક રળીઆમણી સવાર હતી. પચીસેક વખત જરબાનુ દેસાઇ ઇંગ્લીશ મેલનાં કાગળો આવ્યાં હતાં કે કેમ તે પુછી રહી.

"માહારો એક પિત્રાઈ વેલાત સધાવેલો છે." તેણીએ બાનુને સમજાવ્યું "ને તેનાં કાગળની હું રાહ જોવું છું."

"તેવણુ તમારી ઉપર લખેછ શું ?" અદેખાઇથી જળી જતાં તેણીએ પુછયું.

"હા અવારનવાર." મીઠી જરે ચેહરામાં લાલ થતાં કહયું. "તે પોતાનાં મકાનને લગતું જાણુવા માંગેછ તે એમ કોઇ કોઈ વખત અમે એકમેક પર લખ્યેછ ખરાં."

અદેખાઇના ઝનુનથી તે સુંદર આંખો બળતી તેણી જોઈ શકી નહી.

"ઓ લેઓ ટપાલ આવી." જરૂએ ઉલટમંદ કહયું. ને તેણીએ ઇંગ્લીશ મેલમાં આવેલું તે એક ચોકકસ કાગળ ઉપાડી લઇ હસ્તે ચેહરે ને ચમકતી આંખો સાથે વાંચ્યું, જે બધો વખત ધગધગતા અંગાર માફક બાનુની આંખો તેણી ઉપર અદેખાઇથી ચીટકી રહી હતી.

"કેવું સુંદર કાગળ," તે વાંચી પુરૂં કરતાં જરે સંતોષથી કહયું. "હું આજ ને આજ તેનો જવાબ લખશ."

" અક્ષર ઘણાં મજાહના લાગેછ," બાનુએ ટાપસી પુરી.

"હા ખરૂ' કેની ? જોવની એ કાગળ તમે વાંચોની બાનુ, ને કહો મને કે અક્ષર સાથે આઇડીઅલઝ બી શું ઘણાં મજાહનાં નથી ?"

તેણીએ ઉલટથી તે કાગળ લગભગ તેના હાથમાંથી ઝુંટવી લીધું ને વાંચ્યું. આખી દુન્યા તે કાગળ વાંચી શકે ને તેમાં વાંધાભર્યું નહીં જોય તેવુંજ તે એક કાગળ હતું, ને નીચે મુજબ લખાયલું હતું:—

**વહાલાં અને મહેરબાન બહેન જરબાનુ,**

તમારો કાગળ મળ્યો હતો, અને "દાદીશેઠ" હાઉસને લગતી સઘળી વિગત વાંચી મારો જીવ ઘણો ખુશી થયો છે. હું ખુદાનો ઉપકારી છું કે તમો જેવાં બહેન મારાં ભાડુત તરીકે મને મળી ગયાં કે તે વાહાલું મકાન આટલું સચવાય છે. બેલાશક ગમે તે ફેરફાર મકાનમાં, બગીચામાં કે ફરનીચરમાં કરજોજી, મને કશોજ વાંધો નથી.

બીજું, ફરી એક વાર હું માંગી લેઉંછ કે કાકાજી મેહરનોશના વિચીત્ર વીલની પેલી કફોડી શરત માટે ભુલી જજો. તમને તે એક અપમાન જેવુંજ છે. યાદ રાખજો બહેન. કે એ શરત માહારા લાભની છતાં હું કદીબી અમલમાં મુકીશ નહીં. ને તેનું ખાસ કારણ તે તમો ભલાં બહેનની લાગણી સાચવવા ખાતરજ છે. બીજાં કારણ જે છે તે કોઇ વાર હું તમોને જાતે મળીશ ત્યારે સમજાવીશ. ખુદા તમોને સંભાળે ને સુખી રાખે. અતરે માહારૂં કામ ધારવા કરતાં લંબાશે એમ લાગેછ, છતાં આવશ એટલે તુરતજ મારાં ભલાં પીત્રાઈ બહેનને મળવાની શુભ તક હું ચુકશ નહીંજ.

ઘણી ઘણી સલામ સાથે

લી૦ સેવક,

**જીજી દાદીશેઠ.**

તે કાગળ એક બેહન એક પીત્રાઇ કે એક ભલી મીત્ર ઉપર લખે તેવુંજ હતું. તેમાં કશુંજ વાંધાભર્યું નહોતું છતાં પેલો ચોકકસ ફકરો— "વીલની તે કફોડી શરત" નો વાંચી બાનુ અજાયબીથી ઉછળી, એ શું? જીજુ તો તેવું તેણી આગળ કશું બોલ્યો નહોતો એમ કેમ? કદાપી પોતાનાં હંમેશનાં ભલા ખવાસ માટે પોતાની પિત્રાઇને ખાતર પોતાનો અંગત લાભ તે ચુકયો હોય ને તેવી ખાનગી વાત તેણીને જણાવવી બીનજરૂરી ધારી તે નહીં બોલ્યો હશે એમ તેણીએ માન્યું. મગર તે કેમ ચાલવા દેય? પોતાનાં જીવથી જ્યાદા તે પતીનો લાભ તે કેમ જતો મુકે? કોઇબી ભોગે તે ભેદ શોધી કાઢવાનો અને તે ધણીને તેનો લાભ લેતો કરવાનો તેણીએ પક્કો ઠરાવ કર્યો, તે વીલ મેળવી વાંચવાનો તેણીએ નિશ્ચય કર્યો.

વાંચનાર, યાદ રાખજે કે પોતાનાં લાભને ખાતર તે કશું કરતી નહોતી. અદેખાઇથી વટીક નહીં. તે તો પ્યારને ખાતર પોતાનાં મનમાં પોતાનાં ધણીનોજ ખ્યાલ ને લાભનો વિચાર કરી રહી હતી.

તેજ બપોરે એક એવો બનાવ બન્યો કે છરી સાથે કાંઇ ચેડાં કાઢતાં પોતાનાં આંગળાંમાં જરને તે ભોકાઈ ગઈ. તે હતો તો એક નાનો કાપ પણ તેથી થયું એમ કે જે કાગળ તેણી લખવા માંગતી હતી તે જાતે લખી શકી નહી, ને તેથી બાનુને તે કાગળ તેણીએ લખવા કહયું.

બાનુએ ઘણાં બી બ્હાનાં કાઢયાં—તેની આંગળી સારી થાય ને લખવું એવું જણાવ્યું, મેલ જવાને હજી તો વાર હતી. પણ જરૂએ માન્યું નહી કે કામકાજમાં પછી રહી જાય તો જીજુનાં મનમાં ખોટું આવે કે તેનાં કાગળનો જવાબ કર્યો નહી. અંતે ન છુટકે તેણીને લખવુંજ પડયું.

તે એક સાદુ, ઉમદા વિચારો દરશાવતું કાગળ હતું. તે લખાઇને સીલ થયું ને પોસ્ટની બેગ જરે મંગાવી પોતે તે વાહલું પત્ર તેમાં મુકયું. ચાવી દીધી ને ચાવી પોતે રાખી લઈ તે બેગ એક નોકરને બોલાવી ટપાલ તાબડતોબ પોસ્ટમાં લઈ જવા કહ્યું.

બાનુ ધ્રુજી પડી. તે કાગળ જો જાય ને તેનો ધણી વાંચે તો જરૂર તેનાં અક્ષર પારખી કાઢે એમ તેણીએ માન્યું. ને તો ઓ, તો શું થાય? એ કાગળ જવું જોઇએજ નહી. પણ હવે કરવું કેમ? બેગ તો બંધ કરી ચાવી પોતાની પાસે જરૂએ લઈ લીધી હતી.

વિજળી વેગે તેણીને એક ખ્યાલ આવ્યો. પાસે પડેલું એક કાગળ ઉઠાવી લઈ પેનસીલે જે યાદ આવ્યું તે તેણીએ બેચાર લીટી તે ઉપર લખી, એક કવર લીધું અને તે ઉપર પોતાનુંજ બેંગલોરનું શરનામું કરી તે હવે જર તરફ ફરી.

“ટપાલની બેગની ચાવી મને એક પળ નહી આપો, મીસ દેશાઈ?” તેણીએ કહ્યું. અને સારે નસીબે તેણીનો ઉશ્કેરાયલો લાલ થએલો ચેહરો તે જોઈ શકી નહી. “મારે એક જરૂરનું કાગળ તેમાં મુકી આવવું છે. ને રસુલ ટપાલ લઇને ચાલી જશે વાર થશે તો.”

વિચારવંત અદાએ જરે તુરત તે ચાવી તેણીને આપી, જે લઈ વીજળી વેગે તે હવે ત્યાંથી નાહડી. એક નોકરને ટપાલની તે બેગ લઈ બાગમાંથી જતાં જોયો. અને તે તેની પાછળ દોડી.

“રસુલ, રસુલ,” તેણીએ બુમ પાડી, “એક મીનીટ થોભ, મારે આ કાગળ આપવું છે.”

તેણીએ ચાવીથી પેલો થેભો ખોલ્યો, ઝડપથી પેલું પોતાનાં ભરથાર ઉપર પોતાનેજ અક્ષરે લખાયું હતું તે કાગળ કાઢી લઈ પોતાનું તેમાં સેરવી દીધું ને હવે નિરાંત પામેલી તે ત્યાંથી ચાલી ગઈ. બીજી પાંચજ મીનીટમાં જર જે કાગળ માટે આટલી ઉલટમંદ હતી તે બળીને રાખ થઈ ગયું.

એમ દીવસો વેહતા ચાલ્યા, પેલો ભેદ હવે શોધી કાઢવાની તે તક શોધવા લાગી. અરે ક્યારે તે તે બીના જાણુશે ને ક્યારે પોતાનાં ભરથારને તેનો લાભ લેતી કરી શકશે? તે તક શોધતી થોભી.

## પ્રકરણ ૯.

—:o:—

તે તક અંતે મળી. એક દીવસ, તેણીને અતરે રહયાને લગભગ દસ મહીના થવા આવ્યા પછી. સોલીસીટર ફ્રરામરોઝ નિકળસન કાંઈ કામસર જર દેશાઇને મળવા આવ્યા. તે કામ પુરૂં થતાં અને જરૂરી ઓચર્યાં તીજોરીમાં મુકયા બાદ તેની ચાવી જ્યારે તેવણુ જરને આપવા આવ્યા ત્યારે બાનુ ત્યાંજ બેઠેલી હતી.

તેણીએ, તે ચાવી તેણીને આપતાં તે સોલીસીટરને હસીને કહેતાં સાંભળ્યો કે ચાવી સમાલીને રાખવી, અને જરને તેટલીજ સંભાળથી તે ચાવી મુકતાં તેણીએ જોઈ એટલેજ ઠરાવ કર્યો કે ગમે તે રીતે તે ચાવી મેળવવી.

રાતનાં સુતી વખતે બાનુ રાએતા કરતાં વધુજ હેતવંતી થઈ. તેણીએ પોતે આગળ રહી પોતાને હાથે તેણીનાં બાલ કરવા અને કપડાં બદલવામાં મદદ કરવાનું માંગી લીધું અને ભોળી જરે ઉપકારથી તે મદદ તુરત સ્વિકારી.

એમ મોડે સુધી વાત કરતાં તેઓ બેઠાં. આખરે લગાર અસુરૂં થતાં, બાનુએ જરને પલંગ ઉપર સુવાડી દીધી, અને પોતે તેની આગળ મધુરી રમુજી વાતો કરતી ગમ્મત આપતી હસ્તી ને હસાવતી બેઠી.

"ચાલો, હું હવે જાઉં ?" તેણીએ અંતે પુછયું. અને તે સુતી હતી તે ઓરડાનું બારણું ખુલ્લું હતું તેની ખાતરી કરી લઈ તે હવે જતી રહી.

બીજા બે કલાક પછી પોતેજ ખુલ્લું રાખેલું તે બારણું ખોલી બાનુ જરનાં રૂમમાં પાછી દાખલ થઈ. હે વાંચનાર, લાંબાં સુફેદ નાઇટ-ગાઉનમાં સજ્જ થએલી, કમ્મર ઉપર લટકતા પોતાનાં કાળા ઝુલફાં સાકીત નરમ પગલે ત્યાં ચાલી આવેલી તે છોકરી એકાદ ચોર કરતાં, એક છુપું કામ કરવા બીહીતી હોય તેવાં નિરદોશ બાળક જેવી વધારે લાગતી હતી. તે મીઠા ચેહેરામાં એક પવિત્ર અને મક્કમ છાપ એમ છતાં જોવાતો હતો.

ધીમે કદમે તે ત્યાં દાખલ થઈ. જર પોતાનાં સુફેદ પલંગ ઉપર શાંત

ઉંઘમાં પડેલી હતી. તે મીઠા હોઠો ઉપર ઉંઘમાં બી એક મધુરું હસવું પંથરાયું હતું, જાણે સુતાં સુતાં તેણીનાં છેલ્લા વિચારો ઘણાં ખુશનુમા હોય તેમ.

તે સુતી હતી તેની ખાતરી કરી લઈ, ઝડપથી પણ મક્રમતાથી અને બિલકુલ અવાજ નહી થાય તેમ પેલી તીજોરીની ચાવી તેણીએ શોધી કાઢી. બીજીજ પળે તે ગભરાઈ જઇ ત્યાંથી ચોરની અદાથી નાહાઠી.

લાયબ્રેરી રૂમનું તે બારણું ખોલી હવે ત્યાં દાખલ થઈ. તેણીએ બારણું અલગુંજ બંધ કરી લીધું. તમામ શાંત હતું. રાત અંધારી હતી પણ તે જરાએ ડરી નહી કેમકે ચોરીની કે બુરી નિષ્ટા તેણીની હતી નહી.

ચાવી લગાડતાંજ તે તીજોરી ખુલી ગઇ. તેણીએ એક મોટો દાબડો તેમાંથી ખેંચી કાઢી ખોલ્યો. તો ઝગઝગીત હીરાનાં દાગીનાંથી તે ભરેલો હતો. બાનુએ તે એકબી નજર વગર એમનો એમ બાજુએ મેલી દીધો. ત્યાર બાદ બધાં કાગળ્યાંનાં ઢગ તેણીએ કાઢયાં, અને અંતે તેમાંથી સરદાર મહેરનોશનું તે છેલ્લામાં છેલ્લું વીલ તેણી શોધી કાઢી શકી.

ધ્રુજતે હાથે અને અજાયબીમાં ખુલેલી આંખો સહીત તેણીએ તે ખોલ્યું અને વાંચ્યું. આહ તે માહેલો બોલેબોલ તેણીની છાતીમાં તીરની માફક વાગ્યો. રે ખુદા, આ માલ મીલકત ઉપરાંત બાવીસ લાખ રૂપીઆનો તેનો ધણી માલેક બનતે જો તેની પિત્રાઇ જર દેશાઈ સાથે તે પરણુતે તો; પણ તેણીના પ્યાર આગળ આવી લખ્ખોની દોલતને તુચ્છ ગણુનાર તે ભરથારે બધું તેણી માટેજ ખોહ્યું હતું. આવો સ્વભોગ આપ્યો હતો. તે હબતી ગએલી આખે આંગે થરથર ધ્રુજતી બેઠી. કેવો ભલો, કેવો ઉમરાવ, કેવો વફાદાર અને સાચો તે હતો—સોમાં કેટલા મર્દો આવા થતા હશે વારૂં?

તેણીને તેવામાં એક બીજો ખ્યાલ આવ્યો. એક એવો ખ્યાલ કે જેથી તેણીનું જીગર ઠંડુ બરફ જેવું થઈ ગયું. કાંએ નહી જીજુ તેણીને ચાહાતોજ નહી હોય. પહેલે તેણે તે વાત કહી ત્યારનો તેનો દુઃખી ચેહેરો તેણીએ યાદ કર્યો. આહ કદાપી તેણે ધાર્યું હોય કે બાનુજ તેને છુટી કરશે પણ

તેણીએ તો તેમ કશુંજ કર્યું નહી તેથી શું તે તેણીને ધીક્કારતો નહી હશે? રખે તે તેણીને પોતે આપેલા એક કોલને ખાતર પરણ્યો હોય. ઘણાં ઓનરેબલ ને ખાનદાની જવાનોનાં બાબમાં એવું થએલું તેણીએ સમજ્યું હતું કે પોતાનાં એક વચનને ખાતર તેઓ પાછા હટતા નથી, ને પોતાનાં ભવનો ભોગ આપીને બા તે કોલ પાળે છે. જીજુ તેટલોજ પ્રમાણીક હતો. આ પૈસા મેળવવાની તેની દરેક ઇચ્છા, તેની સુંદર પીત્રણને પરણવાની તેની દરેક મરજી છતાં, એક આપેલા બોલને ખાતરજ તે તેણીને પરણ્યો હશે. તેમાંજ તો છુટા પડવાનો આ પહેલો લાગ મળતાં, તે જરાબી આનાકાની વગર ચાલ્યો ગયો. તેમાંજ તો તે લગન તેણે છુપાવ્યાં. ઓ ખુદા, આવા કરપીણ ખ્યાલો કરતી, દુઃખથી પોતાનું માથું પોતાનાં હાથોમાં નમાવી દઈ લે એમ અવાચક કેટલોવાર બેઠી તેનું તેણીને ભાન રહ્યું નહીં.

"ઓ ખુદા! ઓ ખુદા," તે ઝનુની દુઃખ સાથે પોકારી. "કાંએ આવું જોવા તેં મને જીવાડી. જીજુનાં પ્યાર વગર હવે જીવવું ફોકટ. મને મોત આપ મોટા માલેક, કે તેનાં રસ્તામાંથી હું દુર થાઉં કે તેને તેની મરજી અને હક્નું મળે."

એમ કેટલો વખત પસાર થયો તેનું તેણીને ભાન રહયું નહીં. પેલું વીલ તેણીનાં હાથમાંથી સરી બાજુએ પડી ગયું હતું, જ્યારે પેલા હીરાઓથી ભરેલો દાબડો તેણીની બાજુમાંજ ખુલ્લો પડયો હતો.

"મુઇ ચોટ્ટી બીલાડી," તેવામાં કોઇનાં કરડા સાદે તે ચોંકીને પોતાની શુધ્ધીમાં આવી. "ઘણું સારૂં, જેનું નિમક ખાયછ તેનેજ લુટેછ, ઉભી રહે હું તુંને સવાદ ચખાડુંછ."

પોતાની દુઃખથી ઘેરાયલી તે સુંદર ચશ્મો બીલકુલ ભાન વગર ઉઠાવી તેણીએ તે ઘરનાં કારભારણ જાડાં ને કાળા ગુસ્સાબાજ ચેહરાનાં કુંવર ડોસાંને ઉભેલાં જોયાં.

"ચાલ ઉઠ, એવા ચરત ના કર." તેવણ બબાડ્યાં, અને તેણીનું

પાંખડું પકડી તે ગરીબ છોકરીને બાજુએ કરી. ત્યાર પછી તેવણે પેલી હીરાની પેટી, વીલ અને કાગળ્યાં બધું તીજોરીમાં બંધ કર્યું, ને તેણીને તેજ ઓરડામાં એક ધકેલા સાથે એક ખુણામાં ધકેલી દેતાં ચીચવાતા સાદે કહયું.

"સવાર સુધી હવે અહીં ગગરી રહેજે." તેવણ બખાળ્યાં, "ને સવારે પોલીસને જવાબ આપજે. જો વરી બોલ્યે નહીં ત્યાં સુધી માહારી બાઇને લુંટવા આવી તે."

એક ધડાકા સમેત બારણું બંધ કરી ચાવી મારી તે વફાદાર પણ કરડી ને વાઉ વીછણ જેવી કારભારણ ત્યાંથી ચાલી ગઇ.

સવારે હોહા થઈ ગઈ. ગરીબ જર તો હબતીજ ગઈ, મગર તે મીઠા નિરદોશ ચેહરા ઉપર નજર કરતાં તેણીએ તેને દોષીત માની નહીં.

સોલીસીટર મી○ નિકલસનને તાબડતોબ બોલાવી મંગાવામાં આવ્યો અને તે ધીકકારથી કરડી નજરે તે ગમગીનીનાં પુતળાં તરફ જોતો ઉભો.

"આવું નીચ કર્મ કરવાનું તાહરૂં કારણ શું, ઓ તુચ્છ બુધ્ધીની ઓરત?" તેવણે તેણીને થથરાવી, "મીસ દેશાઇ, એને પહરેજ કરાવો. એ કોર્ટમાં જવાબ આપશે."

તેણી ખુલાસો કરે? નહી! તેણીએ ધાર્યું. તેના ધણીને અત્યારેજ તેણીએ પુરતું નુકશાન કર્યું હતું. મબલક દોલત અને ધનવાન મોહરદાર તેણીએ તેને ખોવાડી હતી અને પોતાની તોક તેને ગળે ઓળવી હતી. વધુ નામોશી વગર આટલુંજ તે બાપડાને પુરતું હતું એમ માની તે છોકરી પોતાનાં હોઠો ચપટ બીડી ચુપજ રહી. ભલે તેઓ તેને ગુનેહગાર માને, કેદમાં મોકલે—ફાંસી ચઢાવે, પણ વહાલા જીજીનું નામ તે વચ્ચે ઘસડશે નહીજ.

"એ આએ ઘેરમાં આવી ને આવી મેં તો જોઇ લીધું કે માહારી બાઇના હીસ મોતી ચોરવાનીજ એ કાફરડીની મતલબ હતી," પેલી કારભરણે કહયું, પણ પોતાનાં હાથની એક ફરમાબદાર અસારતથી બાનુએ તેણીને ચુપ કરી.

"હું કબુલ કરૂ છું કે આ ઘરમાં શોભી જવાની માહરી કાંઈ મકસદ

હતી," તે મક્કમ સાદે બોલી, "મગર ખબરદાર કોઇએ એમ ધાર્યું છ તો કે મીસ દેશાઇના દાગીનાં ચોરવાની માહારી મતલબ હતી. હું કાંઈ એક ચોર નથી."

"ત્યારે તમે કાંએ તીજોરી ખોલી?" ફ્રામરોઝે પુછ્યું, "તમે બેઠાં હતાં ત્યાંથીજ દાગીનાનો દાબડો તો મળી આવ્યો'તો કેની?"

"તે લેવાની મારી મતલબ નહોતી," તેણીએ પ્રગટ તુચ્છકારથી કહ્યું.

"ત્યારે બીજુ શું?"

"તમે ગમે તે માનો," તેણીએ કહ્યું, "ગમે તે મને સજા કરો. હું કશોજ ખુલાસો કરવાની નથી. ફક્ત એટલુંજ કહું છ," અને તે હવે દમામથી પોતાનું સર ઉપર ખેંચી, બીલકુલ બીધા વગર પવિત્રાઇના પુર જોશ સમેત તે શેઠાણી તરફ ફરી, "મીસ દેશાઈ, ખાતરી રાખજો કે હું ચોર નથી—તમારી કોઇ બી ચીજ હું કદી લેતે નહી ને લેવાની માહારી મકસદ બી નહોતી."

"હું તે માનું છ," મીઠી જરે કહ્યું અને પછી પેલા સોલસીટર તરફ ફરી વધાર્યું," "બધું તપાસી જોઈ ખાતરી કરો, મી૦ નિકલસન, કે બધુ સલામત છે કે નહી?"

"કશુંજ ગયું નથી," જવાબ મળ્યો, "પણ એ બાઇએ તીજોરી ખોલી, ને હીરા મોતીનો દાબડો પોતાની પાસે લઈ બીજું ખોળતી બેઠી હતી એજ શું પુરવાર કરે છે? તમે ચોરીને ઉત્તેજન આપો ના. આ બાઈ માટે સખત પગલાં લેઓ એવો માહારો તો વિચાર છે, મીસ દેશાઈ."

"બાનુ," મીસ દેશાઇએ નરમીથી કહ્યું, "તમારો દેખાવ તમને નિર-દોષ પુરવાર કરે છ, છતાં પુરાવા જુદાજ છે. હું અરજ કરૂં છ કે ખુલાસો કરો કે મારી તીજોરી રાતના બે વાગાને વખતે ખોલવાની તમારી શું મતલબ હતી?"

પવિત્રાઇના પ્રકાશમાં ઝળકતો પોતાનો નુરમંદ ચેહરો બાનુએ સીધ્ધો તેણી તરફ ફેરવ્યો. જ્યારે તે બોલી, તે સાદ તદન ખુલ્લો ને મક્કમ હતો. તેણીએ પોતાની એક આંગળી સત્તાની એક દેવી મીસાલ ઉંચી ઉઠાવી.

"પરવરદેગારનાં નામથી કહુંછ કે હું નિરદોષ છું. તમારી દોલત કે માલ ખજાનો ચોરવાની મારી નિષ્ટા નહોતી. મેં કશુંજ લીધું નથી ને લેને બી નહી. છતાં શા માટે મેં તીજોરી ખોલી તે હું કહી શકતી નથી ને કહેવશ બી નહી."

એક પળ જર દેશાઇએ ટકટક તે બોલનારના સચ્ચાઇના જોશથી ઉશકેરાઈ આવેલા ચેહરા ગમ જોયા કર્યું.

"મીસ મોદીને જતી મુકો," તેણીએ કહયું, "હું માનુછ કે તે નિર-દોષ છે છતાં એમાં કાંઈ ભેદ તો છેજ."

"મીસ દેસાઈ, એ તમે શું—"

મગર પોતાનાં હાથની એક અસારતથી તેણીએ તે સોલીસીટરને બોલતાં અટકાવ્યો.

"તીજોરી અને બધી માલ મીલકત મારી છે, અને તે માટે પગલાં લેવાં કે નહી લેવાં તેની સત્તા મને એકલીને છે," તેણી દમામથી બોલી, "મેહ-રબાની કરી મીસ મોદી માટે કશાંજ આગળ પગલાં લેવાં નહી." અને ત્યારે પોતાનાં ખભાં બેદરકારીથી હલાવી તે સોલીસીટર એક ઠંડી નમન સાથે બાજુએ થઇ ગયો, અને કુંવરડોસાં બબડતાં ફફડતાં ત્યાંથી પોતાની સપાટ ખસર ખસર કરતાં ચાલી ગયાં, ત્યારે તે મોટાં દીલની સુંદરી હવે પેલી કમનસીબ નાઝનીન તરફ ફરી.

"તમને હું જતાં મુકુછ, મીસ મોદી," તેણીએ અજબ ઠસ્સાથી કહયું, "પણ આજથી તમોને મારે ત્યાંથી છુટી છે." અને તે હવે પીઠ ફેરવી ચાલતી થઈ.

કમનસીબ બાનુ! ગરીબ હેતવંતી છોકરી—આંસુથી આંધળી થઈ જતી આંખોએ, ફરતાં ઘુમતાં મગજે, કાંપતાં બદને તમ્મર ખાતી, તેણીએ પોતાનાં કપડાંની એકજ બેગ હાથમાં લઈ લીધી અને બાહેર નિકળી પડી.

વરસાદ પડતો હતો. વખત સવારનાં દસ વાગ્યાનો હતો. તે ભીણાતી તણાતી કયાં જતી હતી તેના એક બી ખ્યાલ વગર આગળ આગળ વધી.

તે મુંબઇ નેપીઅન્સી રોડથી ચાલતી નિકળેલી છેક વાંદરા આવી પુગી તેનું તેણીને ભાન હતું નહીં. વરસાદથી ભીણાયલી, ઘસડાતી ફસડાતી થાકથી આજેજ થએલી તે છેક વાંદરે આવી પુગી.

સ્ટેશન તરફની એકાદ નાહાની બંગલી, જે રેલ્વેને લગતી હતી તે તરફ તે ગઇ. બીલકુલ ભાંણ વગર, તે શું કરતી હતી તેના એકે ખ્યાલ વગર તે અંદર ગઈ, અને સીડી ચઢી વરંડા ઉપર દાખલ થઇ.

"મમાં, મમાં, અહીં આવો," તેવામાં કોઇ બચ્ચાંએ સાદ માર્યો અને અંદર કામ કરતી તે કોઈ ગાર્ડની બૈરી તુરત ત્યાં દોડી આવી. જેણે એક અજાયબ જેવો દેખાવ જોયો. ચંદ્ર જેવી ખીલતી ખુબસુરતીની કોઈ જવાન છોકરી વરસાદથી તમામ ભીંજાયલી હાથમાં એક બેગ પકડી, દુઃખી અને બીમાર ઉભી હતી. તેણીને જોઈ બાનુએ બોલવાની કોશિષ કરી મગર કાંઈ પણ અવાજ વગર તે તમામ નસોસ બનેલી ઉંધે મસ્તક પછડાઇ પડી બેહોશ બની.

## પ્રકરણ ૧૦.

બનવાકાળ હશે, તે સરદાર જીજી દાદીશેઠે પોતાનું કામ વેહલુંજ આટોપી લીધું અને એક વરસ માટે ગએલો તે એકાએક દશ મહીનામાં પાછો ફર્યો.

તે આવ્યો તેવો પોતાની પિત્રાઇને પણ મળ્યો નહીં. તેનો જીવ તો બધો પોતાની વાહાલી મોહરદારમાંજ લાગી રહયો હતો. સ્ટીમરમાંથી ઉતરતાંજ તેણે પહેલી ટ્રેન પકડી અને તે બેંગ્લોર ધસ્યો ગયો. તે વાહાલીને પાછી જોવા, તે મધુરો સાદ પાછો સમજવા, પોતાનું બેહસ્ત પાછું ભોગવવા.

મગર ત્યાં જતાં તેણે શું જોયું? નોકરો ઉપર મકાન નાખી તેની પરણેતર દસ દસ મહીના થયા કેથે ચાલી ગઈ હતી એમ તેનાં માણસોએ જણાવ્યું

અને તેનો તો ગભરાટનો પારજ રહયો નહીં. કાગળ આટલો વખત તેણીએ લખ્યાં હતાં. ઘણાંજ મીઠાં, હેતવંતા પત્રો પણ તે કયાંથી લખાયલાં હતાં તે અફસોસ કે ભાંણભુલા જીજુએ યાદ કર્યું કે તેનો પોસ્ટમાર્ક જોવાની તેણે દરકાર કરી નહોતી. અને કરેબી શાની? તે શું તેણીને બેંગ્લોર રહેલી સહી-સલામત નહીં માનતો હતો?

તેણે બેંગ્લોરમાંજ પહેલાં તો તપાસ કરી. ત્યાર પછી મુંબઈમાં અને છેવટે, તેણીને પહેલો જ્યાં અમદાવાદ મળ્યો હતો ત્યાં વટીક દોડયો. પણ નહીં તે વ્હાલી મીઠીનો તો જાણે કશો પત્તોજ નહી. તે પાછો મુંબઈ આવ્યો, અને બાહોશમાં બાહોશ ડીટેકટીવો હવે તેણે છોડી મુકયા. એ દરમ્યાન તે પોતાની પિત્રાઇને મળવા દાદીશેઠ હાઉસમાં ગયો.

તેનો દુઃખી દેખાવ જોઇ તે અજબ થઈ, અને તેથી તે ભલી છોકરી વધારેજ માયાળુ ને હેતવંતી થઈ.

"બીજી કાંઇ જાણવાજોગ બીના?" જીજુએ પુછયું

"હા એક અજબ જેવી વાત માહારે તમારી આગળ કરવાની છે." જરે કહયું અને પોતાની તીજોરીને લગતી પેલી કમનસીબ કહાંણી તેણીએ અવ્વલથી તે આખેર સુધી તેમે કહી. જીજુએ તે ધ્યાનથી સમજ્યું.

"તેણીએ કહયું કે ચોરી કરવાની તેણીની મકસદ નહોતી છતાં એમાં કાંઈ ભેદ હતો અને તે તેણી જણાવી શકશે નહીં એમ તે બોલી?" જીજુએ પુછયું.

"હા."

"તે કેવી હતી દેખાવમાં?" જીજુએ બધો વિચાર કરી લઈ આતુર અવાજે પુછયું, "ઘણીજ ખુબસુરત, ઉંચી મરોડદાર, સ્પેનીશ ચેહરાની, ઘેરા વાળો ને ચમકતી આંખોની, ગાલ ઉપર એક જીણા કાળા તલ સાથની હતી?"

"હા." ધીમું ફીકકુ હસતાં તે બોલી.

"ને તેનું નામ?"

"બાનુ મોદી."

"માહારા ખુદા, માહારા ખુદા," જવાન જીજુ ઉશકેરાટથી, દુખથી, મહા સંતાપથી પોકાર્યો, "જર," અને આ પહેલીજ વાર તેણે તેણીના એ ટુંકાં મીઠાં નામે બોલાવી, "જર, તે તો ત્યારે માહારી મોહરદારજ છે"

"તમારી કોણ?" સુંદર જરે મોહત સમાન ફીકકી પડતાં કહ્યુ, "શું બોલ્યા તમે?"

"માહરી મોહરદાર—માહારી પરણેતર—માહારી બાનુ." તે બોલ્યો અને સઘળી અવ્વલથી તે આખેર સુધી તેણે પોતાની બધી વાતો કહી.

"ખુદા ખબર, અહીં આવવાની અને તે તીજોરી ખોલવાની એની શુંબી મતલબ હશે," તે દુખી સાદે બોલ્યો. "પણ એટલું તો સત માનજો, જર, કે ચોરી કરવાની તેની મકસદ કદીજ નહોતી. હું એને બરાબર પીછાંણુંછ ને પૈસા માટે મેં બેપરવાહ જેવી એને જોઇછ તેવી કોઇને જોઇ નથી." થોડી વાર ત્યાં સમશાન જેવી ચુપકીદી પથરાઇ રહી. ફીકકે ચેહેરે જર બેઠી હતી. તેણીનાં બધાં મીઠાં સ્વપનાંઓ અંતે આખેર થયા હતા—તેણીની ઉમેદો આશાઓ ભસ્મ થઈ હતી.

"જર," તે તેણી આગળ આવી તેણીનો એક હાથ પોતાનાં હાથમાં લેતાં બોલ્યો, "બહેન, તું માહરી બાનુને ચાહશે? તેની બેહેન થઇને રહેશે? તેને શોધી કાઢવામાં મને મદદ કરશે?"

તે પિત્રાઇનો દુખી કરગરતો ચેહેરો જોઇ, તેણીનો જીવ બળી ગયો. બધા પોતાને લગતા ખ્યાલો ખંખેરી કાઢી તે બાળા બહાદુરીથી ફીકકું હસી.

"જીજુ," તે બોલી, "તમારી અને મારી બાનુની હું જાવેદાન સુધી મિત્ર રહીશ."

બીજા પંદર દાહાડા એ રીતે વહી ગયા પછી એક સવારે જીજુ દોડતો કે જર આગળ આવ્યો. તે ઘણો ઉશકેરાયલો લાગતો હતો.

"તેઓને પત્તો લાગ્યોછ. એક ડીટેકટીવે મારી બાનુને શોધી કાઢી છે. તે કહેછ કે તેણી વાંદરે છે. તું મારી સાથે આવેછ, જર? આપણે તુરત જઇએ." બાનુ માટેનાં તેનાં ઉંચા આઇડીઅલ્સ તુતી ગયા હતા. ગમે તે રૂડા ખ્યાલોએ તેણીએ એ કામ કર્યું છતાં તેની નજરમાં તે ચાની ચોરી તીજોરી ખોલવાનું કામ ઘણું નઓજુ, નામોશીભર્યું અને ખરાબ લાગ્યું. ઘણી હદ સુધી બાનુ માટેના મકકમ વિચારોમાં તે હડબડી ગયો, એમ છતાં તેનું હેત તો જેનું તેજ હતું. તે પવિત્ર અને પહેલા પ્યારનો પસરાટ તો જીંદગી સુધી તેનાં જીગરમાં તાજોજ રહયો.

હસ્તી રમતી તંદરોસ્ત છોડી ગએલી તે મોહરદાર ને તેણે એક નાહનાં ઓરડામાં એક નાહનાં પલંગ ઉપર તમામ મરતે હાલે પડેલી જોઈ. માઇલો સુધી ચાલવાથી અને વરસાદમાં ભીણુવાથી તેણીને ન્યુમોન્યા ઉપરાંત બ્રેન ફીવર લાગુ પડી હતી, અને વાંદરાંનાં પેલાં કોઈ ગરીબ પણ ભલાં અને ઇજજતદાર કુટુંબે તેણીની ઘણી જતન લીધી હતી.

તેઓએ તે કુટુંબનો ઘટતી રીતે આભાર માની કમનસીબ બાનુને દાદીશેર હાઉસમાં લઈ ગયા પછી તે થોડે દાહાડે બેહેતર જણાઇ. પણ તે મરવા પહેલાની શુધ્ધી હતી એમ સઉ કોઇ સમજી ગયાં.

તેણીએ પોતાનાં ઘણીને મળવા માંગ્યું અને તેનાં ખભાં ઉપર પોતાનું મરતું માથું ટેકવી તેણીએ સઘળી વાત તેને જર અને પેલા સોલીસીતર સામે જાહેર કરી.

"હું જરાખી શક લઈ જવા માટે શરમીંદો છું" તે સોલીસીટરે કહયું, "સરદાર જીજુભાઈ મને માફ કરજો." એ પછી તે વર બૈયર એકલાં પડયાં. અને અતી વ્હાલથી તે ભરથાર તે મરતી મોહરદાર આગળ ગુઠણે પડયો.

"તાહારે એમ નકી કરવું હતું વ્હાલી," તે બોલ્યો. "જો જરાને ખાતર હવે તને કેટલું વેઠવું પડયું છે તે."

"મેં તમારૂં ભલું ચાહીને કર્યું, મારા જીજુ," તે બોલી. "તમારેજ ખાતર

ને તે જો એક ખરાબ પગલું ગણાતું હોય તો મને માફ કરો ઓ માહારા ભરથાર."

એક સવારે પોતાનાં ધણીનાં ખોળામાં માથું મુકી, તેનાં બન્ને હાથો પોતાનાં હાથમાં પકડેલા રાખી, તેને દુઃખમાં ગરક કરી બાનુ, તે ગરમ હેતવંતા સ્વભાવની કમનસીબ પરણેતર બેહસ્ત પામી.

* * *

સરદાર જીજુ દાદીશેઠ કદી પોતાની મોહરદારનો ગમ ભુલ્યો નહી. મગર વખત જતાં સુંદર ને સહનસીલ જરૂનાં મીઠા ખવાસની તેની ઉપર ઘણી અસર થઈ. બાનુને પાંચ વર્ષ વિત્યાં બાદ એક સવારે તેણે જરનાં હાથની માંગણી કરી.

"તું મને ચાહેછ તે હું જાણું છ, જરૂ." તેણે નરમીથી કહયું. "ને માહારૂ શાંત, ઠરેલ અને જાવેદાન સુધીનું હેત હું તને અર્પણ કરૂં છું. બાનુને આપેલું તેવું પહેલું જુસ્સાવાળું છોકરવાન તે હેત નથી જર, પણ જે બાકી છે તે હું તને આપું છ તે તું કબુલ કરશે? બાકીનાં માહારા વર્ષો સુખી કરશે?"

અને ભલી જરે સંતોષની બંદગીનાં શબ્દો સાથે હા નો જવાબ કરતાં પોતાનાં બન્ને હાથો તેનાં હાથમાં મુકી દીધા.

ઘણી વાર તે પોતાની આગળી ખુબસુરત સ્પેનીશ જેવા ચેહરાની મોહરદારની તસવીર આગળ ઉભેલો જોવાય છે, અને ત્યારે ખુદ બાનુજ પોતાની આંખ તેની તરફ હંમેશનાં પ્રેમથી ચમકાવતી હોય, ખુદ તે વ્હાલા શબ્દો તેનાં કાનમાં ગણગણતા હોય તેમજ તેને લાગે છે અને જ્યારે દુઃખનાં એક ડચકાંથી તે તે તસવીર આગળથી ફરી જાય છે, ત્યારે તેની હાલની મોહરદાર ભલી અને શીરેસ્તાઇ ખસલતની જર, કોઇબી ઓરત કરી શકે તેથી એક ડગલું આગળ વધી, જરાએ અદેખી થયા વગર, તેને પ્યારથી પટાવતી, અને મીઠાસથી તેનો ગમ ભુલાવતી, તેને પોતાની સાથે બાગમાં ઘસડી જાય છે કે જ્યાં મીઠી પટપટ કરતાં નાહનાં તેઓનાં બાળકોની સંગતમાં જીજુ ફરી સુખી થએલો જોવાય છે.

સમાપ્ત.

# "કીસની કિમત."

## પ્રકરણ ૧.

બચાં પારખ ઘણે દીલગીર ચેહરે વિચારવંત પોતાના નાહનાં ઘરની બારી આગળ બેઠી હતી. તે ગરીબ પણ ખાનદાની માબાપનું એક પુરૂં બચ્ચું હતું અને હાલ ઘણાં ઉંડાં વિચારમાં પડેલી તે જવાન છોકરી જણાતી હતી.

તે મજાહનાં દેખાવની હતી—એ બચાં પારખ ભુરા ભુરા કરચલ્યા વાળની, કાળા કાળા ડોળાની અને હસ્તા રાતા હોઠોની તે સદાની હસ્તી, રમતી અને ખુશાલ તબીયતની એક છોકરી હતી. એટલા માટે હાલ તે મધુરો ચેહરો વિચારવંત અને દુ:ખી જોવો, તે મનોહર વાળોવાળું માથું ગમમાં ઝુલાઈ પડેલું જોવું એ જરા અજબ જેવું હતું.

"બચાં," નરમ અવાજે કોઇએ તેનું નામ પોકાર્યું અને પોતાનાં ખ્યાલો માંથી બિદાર થતાં તેણીએ પોતાની માતાને ત્યાં આવેલી જોઈ.

"માહારી દીકરી," મેહરબાઇ પારખ પ્યારથી બોલ્યાં, "કેટલો ગમ કરશે? કેટલો વિચાર કર્યા કરશે? જેવી ખુદાની મરજી, તું હિંમત રાખ ને દાદાર હોરમઝદ હજુ બી બધું સારૂંજ કરશે."

તે છોકરીએ જવાબ દીધા વગર એક સુકકું ડચકું ખાધું.

"બચ્ચાં, તું ગમ કરેછ તે જોઈ, તાહારા પપા બિચારા બહુ બરેછ," મેહેરબાઇએ પાછું કહયું. "તું હિંમત રાખ દીકરા, કે અમોને બી હિંમત રહે."

એક દ્રઢ ઠરાવ સાથે એ સાંભળી તે છોકરી ફીકકું હસી અને તે માતા સામે જોયું.

"વારૂં મમા," તે હસીને મીઠાસથી બોલી. "હવેથી હું એવી રડતી ચણુવારી થઇ જવશ નહી,"

તેજ ઘડીએ બાહેરથી એક મોટરનું હોર્ન સમજાયું, અને બીજીજ પળે નરમ ટકોરા અને "હું આંઉ કે?" નો સાદ ત્યાં સંભળાઇ રહ્યો.

"શીરીન?"

તે બારણું ખુલ્યું, અને એક શાહાજાદી જેવી દમામદાર મરોડદાર, ને તોરવંતા આકારની છોકરી ત્યાં દાખલ થઇ. ઘણી તેજસ્વી ખુબસુરતી ધરાવતો તે મીઠો મુખડો હતો, જ્યારે સામાનું અંતર છેદી ભેદી નાખે તેવી ઝળકતી કાળી ચશ્મો અને કાળા રેશમ જેવા વાળો તે ધરાવતી હતી. રાતા હસ્તા હોઠો સાથે પોતાની સાથે ઝળકાટ અને તેજ લાવી હોય, તેમ તે હસ્તી રમતી ત્યાં દાખલ થઇ. તે શીરીન લામ હતી.

"હલો બચુ! હલ્લો મેહરબાઇ માએ!" તેણીએ અંદર આવતાંજ એક મધુરાં હસ્વાં સાથે તે માબેટી તરફ જોયું, અને થોડીક પળની વાતચીત પછીથી મહેરબાઈ તે બન્ને મીત્રોને વાતે છોડી ચાલી ગયાં.

"હું આવી ત્યારે એવું ધુખરાયલું મોનું કરીને શાની બેઠેલી હં બચાં?" શીરીને પુછ્યું. "ને એ આએ તાહારી આંખોમાં આવો દીલગીરીનો છાપ શાનો? જો વરી મને નહીં કહે?"

થોડી પળ તે છોકરી ચુપ બેઠી. દેખાઈતી રીતે તે બાપડી લાગણીણીઓથી આજેજ થઈ ગએલી લાગતી હતી. તે સુંદર હોઠો ધ્રુજતા હતા, તે આખો મીઠો ચહેરો ફીકકો ને દુઃખી જણાતો હતો, ને મોતી સમ આંસુઓ તેણીનાં ગાલો ઉપરથી ગબડી જતાં હતાં.

"સીલ્લુ," તે અંતે બોલી. "સમજ, હું તુંને બધું કહેવશ. તું જાણેછ કે ખરી કેની કે માહારી આંખો આજ લાંબો વખત થયો નબળી પડતી જતી હતી?"

"હા," શીરીને ઇન્તેજારીથી કહયું. "પણ ખચ્ચીત તું એમ તો નહીં કહેવા માંગતી હોય કે તે વધારે બગડતી જાય છે? શું ખરેખર તેમ છે બચાં?"

"અફસોસ હા," તે છોકરીએ કહયું. "માહારી આંખો તદન નકામી પડી ગઇ છે, ખરૂં પુછો તો મને મુદલ દેખાતું વઠીક નથી; બધું જાણે ઝાંખા ઓળા હોયને તેમજ લાગેછ, ને એજ કારણુસર તો આજે મને પાટકની વર્ક કલાસમાંથી રજા આપી દીધી કે તમારી આંખે દેખાતું નહીં તો કામ તે કેમ કરી શકવાનાં હતાં, ને તેજ વાતનો મમાં ને હું કયારનો બળાપો કરતાં હતાં.

શીરીન લામ ઉઠીને પોતાની સહી પાસે ગઈ, અને તેણીએ પોતાનાં બન્ને હાથો વચ્ચે તે સુંદર ચેહરો પકડી તે ભુરી ને મીઠી જલદીજ સદા માટે ગુમ થનારી આંખોમાં હેતથી જોયું.

"બચાં-માહારી ગરીબ બચાં," તે લાગણીથી બોલી. "પણ શું કાંઇજ ઉપાય નથી?"

"છે," તે ઉલટથી બોલી. "પણ અમારાં કયાં એવાં નસીબ, આમારી પાસે કયાં એટલા પૈસા છે કે એ ઉપાય અજમાવ્યે?"

"પણ શું તે કહે તો ખરી."

"કેહજે જરમની જઇ ત્યાં આંખનું જો ઓપરેશન કરાવું," બચાંએ કહયું. "તો માહારી આંખોનું નુર પાછું આવે ખરૂં, પણ તે સારૂં વીસ હઝાર રૂપીઆ જોઇએ ને વીસ હઝાર રૂપીઆ લાઉં કયાંથી?"

એકાદ પળ તે બન્ને જણીઓ ચુપ બેસી રહી. જેવામાં ઉલટમંદ ચહેરે એકાએક શીરીન તેણી તરફ ફરી.

"બચુ, તું જાણેછ તો ખરી કે જો એટલી રકમ મ્હારી પાસે હતે તો એક બી આનાકાની વગર હું તને તુરતજ ને તાબડતોબ આપતે." તે બોલી. "તું તે સંમજી શકેછ કેની? પણ માહારા પપાએ ગયે સાલ એટલો

બધો પૈસો ખોહયો, અને તેનો હજી એવણુ એટલો ગમ કરેછ કે માહારી ખાતરી છે કે એટલો પૈસો જો હું માંગું તો બી એવણુ બિચારા હાલ સ્પેર કરી શકે નહીં, પણ બચાં," અને તેણી તેની વધુ પાસે આવી ઘણાં ખાનગી અવાજે બોલી. "બચાં તું તો પેલા બોમ સકલાટ સાથે અદરાવાની હતીની? શું તાહારે ખાતર એ એટલો પૈસો નહીં કાઢી આપે? એની પાસે તો લખ્ખો રૂપીઆ છે."

એક દુઃખી છાપ એ સાંભળતાં બચાંનાં મુખડા ઉપર ફરી વળ્યો.

"સીલ્લુ," તે કાંઇક ટેકથી બોલી. "હું કદીબી એમ પૈસા કોઈ પાસે માગું નહીં, ભલે માહારી આંખ સદાની જતી રહે. ભલે હંમેશની હું અપંગ થઈ જાઉં, એમ ભીખ તો હું કદી કોઈ આગળ માંગું નહીં, પણ સીલ્લાં ડીયર, એટલુંજ કયાં છે? માહારો મોટામાં મોટો સંતાપ ખુદ બોમ પોતેજ છે. જો આએ વાંચ." અને તેણીએ એક કાગળ તેનાં હાથમાં મુક્યું. તે નીચે મુજબ શીરીને અજબ થતાં વાંચ્યું.

"વ્હાલી બચાં,

માહારી તાહારા માટેની લાગણી સારૂં તો તું બરાબર વાકેફ હશેજ. ને ડીયર ગર્લ, તને પરણી માહારી પોતાની કરવા હું ઘણો આતુર છું. પણ–પણ બચાં, લીટલ ગર્લ, તું સમજી શકશે કે અપંગ હાલતની એક છોકરી માહારી મોહરદાર દાખલ સોસાયટીમાં પોતાની જગ્યા લઈ શકેજ કેમ? માહારા જેવા એકની મોહરદાર થતાં તાહારી ફરજો ઘણી મોટી થઇ પડે તો તે બધી તાહરી આંખોનાં નુર વગર તું કેમજ બજા લાવી શકે? એટલા માટે જાણજે સ્વીટ ગર્લ, કે મને તાહારી દરકાર છે છતાં, તાહારી સાથે હું પરણી શકતો નથી. તું કહેછ તેવું એકાદ ઓપરેશન જો તું કરાવે ને તે સકસેસફુલ થાય તો આ લખી હું તને વચન આપુંછ કે ત્યારે હું

તાહારી સાથે જરૂરજ પરણુશ તેટલાં મને તાહારો સદાનો સાચો મીત્ર ગણુજે અને તું બી માહારી મીઠી મીત્રજ રહેજે.

લી૦ ઓમ સકલાટ.

આ તે પત્ર હતો, જે વાંચીને શીરીન લામનાં તો ગુસ્સાથી જાણે ડોળાજ નિકળી પડયા.

"એ સમજેછ શું એનાં મનમાં," તે ખરાં દીલથી છેડાઈ. "શેમફુલ, નહીં માફ કરવા જેવું અપમાનભર્યું, પણ બચાં," તેણીએ થોડોક વિચાર કરી લેતાં વધાર્યું. "આએ કાગળ તું બહુજ સાચવીને ઠાવું રાખજે. એમાં એ લખેછ કે જો તાહારી આંખની રોશની પાછી આવે તો તે તુંને જરૂરજ પરણે. એ એક લેખીત વચન છે. એ એક મુદ્દો છે, ને ખુદાની લાકડીને અવાજ નથી, તેનાં રસ્તા ઘણાં ન્યારા છે. એવો વખત કદાપી આવે બી કે જ્યારે તાહારી આંખો પાછી તદન દેખતી થાય, તો તે વખતે એનાં આએ લેખીત વચન મુજબ એને તાહારી સાથે પરણવુંજ પડશે. બોલ બચાં, ગમે તે થતાં બી ભવિશમાં તે તુંને પરણવા માંગે તો તું પરણે કેની તેની સાથે? તેની તુંને તો દરકાર છેજ કેની?"

જે એક ગરમ રતાશ તે મનોહર ચેહરા ઉપર ધસી આવ્યો અને તે ભુરી ચશ્મો ઓશકથી નિચે ઝુમી પડી તેજ તેનો પુરતો જવાબ હતો.

"ખુદા હજી બી ભલુંજ કરશે બચાં." શીરીને ખરાં દીલથી કહયું. ને પછી તે વાત તુરત ફેરવી નાખતાં તે પાછું પોતાનું હંમેશનું ઝળકતું ગડબડખોરૂં હસ્વું હસી.

"કાલનાં મોદીવાળાને ત્યાંનાં એટહોમમાં આવવાની છે કે?" તેણીએ પુછયું. "બધી ક્રીમ ઓફ સોસાયટી એકઠી થશે જો."

"હું નથી આવવાની," બચાંએ ગરીબાઇથી કહયું. "સીલ્લાં, હાલનાં જમાનામાં પૈસો તેજ બધું છે, અફસોસ કે ખાનદાનની કદર હવે કરે છેજ કોણ? જ્યારે અમારી પાસે પૈસા હતા ત્યારે અમોને બધાં તેડઓલાવ

કરતાં હતાં. હવે જ્યારે નસીબનું ચક્કર ફરી ગયુંછ ત્યારે કુલ ખલકત અમને વિસારી બેઠી છે. શીરીન વ્હાલી બેન, તાહરા સિવાય, તે આગળનાં, મોટા લોક દોસ્તો બધાં અમોને તજી ગયાંછ ને મોદીવાળાંને ત્યાં તેથી અમોને કાલનું તેડું નથી. તુંને યાદ તો હોશેજ કે એજ મોદીવાલાં એક વાર અમારે ત્યાં રાત દાહડો આવનાર જનાર હતાં. રે અફસોસ શું જમાનો બી છે."

શીરીન હોઠ કરડી ચુપ રહી. તે બાપડી બોલે બી શું? તેની આ ફ્રેન્ડ માટે ખરાં જીગરથી તેનો જીવ બળી જતો હતો, પણ તે કરે તે બી શું? થોડી વાર પછી તે ઉઠી, ઘણાં હેતથી તે સહીને મળી, હિમતનાં મીઠાં સખુનો કહયા અને પછી ત્યાંથી ચાલી ગઈ.

———:o:———

## પ્રકરણ ૨.

———:o:———

મોદી મહાલ તેનાં ઉંચાં મીનારાઓ સાથે ઘણાં દમામથી ખડો થઇ રહયો હતો, અને હાલ ઘણી સુંદર રીતે ગાજીવાજી રહયો હતો. ઉત્તમમાં ઉત્તમ શણગાર સાથે તે આખું મકાન વીજળીક રોશનીમાં દીપી રહયું હતું અને ચુંટી ચુંટીને તેડેલાં એકથી અનેક પરોણાંઓ મનગમતી મોજમાં અહીં તહીં ગુંટાયલાં જોવાતાં હતાં.

મગર તેવામાં તે આખા મંડળમાં કાંઈ સેનસેશન થઇ રહયું. દુરથી કોઇ એક સુંદરી ઘણાં દમામથી ચાલી આવતી જણાઇ, તે શીરીન લામ હતી, અને આજનાં ગેધરીંગની રાણી તરીકે એકે અવાજે તે કબુલ રહી.

તે ઉંચી ગ્રેસફુલ, દમામદાર, બહુ ઠસ્સાથી પણ હસતે ચેહરે અને નરમાશમાં પ્રકાશતી આંખો સહીત ત્યાં ચાલી આવી, અને પોતાનાં યજમાન બાનુને મળી. ખુલ્લા સીગ્રીન રંગની બારીક વણાતની જીણી સાદી સાડી ઉપર ઝળકાટ મારતી કસબી કોરથી તે ઘાટમારો ચહેરો બહુ દીપક મારતો હતો. તંદરોસ્તીના કુદરતી રતાશથી તેણીનાં ગાલો ધમધમી આવ્યા હતા અને

આંખો રમુજમાં ચમકતી હતી. તેણી બેદરકાર, બેપરવાહ અને ઘણી તોરવંતી જણાતી હતી. તે એક એવું તો દીલ આકર્શીત પીકચર રજુ કરતી હતી કે તેણીને વાત કરતી જોવી એ એક પહેલા પ્રકારની મોજ સમાન હતુ.

"બાઈ જોવ," એમ સકલાટ અજાયબીથી પોકારી ઉઠયો. "આએ તે ખરી ખુબસુરતી, લુક હીયર મંચી, તું તો ખુબસુરતીનો પરીક્ષક ગણાયછ તો કહેની વોટ ડુ યુ થીંક ઓફ શીરીન લામ?"

મંચુ મકોરીએ ચુંચી આંખો કરી પોતાની પરીક્ષા એક પળવારમાં કરી લીધી.

"બેશક," તેણે કહયું, "છોકરી ઘણી ખુબસુરત છે. પણ હું એમ પુછું બામી, કે તાહારા તો ટેસ્ટ માંજરી આંખો ને ભુરા બાલ સારૂં હતાની તો એકદમ આજે આએ છોકરીને કેમ વખાણનો થઇ ગયો?"

"હં-હા–" તે બોલ્યો. "હું ધારૂંછ કે માહારા વિચારો મેં ફેરવ્યા છે, ત્યારે શું તુંને બી મીસ લામ ઘણી સુંદર લાગેછની?"

"ઓ યસ," મકોરીએ ગોખી ગોખીને ફીલસુફની કાની બોલવાનું ચાલુ રાખ્યું, "ઘણાં જણાને રંગની સુફેદાઇ, બ્લુ આંખો અને સોનેરી વાળ પસંદ હોય છે. પણ માહારા મત મુજબ, અને કોઇબી ખરા ખુબસુરતીનાં ક્રીટીકનાં મત મુજબ ખરી સુંદરતાં ચેહરાનાં સંપુર્ણ ઘટમમાં ઘણાંજ મનોહર મરોડદાર બદનનાં આકારમાં અને ખરી તંદરોસ્તીમાં આવી રહે. વળી તે સાથે નરમ ચળકતાં, સુંવાળા, કાળાં ઝુલફાં ને ચમકારા મારતી નરમાશવાળી કાળી ભમ્મર આંખોથી તે સુંદરતામાં બેશક ઘણો મોટો વધારો કરી નાખે. હું પોતે બામી, ભુરી ભુરી છોકરીઓ કરતાં ડાર્ક ટાઇપની મીઠા સંપુર્ણ ચહેરાની સુંદરીઓનો વખાણનાર છું."

એમ સકલાટ મોટેથી હસી પડયો.

"તેં બરાબર ખુબસુરતીઓનું વર્ણન આપી દીધુંછ, દોસ્ત," તેણે

કહયું, "વળી એટલી સરસ રીતે કે જન્મ સુધી મને તે યાદ રહી જશે," અને તે પાછો હસ્યો."

આખી સાંજ દરમ્યાન એક વાર તે ખુબસુરતીની રાણીને મળ્યો, અને ઘણી છટાથી નમ્યો. શીરીને મગર ઘણોજ ઠંડો તેનો જવાબ કર્યો. તેણે લખેલું પેલું ઘાતકી કાગળ અને ગરીબ બચાંનો કડવાસભર્યો મુખડો તે ગમે તે કરતાં ભુલતી હતી નહીં.

"મીસ લામ," બોમે તેવામાં કહયું. "ઘર જતી વખતે તમને માહારી કારમાં ઘેર પોંહચાડવાની મને રજા છે?"

તે ના કહેવા જતી હતી મગર એકાએક કાંઇ ખ્યાલ થતાં તેણી મક્કમ ઠરાવ સાથે તેની તરફ ફરીને ઘણું મીઠું હસી. પોતાની ગરીબ સહી સારૂ એ બોલ કહી તેને મનાવી લેવાનો તે સાચી સુંદરીનો હેતુ હતો.

"થેંક્યુ," તે બોલી. "હું ઘેર જતી વખતે તમારી આગળ આવીશ."

બરાબર આઠને સુમારે તે મેળાવડો વિખરાવા લાગ્યો, અને શીરીન લામ ત્યારે એક જીણો સ્કાર્ફ ઘણી મનોહર રવેસે પોતાનાં માથા ઉપર લપેટી લઇ, બોમ સફલાટની ફાંકડી ટુ સીટર કારમાં ચઢી બેઠી.

થોડીક વાર તો તેઓએ એલારપેલારની વાતો કરી, પછી ઘણાં નરમ હસ્વાં સાથે શીરીન તેની તરફ ફરી.

"મી૦ બોમ," તેણીએ કહયું. "શું બચાં પારખને તમે ભુલી ગયા? કેવી મજાહની છોકરી છે એ. ને કેટલું અફસોસભર્યું કે બિચારી પોતાનું આંખોનું નુર ગુમાવતી જાયછ."

"હં-હા-મેં એમ સમજ્યુંછ ખરૂં," તે હેન્ડસમ હેવાને કહયું.

"મી૦ બોમ," અને તેણીએ ઘણી આતુરતાથી, તદન બેધ્યાનપણે તેનાં હાથ ઉપર પોતાનો ગુલછડી જેવો હાથ મુકયો. "મી૦ બોમ, બચાં—"

પણ તે આગળ બોલતાં અટકી ગઇ ને ગભરાટથી ફીકી પડી, ક્યારનો

જબરીથી પોતાની ઉપર કાબુ રાખનો એમ તેણીનાં હાથનો સ્પર્શ થતાંજ તેની તરફ ફર્યો, અને એકજ હાથ સ્ટીઅરીંગ વ્હીલ ઉપર રાખી બીજે હાથે તેણે તેણીને પકડી પોતાની તરફ ફેરવી.

"બચ્ચાં ફચ્ચાંની વાત મને જોઇતી નથી. એવી વાતો બારી મુકો." તેણે ધાડે અવાજે કહયું. "ને શીરીન, વીલ યુ ગીવ મી એ કીસ ?"

આ અપમાનથી તે પાણી પાણી થઇ ગઇ. ગુસ્સાથી તેણીનાં નેણુજ નિકળી પડયાં. અને ઉશકેરાટથી તેણીની છાતી ઉપર નીચે ઉંચકાવા લાગી.

"તમોને શરમ નથી આવતી, આવી માંગણી કરતાં," તે ગુસ્સાથી થરથર ધ્રુજતાં પોકારી. "મને નહીં ખબર કે છેક આટલી હદ સુધીનાં તમો નિચ ને હલકા ખવાસનાં હશો."

તે ફજેત જેવું હસ્યો.

"એ શું નાટક કરતી હોય તેવું એકટીંગ કરી બતાવેછ શીરીન," તેણે ખસ્યાણો પડતાં કહ્યું, "એટલું બધું તે શું થઇ ગયું ?"

તેણીએ પોતાનાં ડોળાનાં દાબથી તેને થથરાવી નાખવા ચાહયો મગર એકાએક એકદમ નફટ થતાં, હસીને તેણે પોતાનો એક હાથ તેણીનાં ખભાં આસપાસ મુકયો, જેનો સ્પર્શ થતાંજ તે ચમકી ઉઠી ને હજી તો તે સમજી શકે કે તેણી શું કરવા માંગે છે તે પહેલાં ધડાકાબંધ તે મોટરનું બારણું ખોલી નાખી તેણી તે ફુટ બોર્ડ ઉપર ઉતરી પડી.

"ફરીથી એમ કરો," તેણીએ તેને થથરાવ્યો અને તે સુંદર ચશ્મો-માં ગુસ્સાનાંજ જ્વાળા જળતા જોવાતા હતા—"ફરીથી એમ કરો ને હું ચાલતી મોટરેથી કુદી પડી આપઘાત કરશ, અગર બુમાબુમ કરી તમારો ફજેતો કરી નાખીશ."

તેણે મોટરની સ્પીડ એકદમ ધીમી કરી નાખી.

"બેસી જાઓ, બેસી જાઓ મીસ લામ," તેણે કરડે સાદે પોકાર્યું. "શું મરવા માંગોછ કે એમ બાહેર ટીંગાઇને ઉભાં છો ?"

તેણી ફીકકું હસી ને પાછી પોતાની બેઠક શોધી ત્યારે જો કે તે ચેહરો મોહત સમાન ફીકકો જણાતો હતો છતાં, તે આંખોમાં કાંઈ અજબ ચળકાટ જોવાતો હતો.

"મી૦ સકલાટ," તેણીએ પોતાની વલાણુ ફેરવી નાખતાં અને બેદર-કાર હસ્વું હસ્તાં મક્કમ સાદે કહ્યું. "તમારે કીસ કરવી છે?"

તેણે હબતીને તેણી તરફ જોયું. તે પોતાનાં કાનોનો ગોયા ઇતબાર બી કરી શકયો નહી.

"તમારે તે કીસ લેવી છે?" તેણીએ પાછું કહ્યું, "જો લેવી હોય તો બોલી દેઓ ને હું તેની કિંમત તમોને કહું."

"કિંમત?" તેણે અજાયબી પર અજાયબીથી પુછયું, "શું બોલોછ તમે?"

"એટલુંજ," એક વિચીત્ર હસ્વું હસ્તાં તે બોલી, "કે તે કીસની કીમત પડશે. કબુલ છે તમોને?"

તેણે તેણી તરફ જોયું. તે સંપુર્ણ ચેહરો, તે ઉંચી શોભીતી ગરદન તે ખામી વગરનો મરોડદાર આકાર, અને મીઠા મગરૂર હોઠો જોઈ, તે જુસ્સાથી બોલ્યો.

"કબુલ-લાખ વાર કબુલ," તેણે કહ્યું. "બોલ શીરીન એક કીસની તું શું કિંમત લેશે? અરે વાહરે તાહરી મજાક. કહે, સેન્ટની એક સુંદર શીશી કે માથે બાંધવાની વેલ એ બેમાંથી કઈ ચીજ તને પસંદ છે?"

તેણી તુચ્છકારથી હસી.

"બેમાંથી એક બી નહી." તે બોલી, "માહરી કિંમત તો ઘણી મોટી છે."

"પણ શું? કેટલી?"

"વીસ હઝાર રૂપીઆ." તે બોલી.

"બાઈ જોવ," તેણે પોતાની ખુબસુરત આંખોનાં ભવાં ઉપર ચઢાવતાં પોકાર્યું. "વીસ હઝાર રૂપીઆ એક કીસ માટે?" અને તે રમુજથી હસ્યો.

"કાંઈ ગાંડી થઇછ છોકરી, કે આવી નવી રીતનું હસાવેછ ?"

"હું ગાંડી બી નથી થઈ ને હસાવતી બી નથી," તેણી ગંભીર ચેહરે બબડી, "તમારે જોઇએ હા કહો તમારે જોઇએ નાં કહો"

તે સંપુર્ણ ખુબસુરતી જોતાં, તેનું માથું ફરી ગયું. તેને કોણ રોકનાર હતું ? તે જવાન શેઠીઓ લાખ્ખોનો એકલો માલેક હતો તો એકજ કીસ માંટે તે વિસ હઝાર રૂપીઆ કાઢી આપે તેનું તેને પુછનાર બી કોણ હતું ? તે તુમાખથી હસ્યો.

"ઓલ રાઇટ મીસ," તેણે ખુશાલ કહ્યું, "વીસ હઝાર કબુલ, લાવો તે કીસ."

"એમ તે કાંઈ બને બી કે ?" તેણીએ વાંધો લીધો. "લાવો પહેલાં તે વિસ હઝારનો ચેક."

"એટલે ?" બોમે બુમ પાડી, "તમે એમ ધારોછ કે માહરી ચેક બુક તે હું મારા ગજવામાં લઇને ફરતો હોવશ એમ ? શું, તમને મારી પર વિશ્વાસ નથી ?"

"વિશ્વાસનો સવાલ નથી." તે કાંઇકિ નરમાશથી બોલી, "પણ કામ કાયદાસર થવું જોઇએજ. તમે મને કાલનું એપોઇન્ટમેન્ટ આપો ને સીધી રીતે કામ લેઓ."

તેને ચમકી ઉઠતાં તેણીએ દીઠો. તેની આંખોમાં ઉશકેરાટનો પ્રકાશ તેણીએ જોયો, અને ઝડપથી પાછું મોટરનું બારણું ખોલી નાખી તે ફુટ બોર્ડ ઉપર ઉતરી ઉભી.

બોમ સકલાટે ટક ટક તે ખુબસુરતીની પુતળી તરફ એકાદ પળ જોયું.

"ઠીક છે," તેણે લોહીનો ઘૂંટ ગળી જતાં અને પોતાનો ગુસ્સો મહામેહનતે સમાવતાં કહ્યું, "કાલે સવારે તે કીસ આપવા અને તે કીસની કિંમત

લેવા મારી ઓફીસ પર દસ વાગે આવજો. ગમે તે થઈ જતાં તે ફીસ તો હું લેવશજ તેની ખાતરી રાખજો. અને હવે, યુ બેટર લીવ મી, નહીં તો હું જે બોલશ ને કરશ તેનો હું જોખમદાર નથી," તેણે પોતાની કાર ધીમી કરી ઉભી રાખી, અને એક નરમ ગુડનાઇટ સાથે વધુ એક બી બોલ વગર શીરીન લામ તેને છોડી ગઇ.

---

## પ્રકરણ ૩.

—:૦:—

બરાબર દસને ટકોરે બોમ સકલાટની ઓફીસના તે ખાનગી ઓરડાનું બારણું ટપ ટપ ઠોકાયું અને તેના "કમ ઇન" ના જવાબમાં તેના ધારવા મુજબ શીરીન લામજ ત્યાં દાખલ થઈ.

ગઇ કાલે તેણે તેણીને કિંમતી સાંજના પોષાકમાં ઝવેરાતમાં મઢાયલી ને ઝળકતી જોઇ હતી. હાલ તે તેણીને સવારના સાદા પોશાકમાં જોઇ અજબ થયો કે કયા ડ્રેસમાં તેણીને વધુ વખાણવી. નેવી બ્લુ રંગની ઝીણી ફાંકડી સુઇસિની કોરની સાડી અને સુફેદ અને નેવી બ્લુ જીણા પટાની તરાંહના એક સાદા વોઇલના જમપરમાં તેણી ઘણી મોહક લાગતી હતી. તે સુંદર માથું હાલ સોડ કીધા વગર ખુલ્લું હતું, અને સાઇડિ લોકસ કાપેલા તે કાળા વાળો જીણા રીંગલેટસમાં અહીં તહીં પડેલા જણાતા અને બહુ સુંદર લાગતા હતા. તેણીના હાથો છેક ઉપર સુધી ખુલ્લા હતા અને તે ઉંચી ગરદન ઘણા ટેકથી ઉપર ટેકવાયલી જોવાતી હતી. એક રાતા ગુલાબની ખીલતી કળી તેજ માત્ર તેણીનું ઝવેરાત હતું. જે એક ગળાં આગળથી પોતાના જમપર ઉપર તેણીએ પીન કરી હતી, જ્યારે બીજી તેવીજ એક પમરતી કળી અને લીલાં પાતરાં તેણીના ઝળકતા વાળમાં દીપી રહયાં હતાં.

"ગુડ મોરનીંગ," શીરીને નરમાશથી ફીકકું હસતાં કહ્યું, "હું પુછવા આવીછ કે તમે તમારો કાલનો વિચાર ફેરવ્યોછ કે નહીં. મેં તો એ ખ્યાલ ઘણા ઉંડા વિચાર પછીથી પડતો નાખ્યો છે."

"શુંઉઉઉઉઉઉ ?" તેણે બરાડ પાડી, "વિચાર ફેરવ્યો ? શા માટે ? કોણુની રજાથી ? તમે જોઇ શકતાં હશો કે કાલે આપણે કાચાં પાકાં એ કોન્ટ્રેકટથી બંધાઈ ગયાં છીએ. ને તે માહરી સંમતી વગર તોડવાનો તમને કોઇ હક નથી. અનલેસ તમારાં જીગરને જુદાં નિવડી, તમો બેવચની થવા માંગતાં હોવ તો તે જુદી વાત છે, ને તેમ બી યાદ રાખજો કે આજે નહીં તે કોઈ દાહાડો બી લાગ મળતાં વ્યાજ સીકકે મારૂં વેર વસુલ કરીશ."

"મી૦ સકલાટ," તેણી નરમ દીલગીર સાદે બબડી, "સમજો, અમથા ઉશ્કેરાઈ ના જાઓ. સમજો ભાઈ, કે આજ સુધી માહરી વીસ વર્ષની ઉમ્મર સુધીમાં માહરા પપાના હોઠો સિવાય કોઈ બી મર્દના હોઠો મારી ચામડીને મેં લાગવા દીધા નથી, અને છેક વરસોથી મેં પવિત્ર સોગંદ ખુદાને ઘેર નોંધાવેલા છે કે માહરા પપા, અને માહરા ધણી, કે જેની સાથે હું પરણું તે સિવાય કદી કોઈ મને પોતાના હોઠ લગાડી શકશે નહીં. તમો જાણોછ કે એ કીસ લીધાથી માહરે શું કિંમત આપવી પડશે તે ?"

"શું ?" તેણે તાજુબીમાં તે પવિત્ર ચેહરામાં જોતાં પુછયું, "શું કિંમત ?"

"આખો ભવ કુંવારૂં રહેવાની એ કિંમત છે," તે બબડી, "ભાઇ બોમ, ખ્યાલ કરો કે તે કિંમત શું તમારા વીસ હઝાર કરતાં જ્યાદા નથી ?"

"પણ એવા વાહીયાત ખ્યાલો રાખવાની કાંઈ અગત ?" તેણે કહ્યું, "આજ કાલની છોકરીઓ તો ચપોચપ કીસ કરાવેછ. એક કીસમાં તે મોંઢું શું આવી ગયું ?"

"ઘણું," તેણીએ જોશથી કહયું, "પણ એ તો જેવા જેના વિચાર. માહરા સોગંદ હું તોડી શકતી નથી. જે મરદને હું કીસ કરવા દેઉં તે માહરો ભરથાર હોવોજ જોઇએ. અગર તેની સાથે હું પરણી નહીં શકું તેમ હોય તો માહરે જન્મો જન્મ કુંવારૂં રહેવું. એક મર્દના હોઠો મને લાગ્યા પછી બીજા સાથે હું પરણું ને બીજાની હું થાઉં એ બનેજ નહીં. માહરૂં જીગર એ કબુલ કરેજ નહીં."

"શીરીન," ઘણા ગળગળતા સાદે ઓમે કહ્યું, "ત્યારે તું મારી સાથે પરણુની ? તું હા કહે તો માહરા જેવો ભાગ્યશાળી આખી દુન્યામાં બીજો કોઈ નહીં કહેવાય. શું એ સુખની હું આશા રાખું ?"

એક જે હસવું તેને મળ્યું તે તેનો જવાબ હતો અને તે તેની બકવા બંધ કરવા બસ હતો. તે ચુપ થઈ ગયો.

"છેલ્લીજ વાર પુછુંછ કે એ વાત પડતી નાંખશો ?"

"નહીં," તેણે તોછડાઈથી કહ્યું, "તમે રાત્રે વચન આપ્યું તે પાળો ને તમારા વિસ હઝાર લેઓ."

બેહસ્તની શાંતી જેવો એક પવિત્ર છાપ તે સુંદર નિરદોશ ને હિંમતવાન ચહેરા ઉપર ઠરી રહયો, તેણીએ પોતાના હોઠો કરડી નાખી મકકમ થવાની કોશેશ કરી. એકાદ પળ તે સુંદર આંખો બંધ થઈ ને તે છાતી અંદરખાનેનાં દુખથી ઉથલાવા લાગી. બીજીજ પળે તે સ્વભોગી સુંદરી ઓમ તરફ ફરી.

"વીસ હઝારનો ચેક લાવો ને તે કીસ લેઓ." તેણી ઠસ્સાથી બોલી.

તે ચેક—તે કિંમતી ચેક—એક અપંગ થઈ જતી છોકરીની આંખોનું નુર બક્ષનારો તે ચેક તેણીએ પોતાના હાથમાં લીધો, બરાબર તપાસી ખાતરી કરી પોતાની નાહની પર્સમાં સફાઇથી ઘડી વાળી મુકયો, અને પછી એક કદમ તે કીસની કિંમત લીધા બાદ તે તેની આગળ ગઈ.

તેણે એક હાથ તે સુંદર કર્વ સાથનાં ખભાં ઉપર મુકયો અને બીજે હાથે તેણીનો ફીરેસ્તાઇ ખુબસુરતી સાથનો પવિત્રાઈમાં ચમકતો મુખડો પોતાની તરફ ફેરવ્યો.

બીજી એજ પળમાં તેના હાથમાંથી છુટી થઈ લથડતે પગલે અને નીચી નમાવેલી ડોક સાથે, આંસુથી આંધળી થઇ જતી આંખો સાથે શીરીન ત્યાંથી ચાલી ગઇ.

તેણીએ તો તે કિંમત મેળવી હતી કે જેથી તે બીજાને સુખી કરનાર હતી ! પણ તેના બદલામાં પોતાની આખી જીંદગીના ભોગની કિંમત તે આપનાર હતી એ ખ્યાલ કરતાં તેણીએ પોતાની આંખો મીચી દીધી.

ત્રણ દીવસ બાદ બચાં પારેખને નનામાં એક કાગળ સાથે હઝાર હઝારની વીસ નોટ મળી. તે સાથના તે કાગળમાં તે મોકલનારે તે પૈસા તેણીને આંખ માટે વાપરવા, અને આ બીના એકદમ અને જીંદગીભર છુપી રાખવાના તેણીને કસમ આપવામાં આવ્યા.

આ ગેબી મદદથી ગરીબ બચાં પારખ આજેજ થઇ ગઈ. તેણી જરમની ગઇ, અને બીજા આઠજ મહીનામાં તો તે ઓપરેશન ફતેહમંદીથી કરાવી પાછી હસતી રમતી અને દેખતી થઇ પાછી બી ફરી.

બીજા બે મહીના બાદ ન્યુસમાં દરેક જણ બોમ સકલાટ અને બચાં પારખનાં લગન વાંચી રહયાં, જ્યારે ખરી બીના અને ખરો સ્વભોગ કોણે આપ્યો તે કદી કોઇએ જાણ્યું નહીં.

વાંચનાર, શીરીન લામ હજી કુંવારી છે, અને સદા કાળ તેમજ રહેશે.

સમાપ્ત.

# પ્યારની કસોટી

## કે

# મોહતનો કાસદ?

### પ્રકરણ ૧.

"હું મરદોની વફાઈમાં માનતીજ નથી," પીલુ કુપર ખડખડ હસતાં બોલી. "બીચારી ભોળીભાળી છોકરીઓ પાસેથી પોતાની કાંઇ મતલબ કાઢી લેવાની હોય કેની ત્યારે બધાજ માટીડા એમ બોલે. બાકી જે મરદોની પ્યાર ને વફાઇની વાતો—હી હી હી હી," અને તેણી, તે જવાનનાં મોઢા ઉપર હસવા લાગી. "જાલ એવી વસણાયલી દાર જેવું મોહનું નાં કર."

જાલ કાંગા, તે જવાન બેરીસ્ટરે એ સાંભળી ઘણીજ ગંભીરાઈથી તે ગાલમાં ખાડા પાડી હસ્તી, અને મસ્તીથી પોતાની કાળી આંખો તેની તરફ ચમકાવતી તે છોકરી તરફ જોયું. તે સીધી સરોવર જેવી, મરોડદાર બદનની, ખીલતી ગુલાબની કળી જેવા ચેહરાની, કાળા રેશમ જેવા વાળ ને કાળી કોલસા જેવી આંખોની, હસ્તા મીઠા હોઠોની રમત્યાળ અદાઓની આ કોમળ નાઝનીન આવી બેદરકાર ને નઠીકરી હોય એમ તે જવાને માન્યું નહીં.

"પીલુ," તેણે કહ્યું. "મેં તુંને એક નહીં પણ એક હઝાર વખત

કહ્યું કે તું માહારી લાગણીની એમ મજાક નાં કર. તું એક વખત માહારી પરીક્ષા લે. જો, કે ગમે તેવી કસોટીમાંથી માહારો પ્યાર, માહારી વફાઇ, અને તુજ માટેની માહારી સેવામાં હું જરાબી પછાત પડું છ? ને પછીજ તું બોલ, પાંચ આંગળાં કાંઇ સરખાં નથી. તું માહારી અજમાયશ કરી જો."

એ સાંભળી વળી પીલુ કુપર રૂપેરી ઘંટ વાગતો હોય તેવા મધુરા સાદે ચીસ પાડીને હસી પડી.

"એમ?" તેણીએ હરતાં ખુશાલ સવાલ કર્યો, ને પછી તુરત ગંભીર થતાં વધાર્યું. "વારૂં ચાલ માહારે કબુલ છે. તું જાણે મને વચન આપ જાલ, કે ગમે ત્યારે ગમે તે રીતે હું તાહારી કસોટી કરૂં ને તેમાંથી તું ફતેહમંદ રીતે પસાર થયો તો હું માહારૂં મરદો માટેનું મત ફેરવીશ."

"ને તેનાં બદલામાં મને તું શું આપશે? "તેણે ઉલટમંદ પુછ્યું—"તાહારી શરત માહારે કબુલ છે. સરોચશમથી કબુલ છે પણ માહારો બદલો? તેનું કેમ?"

"બદલામાં ઘણી જેવી સાબાશી મળશે," તે હસી. "વાહ તે કાંઇ ઓછું કહેવાય કે? વળી માટીડાઓ વાસ્તેનું માહારૂં મત ફેરવશ એ કાંઈ જેવી તેવી વાત?"

"ફોર હેવન્સ સેક જરા ગંભીર થા," કાંઇકિ કચવાટથી જાલ કાંગા બોલ્યો. "પીલુ, તું કાંએ મને ટવલાવ્યા કરેછ? તું કાંએ નહીં મને સુખી કરનારો તે મીઠો જવાબ આપતી? કહેની મને, તું કયારે માહારી થશે? કયારે મારી સાથે પરણુશે?"

તે છોકરીનાં ખુબસુરત ચેહરા ઉપર એ સાંભલી કચવાટનો એક ચીલ્લો ચઢી ગયો.

"મેં તુંને હઝાર વખત નાં કહ્યું જાલ, કે તે નહીં બનશે. હું તાહારી સાથે પરણી શકવાની નથી."

"ત્યારે આટલો આટલો વખત મને ઉત્તેજન ને આશામાં દોડાવ્યા

કરવાની તાહારી શું મતલબ? "તેણે તકાજો કર્યો. "હું ઇચ્છુંછ પીલુ, કે તું જરા ડાહાપણવાળી થાય ને આએ તાહારી નાદાન ઉછાછળી ચાલ સુધારે."

તેણી તેની આગળ આવી અને પોતાનાં બન્ને હાથો તેનાં ખભાં ઉપર ટેકવ્યા, તેણી ઘણુંજ મીઠું હસી, ને લલચાવનારી રીતે તેની તરફ જોયું.

"જાલી," તે રમત્યાળ ઢપે બહુજ ખેંચાણકારક અદાથી બબડી. "તું માહારી સાથે ચીરડાઈ નાં જા. ને જો મને એટલું કહેની કે હું તાહારી સાથે નહીં પરણું, તોબી તું માહારો મીત્ર રહેશેની? જેવો ને તેવોજ ભલો સાચો ને વફાદાર રહેશેની?"

તે મીઠી અદા, તે નાજુક ચેહેરાની કાકલુદી ને તે જવાન છોકરીનાં ખુબસુરતીનાં તેજ સામે તે ટકી શકયો નહીં. તેણે તેણીનાં બન્ને હાથો પોતાનાં હાથમાં ધર્યા, અને ભલે તેણી તેની થાય યા નહીં તે છતાં તે તો સદા તેણીને સાચો વફાદાર, અને તેણીનો જીંદગીભરનો પુંજારી રહેશે એમ પાછી અને પાછી તેણે ખાત્રીઓ આપી.

"જો અડધી રાતે તને માહારી ગરજ પડે તો," તેણે તેણીને કહ્યું. "તો મને બોલાવા અચકાતી નાં—ને યાદ રાખજે કે માહારા જાનનાં ભોગેબી હું તાહારી આગળ હાજર થઇશ."

"થેંકયુ," તે બબડી. તે ચેહેરો ગંભીર હતો, મગર તે મીઠી આંખોમાં મસ્તીનો પ્રકાશ ખુલ્લો જણાતો હતો.

તે કોઈ અજબ વિચીત્ર ખવાસની, ઉડતી રમતી પતંગ્યાં જેવી, ડામાડોળ મનની, અસ્થીર જીગરની નખરાંખોર નાઝનીન હતી. એ પીલુ કુપર—ટુંકમાં એક પહેલા નંબરની "ફ્લર્ટ" કે જે મરદોનાં જીગર જીતી તોડી નાંખવામાં, ને ઓરતોને અદેખી બનાવવામાં મજાહ લેતી હતી. તેણીનાં ઉમેદવાર એક બે નહીં પણ એક બે ડજન હતા એમ કહેવામાં સહરાગાત કશીજ નહોતી, અને તે બધાં સાથે તે હસ્તી બોલતી અને થોડા વખતમાં એકાદ જુનાં શુઝ બદલે તે મુજબ તેઓને પડતા નાખતી.

તેણીનાં ઘણાં ખરા ઓળખીતા મર્દો—તેણીનાં ઉમેદવાર—લવઝ અને ફ્રેન્ડઝ બધાં તેણીનો ખવાસ પીછાણતાં હતાં, અને આજ સુધી મોટે ભાગે બધાજ જવાનો તેણી સાથે બે ઘડી હસી બોલી મજાહ કરી ચાલી જતા. ગંભીર અત્યાર સુધી કશુ બન્યું નહોતું, સિવાય એક બનાવ—અને તે એ હતો કે લોકો કહેતાં કે પીલુ કુપરને એક વાર સજ્જડ નાઉમેદી મળી હતી તેથીજ તે બધાજ મર્દોને બેવફા અને બેવચની માનતી ઉઘરી હતી, ને તેઓનાં દીલ તોડવામાં મજાહ લેતી.

ખરૂં છે કે મર્દો મોટે ભાગે બધાજ જુઠા, બેવફા, બેવચની અને તકલીદી કોલકરાર કરનારા હોય છેજ. મગર સુંદર પીલુએ દરેક મર્દને તે માંહેલા ગણવામાં ઘણી થાપ ખાધી. પાંચ આંગળાં સરખાં હોતાં નથી, તે બાબદનો ખ્યાલ કર્યા વગર તેણીએ જે કર્યું તે માટે તે જનમભર પસ્તાતી રહી.

## પ્રકરણ ૨.

"વોટ એ શેમ પીલુ," કુમી કોટવાલે કહ્યું, "જાલ કાંગા તાહરો સૌથી મોટો વખાણનાર ને તેનેજ તેં આજે તેડયો નહીં ?"

પીલુ તુચ્છકારનું હસી.

"તમે શું જાણતી નહી છોકરીઓ," તેણીએ કહ્યું. "કે એકનાં એક માણસો મને પસંદ નથી. મને તો બા દર મહીને જુદા જુદા જોઇએ."

પીલુ કુપરનું આજે વરસ હતું અને ચાર પાંચ છોકરી છોકરાની એક નાહની પારટી તેણીને ત્યાં એકઠી થઈ હતી. તે બધાં વચ્ચે ખુશાલ હસ્તી ને રમતી તે હંમેશ મુજબ જોવાતી હતી.

"હા, પણ પીલુ," કોટવાલની કુમી બજીદ થઈ. "જાલ કાંગા ઘણો

સીરીઅસ જણાયછ જો. હું તને વોર્ન કરૂંછ કે ડોન્ટ ફ્લર્ટ વીથ હીમ."

"સીરીઅસ ? પુહ," તે ફાંટાબાઝ નાઝનીને કહ્યું. "પણ હા ખરા, આજે મને કાંઈ યાદ આવેછ. જાલે મને ઘણી વખત કહ્યુંછ ને વચન આપ્યુંછ કે પોતાનાં જાનનાં ભોગે બી તે હું બોલાવું ત્યારે હાજર થશે, ને હું તેની થાંઉ યા નહી થાંઉ તે છતાં તે મારે માટેનું પોતાનું હેત અને વફાદારી પુરવાર કરી આપશે. જોઉંછ હવે આજે હું એની પરીક્ષા લેવા માગુંછ. છોકરીઓ, ઘણી મજાહ પડશે."

બેત્રણ બીજી ચીબાવલી પોરીઓ હતી તે ખુશાળ ખડખડ હસ્વા લાગી. મગર સદાની સહનશીલ કુમી કોટવાલને એકલીને તે વિચાર ગમ્યો નહી, મગર જ્યાં બીજીઓ મજાહજ કરવા પડેલી તો તેની ઉપર ધ્યાન આપે બી કોણ ?

"જો સમજો," પીલુએ કહ્યું. "બરાબર રાતે નવને સુમારે હું તેની ઉપર ચીઠી મોકલશ કે હું મુશકેલીમાં છું ને તેની મદદ જોઇએ છે. ત્યાર પછી એ જેવો આવશે કે હું તુરત જેહાંગીર પીટીટનાં ખભાં ઉપર માથું નાખી ઉભી રહેવશ. ને પછી–પછી તું જોજે હું જે કર્યા કરૂં તે–જો છોકરીઓ, આજે એ મને પુરવાર કરી આપશે કે મરદો બી એકવચની હોય છે, તો ખરૂં માનજો કે માટીડા વાસ્તેનો માહરો વિચાર હું ફેરવી નાખશ. ને કદાપી કોઈ સારો જેવો પોરીઓ ગમશે તો, તેની પુરવારીમાં, તેની સાથે પરણીને ઠર બી પડી જવશ." અને તે હસી.

બરાબર પોણાં નવને સુમારે તેણીએ નિચલી ચીઠી લખી.

**"વ્હાલા જાલ,**

હું ઘણી ડીફીકલટીમાં છું. માહરી મદદે નહી આવો ? ઓ જાલ, આ વાંચતાં તુરતજ આવજો. મોહત જીવતનો સવાલ છે.

**પીલુ."**

તે ચીઠી રવાના કરી તે હવે ખુશાલ પોતાનાં પરોણાઓમાં ફરતી રહી.

વાંચનાર, પેલી તરફ જાલ કાંગાના ઘરમાં તું નજર કર. તે એક સાફ સફાઇદાર સ્વચ્છ ઓરડો હતો. એક સુફેદ પલંગ ઉપર મોહત જીવત વચ્ચે ડોળા ખાતો જાલ કાંગા પડયો હતો, તાવ ૧૦૩ ડીગરી હતી. તેનું માથું ફાટી જતું હતું. એક નર્સ તેનાં માથા ઉપર આઇસ બેગ મુકતી ઉભી હતી જ્યારે ફીકરમંદ ચેહરે તેની એકપુરી બહેન એક બાજુએ ખડી હતી.

સવારેજ ડૉકટર કહી ગયો હતો કે કેસ બીકટ હતો. અને સારો થયા પછી બી તેને આસાયશ પુરતી આપવી પડશે. તેને શાંત ને ખુશ રાખવો પડશે.

તે પુર શુદ્ધીમાં હતો. અને એક હાથ આંખ ઉપર ઢાંકી પડયો હતો. હમણાં વટીક તેનાં ખ્યાલો પીલુ અને પીલુ માટેજ હતા.

તેની બહેન જરૂ બહુ હળવેથી તેની બાજુમાં આવી અને પ્યારથી તેની ઉપર વાંકી વળી.

"જાલ," જાણે પવનમાં હાલતાં ગુલાબનાં ફુલની ફુંક લાગે એટલે ધીમેથી તે વ્હાલી બેહન તેનાં કાનમાં જીણે સ્વરે બબડી. "જાલ, મીસ કુપર તરફથી ચીઠી આવી છે. તુંને હાલ ડીસર્ટબ કરવો જોઇએ નહી, પણ તું ચીરડાય કરીને કહુંછ. હું તે ચીઠી ખોલીને તાહરી આગળ વાંચુ ડીયર?"

જાલે નાનું ડોકું ધુણાવ્યું, ને તે ચીઠી તે મોહતનો પેગામ-લેવા પોતાનો હાથ લંબાવ્યો, ત્યાર બાદ તેણે ઇલેકટ્રીક લાઇટ સળગાવવા કહ્યું, ને જેહમતે ખેંચાની આંખે તેણે તે રૂકો-તે મોહતનો કાસદ વાંચ્યો. બીજીજ પળે તે તકીયાનાં ઢગ ઉપર આંખ બંધ કરી અઢેલાઈ પડયો.

રે ખુદા કેવી સરજત, તેણે ધાર્યું-કેવી ઘાતકી સરજત કે જ્યારે તેણીને તેની જરૂર હતી ત્યારેજ તે આટલો બિમાર બિછાણે પડયો હતો. તે હવે શું કરે? જો તે ઘરમાં જણાવે તો પણ કોઈ તેને જવા કે ઉઠવા તો દેયજ નહી-વળી તે ઉઠી શકનોજ કયાં હતો કે જાય? અને તે છતાં જવું તો જોઇએજ.

"માણુસને જવા કહે," મહા જેહમતે તે બોલ્યો. ને પેલી ચીઠી પોતાનાં હાથમાં પકડી રાખી તે વિચાર કરતો ચુપ પડી રહયો.

પીલુ–સુંદર મીઠી પીલુ–પોતાનાં નાજુક ગ્રેસફુલ આકાર સાથે સદાનાં હસ્તા હોઠો, અને મીઠી મસ્તાની આંખો સહીત તેની નજર સામે ખડી થઈ. તે ઉતાવળી, આકળી, નાદાન ઉછાછળી છોકરીની રીતભાત તેણે યાદ કરી. અરે તે બાપડી શું મુસીબતમાં આવી પડી હશે? તેણી તેને બોલાવતી હતી ત્યારે તો કાંઈ ગંભીરજ હોવું જોઇએ. અફસોસ કે ખરી વાતનો તો તેને દુરનો સ્વપ્નો બી થયો નહી.

દસની ટકોરી પડતાં, બીમાર જાતે અરજ કરી કે કોઇએ જરા બી તેને ડીસટર્બ કરવો નહી. તે આરામ કરવા માંગતો હતો અને તે મુજબ

બધાં વગેસગે થઈ ગયાં. પેલી નર્સ વટીક તેને સુવા દેવાનાં ખ્યાલે પાસેજ પડદો કરી બનાવેલા રૂમમાં જઈ બેઠી.

બધું શાંત અને ચુપ હતું. જાલે પોતાની આંખો ખોલી આસપાસ જોયું. તેણે જવું તો જોઇએજ. નાહની પીલુને બચાવવી અને મદદ આપવી તો જોઇએજ. પણ અરે તે ઉઠીજ શકતો નહોતો તેનું કેમ ?

એક હેવાન જેવું જોર—એક અકુદરતી જોર તેનામાં એકાએક ઉભાઈ આવ્યું. તમ્મર ખાતાં મગજે, તાવથી બળતી આંખોએ ધ્રુજતાં બદને તેણે પોતાનાં કપડાં ઓળવી લીધા. ટાઈ બાંધવા કે ટોપી પહેરવાની તેની શુદ્ધી કે તાકાત હતી નહી, માત્ર ખપ જોગુંજ પેહડી લઈ તે ધીમે લથડતે પગલે ઉઠયો, બારણું ખોલ્યું અને બાહેર પડયો.

બાહેરની ઠંડી હવા તેનાં બળતાં કપાલ ઉપર આઇસ માફક લાગી. ઠંડીની એક ધ્રુજણી તેનાં આખાં તન બદનમાં ફરી વળી. તે કાંપતો હતો, તેની આંખે અંધારાં આવતાં હતાં, તેને સુજતું હતું નહીં, છતાં ફક્ત એકજ ખ્યાલ તેનાં મંદ પડતાં ભેજાંમાં પણ સચેત હતો, અને તે એજ કે પીલુ, વ્હાલી નાદાન પીલુ કાંઈ ભયમાં હતી. અને તેની મદદ માંગતી હતી.

ખુદા એકલોજ જાણી શકયો કે તે કેમ તણાતો, ફસડાતો, લપેડા ખાતો, એક ટેક્ષીમાં તેણીને ત્યાં જઈ પુગ્યો. તે કયાં હશે ? શું તેને માટે બાહેર ખોટી થતી હશે કે દુખમાં છેકજ ગરકાવ ગએલી અંદર સુતી હશે ? અરે તે ગુલછડી એવાં તે કયાં સંકટમાં હશે ?

તે નસોસ બેહોશ જેવો હાંફતો ને કાંપતો તે ઉંચી સીડીઓ ચઢી અંદર ગયો. ત્યાંથી કોઈ પ્યાનાં ઉપર ગાતું હોય તેવો સાદ આવ્યો, અને તે અજબ થયો, પીલુ જોખમમાં હતી ને અહીં અત્યારે એ રંગરાગ શાના ? તે બાપડાએ પોતાંનાં ભમતાં ભેજાંના ધખારાજ માત્ર માની લીધા અને તે અંદર ગયો.

ત્રણ ચાર છોકરીઓ અને બેત્રણ પુરૂશો, તુરતનાં જમી પરવારેલા ડ્રોઈંગ રૂમમાં મજાહ કરતાં હતાં. તે બધામાંથી સુંદર પીલુને તેણે તુરત

પારખી લીધી. ખુલ્લા સીગ્રીન રંગની સાડીમાં તે આજે અજબ દીપી રહી હતી. તે ગોરા ભરેલા નગ્ન હાથો આરસપહાણ માફક ચળકતા હતા, અને તે હાલ ખુશાલ હસ્તી જોવાતી હતી. દુરથી તેને આવતાં તેણીએ જોયો અને પોતાનાં ઠરાવ મુજબ દોડતી કે તે જેહાંગીર પીટીટ આગળ ગઇ. તેણીએ તેનો એક હાથ પકડયો, અને લગભગ તેનાં હાથોમાં પકડાયલી હોય તેવી રીતે ઉભી રહી તેનાં કાનમાં કાંઇ કહેવા તેણીએ પોતાનું માથું તેનાં ખભાં તરફ નમાવ્યું.

લથડતે પગલે જાલ કાંગા પાસે ને પાસે આવ્યો.

"પીલુ," તેણે ધ્રુજતે સ્વરે હાંક પાડી, "પીલુ." અને પીલુ ત્યારે ચીસ પાડીને હસ્તી તેની પાસે દોડી આવી.

"તું આયો ખરો કે જાલ?" તેણી બોલી.

"હા, પણ કહેની પીલુ તુને શું છે? તું શાની ડીફીકલટીમાં છે? બોલની કહેની?"

તે ખુશાલ હસી પડી, અને બધાંએ જાલ કાંગાનો જોરાવર આકાર ધ્રુજતાં જોયો. તેની આંખો લાલ બોટાં જેવી હતી, તેનાં પગ લથડતા હતા, અને તેની જબાન ખેંચાતી હતી.

બહુ ઢીચ્યો હતો કે કેમ એવી હલકી મશકેરી એકાદ જવાને કરી, મગર બધાને બાજુ હટાવી દઇ કુમી કોટવાલ તેની પાસે આવી ઉભી.

"ચુપ કરી જાઓ મી૦ દલાલ," તેણીએ તે કોઈ જવાનને ધમકાવ્યો. "જોતા નહીં એવણ તો ઘણાં બિમાર છે?"

"બોલની પીલું?" તેણે પાછું જેહમતે પુછયું.

"મને કાંઈ નથી," પીલુ હસી. "એ તો ફકત તમારી કસોટી--"

"તુંને કાંઇ નથી ને તેં માહારી મજાક કરી એમ?" એકદમ ઉશ્કેરાઇ જતાં જાલ બોલ્યો. "તું જાણેછ—આહ ઓહ—"

એકજ ઝોંક સમેત તે પહેલવાન જેવો જોરાવર માણસ તુટી પડયો, અને કોઇ બી તેને પકડે કે બચાવે તે પહેલાં તો જમીન ઉપર પડયો.

ત્યાં હો હા થઈ રહી. જોવું સેહલ હતું કે તે એકદમ ને ઘણોજ બીમાર હતો.

"જોયું તાહારૂં કામ, ઘાતકી છોકરી," કુમી કોટવાલે ગુસ્સાથી પીલુને કહ્યું. અને આ પહેલીજ વાર પીલુએ જવાબ કર્યો નહીં. "જોયું તાહારૂં કામ? તાહારી કસોટી ફસોટી બળી જાય તે તેં આએ બિચારાનું ખુન કીધું. જો આંખ ફાડીને જો ને ખાતરી કર કે તાહારી ઉપર તેનો કેવો પ્યાર હોવો જોઇએ કે આવી બિમારીમાં જ્યારે બીજાંઓ આંખ ખોલીને જોય નહીં ત્યાં એ બિચારો અહીં સુધી તાહારે ખાતર દોડી આવ્યો. તાહારામાં એને કેટલો વિશ્વાસ હશે કે તાહારા એકજ સખુન ખાતર તે આવ્યો ને તેં તેને કેમ ફસાવ્યો તે જો."

તે ખરાજ ભલાં જીગરની છોકરી કોઈની બી પરવાહ કર્યા વગર તેની ઉપર વાંકી વળી, તે ખુબસુરત મર્દાનગીભર્યો ચેહરો સદાની શાંતીમાં પડયો હોય તેમ શાંત હતો, અને તે પ્રમાણીકપણાંનાં ચમકારા મારતી આંખો મીચાઇ ગઇ હતી.

"ડોકટરને બોલાવો, કોઈ દોડો," કુમીએ હુકમ કર્યો.

ડોકટર આવ્યો અને તુરત જણાવ્યું કે તે જવાન બેહસ્ત પામ્યો હતો, અફસોસ તે એક તો હતોજ બિમાર—ઘણોજ બિમાર. તેવામાં પીલુની નાદાન ને ઘાતકી વર્તણુંકનાં શોકથી તેનું નબળું હાર્ટ બેસી ગયું હતું.

"જોયું કે? ખાતરી થઇ કે?" કુમીએ રડતાં ચોબા દીધા. "મરદો બી ભલા, એકવચની, સાચા ને વફાદાર થઈ શકેછ એમ પુરવારી મળી ખરી કે તમોને પીલુબાઇ?"

પણ તેણીને જે જવાબ મળ્યો તેથી બધાં ચકીત થઇ ગયાં. પીલુએ

પહેલાં તો હબતીને એકાદ પળ તે ચાહાતા અને બેહસ્તમાં જઈ પુગેલા જવાન ગમ જોયું, અને કુમીએ ત્યારે ધીરજ ખોઈ દઈ તેણીને હીલવી નાખી.

"એમ જોયા શું કરેછ ?" તેણીએ છેડાઇને તરાગો પાડયો. "તાહારા પાપનો પસ્તાવો કર. તાહારી તે કસોટી નહીં હતી–પણ મોહતનો કાસદ–તેં મોકલેલી તે ચીઠી મોહબતની પુરવારી માગનારી નહીં હતી, પણ મોહતના કાસદ તરીકે તેનો જીવ લેનારીજ પુરવાર થઈ."

તે આખા રૂમમાં એક કઠોર જંગલી હસવું વ્યાપી રહયું. ચીસ પર ચીસ પાડી પીલુ કુપર હસ્તી અને ચાળા કરતી હતી. તેણીનાં ઉછાછળાં કાર્યથી તે કરપીણુ પરીણામ આવ્યું હતું તેથી તે મગજથી બેમગજ થઈ ગઈ હતી. વધુ કહેવાની શું જરૂર છે ?

સમાપ્ત.

# "કોહીનુર."

## પ્રકરણ ૧.

હિન્દુસ્તાન મધેનાં એક ચોક્કસ શહેરનાં મોગલ શાહ મુસ્તુફ્ફરખાન તે તુરતનાં ગાદીએ આવેલા જવાન રાજાએ પોતાના ધોધારી સાદે તે ભાશણ પુરૂં કયું, અને તેનાં છેલ્લા શબ્દોથી થએલી અસરનાં બાએશથી ઉશકેરાયલા તે દરબારનાં ટોળાં તરફ તે જોઈ રહયો.

"તમોને સમજ પડે છે માહારી પ્રજા?" તે શાહે દબદબાભર્યા બુલંદ અવાજે પુછયું. "તે ગેરઈન્સાફનો માહારે ઈન્સાફ કરવો છે. માહારા મરનાર પીદરની ખોટી જીદથી થએલું નુકશાન માહારે સુધારવું છે અને તેથી તમો સર્વેને હું અરજ કરૂં છું કે દરેક જણ એ શોધ ઉપર મંડી જાઓ. જેબી માણસ "કોહીનુર" માહારી આગળ હાઝર કરશે તેને પાંચ લાખ રૂપીઆનું ઈનામ આપવા હું માહારા ઈમાનથી કબુલ થાઉંછ, અને હું પણ આજથી જાતે તે તપાસમાં ગુંટાવશ ને અલ્લાહ પાસે અરજ કરીશ કે જલદીજ તેમાં મને ફતેહ મળે."

જોશબંધ તાળી અને 'આમીન' નાં અવાજોથી તે દમામદાર શાહી દરબાર ગાજીવાજી રહી, અને જ્યારે શાહ મુસ્તુફ્ફરખાને પોતાની ગાદી પાછી લીધી ત્યારે તે દરબાર માહેલો એકેએક ચેહરો કોઈ અજબ લાગણીનાં જોશ હેઠળ પ્રકાશતો જોવાઇ શકાયો.

બીજેજ દીવસે દરેક ન્યુસ પેપરોમાં એક ચોક્કસ મોટી જાહેર ખબર જોવાઈ. જેમાં "કોહીનુર"ને લઇ આવનારને રૂ. ૫ લાખનું ઈનામ છપાયું

હતું. એ ઉપરાંત થોડીક ઘણી આગલી પાછલી તેમાં વર્ણવી હતી.

અને એ બીનાં હીમાલય પરવત તરફનાં એક ઠંડા મુલકમાં તમામ એકાંત એક ઝુંપડીમાં. પહોંચી ગઇ તેમાં શું અજાયબી છે? વખત સવારનો હતો, અને તે એક ટેકડી ઉપરનું નાહાનું રમણ્ય કોટેજ તેનાં તેવાજ નાહના બાગ સાથે ઘણું રલીઆમણું લાગતું હતું. અને તે એક બગીચા તરફ મીઠાં વાયોલેટ અને સ્વીટ પીઝનાં ઝુમખા વચ્ચે બેઠેલા માત્ર સાતજ વર્ષની ઉમરનાં તે છોકરા તરફ વાંચનાર તું નજર કરશે?

પહાડી હવા અને દુધ ફ્રુટનાં ખોરાકથી તે બચ્ચું ઘણું તંદરોસ્ત અને ગુલાબી મુખડાનું હતું. તેની ભુરી આંખો હસ્તી ને મીઠી હતી. તેના વાળ કસબ જેવા સુંવાળા હતા અને તે ચેહરો અમીરી તોરનો ને બાહોશ જણાતો હતો. તે હાલ બાગમાં નરમ ઘાસ ઉપર બેઠો બેઠો એક કાગળ ઉપર પેનસીલે કાંઈ ચીત્ર દોરી રહયો હતો. તેવામાં એક ઓરત, કે અપ્સરા? ત્યાં આવી ઉભી.

તે એક મોહોમેદન બાનુ હતી. મગર હાલ મુસલમીન પોશાકમાં સજ્જ થવાને બદલે પોતાનાં ઘરનાં એકાંતમાં, કીમોનો આવે છે તે જાતનાં એક ઢીલા લાંબા ઝભામાં ગુલાબી કમ્મરબંધ બાંધી સજ્જ થએલી હતી; ત્યારે એકાદ મુસલમાન મોગલ કરતાં કોઈ યુરોપીઅન બાનુનો વધારેજ ખ્યાલ કરાવતી હતી. તે માંડમાંડ પચીસ વર્ષની હશે. સીધી સરોવર જેવી, ગુલાબ જેવા ચેહરાની નાઝુક છતાં મજબુત બાંધાની ને ઘણીજ મધુરી શોકાતુર ચશ્મોની જંગલમાં મંગલ કરી રહેલી તે કોઈ સુંદરી હતી. એક નાહની બારીક ગુલાબી ઓઢણી તેણીએ, સ્કાર્ફ બાંધીએ છીએ તે માફક પોતાનાં માથાં ઉપર લપેટી લીધી હતી. તેણીનાં હાથમાં કાંઈ પડીકું હતું. જે હસ્તે ચેહરે તે પેલા છોકરા આગળ લઈ આવી,

"માદર," તે બાળક બેટો બોલ્યો. "આ ચીત્ર જોઇને મને કહો માદર, કે તે પહેલાં કરતાં બહેતર દોરાયલું છે કે નહી?"

એક પવિત્ર વ્હાલ તે માતાનાં જવાન ચંદ્રસમ ચમકતા ચેહરા ઉપર ચમકી રહયું. તેણીએ તે છોકરાનું ચીત્ર પોતાનાં હાથમાં લીધું અને ત્યારે થાકથી નસીરઉદીને પોતાનું ફુલ સમાન માથું તે માતાનાં ખોળામાં મુકી દીધું.

"ઘણું ઉમદા ચીત્ર છે, બેટા નસીર," તેની માદરે કહ્યું. "ને જો આ પાકીટ તાહરે સારૂ હું લાવી છું તેમાં રંગબેરંગી પેનસીલો છે. એનાથી તું ઝળકતા સુર્યના રંગો અને પહાડના રાતા, લીલા અને કાળા રંગો મજેહથી દોરી શકશે."

તે છોકરાએ એ સાંભળી ઝડપથી તેણીના હાથમાંથી તે પાકીટ લઇ લીધું અને ખોલી નાખી તે માંહેલી રંગીન પેનસીલો જોવા પડયો જ્યારે તેને લપેટેલાં અખબાર ઉપર તો કોઇનું પણ ધ્યાન ખેંચાયુંજ નહીં.

ત્યારબાદ થોડી પળ પોતાના બેટા સાથે લાડ અને વ્હાલ કરી તે બાનુ ઘરમાં ગઇ ને નસીરઉદીન ત્યારે એકલો પડતાં પેલું પત્ર ઉઠાવી આમ તેમ જોવા લાગ્યો કે તેમાં કાંઇ ચીત્ર હતાં કે નહીં?

તેને ખપજોગું વાંચતાં લખતાં આવડતું હતું. તેની જવાન ને સુંદર માતાએજ તેને તે શીખાડયું હતું. તેઓ ઉરદુ ભાષામાં વાત કરતાં મગર ફારસી પણ તે છોકરો જાણતો હતો, તેમજ ઇંગ્રેજી પણ વધતું ઓછું શીખતો હતો. તે એક ચાલાક બુધ્ધીનું બચ્ચું હતું, અને ચિત્રકળામાં તો ખાસ અવધીજ કરતો હતો.

પેલું ન્યુસપેપર તેણે આમતેમ ફેરવ્યું જેવામાં "કોહીનુર" એ શબ્દ ઉપર તેની નજર પડી, અને ઉલટથી તેણે તે આખી બીના વાંચી કાઢી, જ્યારે તે સઘળો હેવાલ વાંચી રહયો ત્યારે કોઈ અજબ લાગણીથી તેનું નાનું બદન ધ્રુજતું જોવાયું.

તે આખો દીવસ તે ઉશકેરાયલો લાગ્યો, પણ કશું બોલ્યો નહીં. છેક સાંજ પડતાં તે બંદગી કરતો જ્યારે પોતાની માતા આગળ શીર નમાવી ઉભો હતો, ત્યારે તેને એકાએક ખ્યાલ થયો કે તેની માતાની સલાહ લેવી જોઇએ.

રાત્રે સુવા પહેલાં નસીરે પોતાનાં બન્ને કોમળ હાથો પોતાની માતાના ગળાંમાં પરોવ્યા અને બહુજ પ્રિતીથી પોતાનું માથું તે જવાન વિધવા માતાનાં ખભાં ઉપર નમાવતાં તે બબડયો.

"માદરે મન, હું હવે નાહાનો નથી. મને તમે તમારી બધી વાત નહીં કહો ?"

તેણી ચોંકી. તેણીએ પોતાની શોકાતુર ચશ્મો તે એકપુરા રોશન ચેરાગ તરફ ફેરવી ને મોહબ્બતથી તેનો ચેહરો પસવાર્યો. "તને શું કહું માહારાં ફરઝંદ ? તું શું જાણવા માંગેછ ?" તેણીએ પુછ્યું.

"મને કહો શું માહારા પીદરનું નામ અલાલુદીન શેરખાં હતું ?" તેણે પુછ્યું,

"હા."

" અને તમે-તમે માહારા માદર, તમે શું માનવંત શાહ ફખરૂદીન ફઝલુદીનનાં બેટી થાઓ છો એ બી ખરૂં ?"

"હા પણ નસીર," અજાયબીથી તે જવાન સુંદરી બોલી. "એ બધી કેફીયત તું કયાંથી જાણે બેટા ? મેં તને કહી હોય એમ તો મને યાદ નથી ?"

"એ વાતની તમો ફીકર ના કરો, માદર," તે બોલ્યો. "શું હું કાંઇ હવે નાહનો છું ? પણ મને વધુમાં એટલું કહો કે જે મુલકમાંથી તમો ચાલી આવ્યાં ત્યાં તમોને બોલાવવામાં આવે તો તમો પાછાં ફરો ખરાં કે ?"

"નહી કદીજ નહી," તે પોતાનાં બચ્ચાં સાથે વાત કરતી હતી તે એકાદ પળ ભુલીજ જતાં તે ઉશકેરાઇ બોલી. 'જે મુલકમાંથી મને રાતને વખતે નામોશી સાથે હાંકી મેલવામાં આવી ત્યાં હું હરગીઝ પાછી જઇશ નહી. માહારામાંબી અમીરી લોહીની મગરૂરી દોડે છે નસીર બેટા, ને ભલે ભુખી ને પ્યાસી હું મરી જાઉં પણ તે મુલકમાં તો મારી હૈયાતી દરમ્યાન કદી પાછી ફરીશ નહી."

"પણ ધારો કે તમને કોઈ બોલાવતું હોય, તમને ઇન્સાફ આપવા તેડતુ હોય તો ?" તે છોકરાએ પુછ્યું.

"બળી ગયો હવે બધો ઇન્સાફ," તે બોલી. "તાહરા પીદરનાં બહેસ્ત પામવા પછીથી મને હવે બધું અકારૂં છે. તેવણુને થએલો ગેરઇન્સાફ ને તેવણુનો ટવળાટ હું યાદ કરૂં છ ત્યારે મારા દુઃખનો પાર રહેતો નથી."

તે બાળક બેટો હિમ્મત આપતો વધુ તેણીનાં પાસામાં દબાયો. તેણે તે માતા ભણી કાકલુદીથી જોયું ને તેનાં કાનમાં બબડયો.

"મને કહો—મને કહો પ્યારી માદર કે તે શું બીનાં છે કે જેથી તમોને તમારૂં મુલક છોડી આવવું પડયું ?"

"તું ઘણો નાહાનો છે બેટા, તને શું કહું?" તે બોલી ને પછી તે બાળક ચહેરો નાઉમેદીથી કુમળાઈ જતો જોઈ તેણીએ તુરત ઉમેર્યું. "હું અમીરી ખાનદાનની છું. મોગલ શાહ ફકરૂદીન ફઝલુદીનની હું એકપુરી બેટી છું, ને અમારા દુશમન રાજનાં એકપુરા વારેસ બેટા સાથે શેહાદી કરવાથી અમારા બન્નેનાં પીદરો નારાઝ થયા. એક દીવસ શાહી મહેલમાંથી છુપાછુપ હું નાહાશી ગઇ ને માહારા આશકને મળી, અમે પાસેનાં ગામમાં ગયાં અને ત્યાં એક કાઝીએ અમારી શેહાદી કરી. હું ત્યાર પછી મહેલમાં પાછી ફરી. માહારા પેદરને ખબર પડી હશે કે હું અમારા દુશમનનાં બેટા સાથે બાહેર જણાઈ હતી. તેથી માહારા પીદરે મને તરેહતરેહનાં તાંણા ટપલાથી વિંધી નાખી. મને તેવણે નછાજતું કહ્યું અને ત્યારે ઉશકેરાઇ મેં સાચી વાત કહી દીધી કે અમે તો શેહાદીનાં ગાંઠથી એક થએલાં હતાં. માહારા પેદરે તે માન્યું નહી ને મને નામોશીભર્યા શબ્દોથી વિંધી નાખી. પેલી તરફ માહારા ખાવિંદનાં પેદર પણ એજ મીસાલ છેડાયા, તેને તેનાં રાજપાટથી બરતરફ કર્યો, ને રાતનાં અડધી રાત્રે માહારા પેદરે મને પોતાનાં મહેલની સીડી ઉપરથી નિચે ઉતારી.

"જા નિચ કુતરી," આ માહારા પેદરનાં લબ્ઝ હતા. "જા, અય દગલબાઝ, આજથી તું માહારી બેટી નહી ને હું તાહારો પેદર નહીં. આપણા કટ્ટા દુશમનનાં બેટા સાથે તેં નેકકા કીધા? વળી નેકકા કીધા એમ માનેછ બી કોણ? તાહારી પાપી મોહબતમાં જા ને મર," માહારા ગમે તેટલા કાલાવાલા ઉપર તેણે ધ્યાન આપ્યું નહી. ઉશકેરાટથી તેવણ તદન પાગલ બની ગયા હોય તેમ લાગ્યું. માહારી માદર હતી નહી કે તે મને બચાવે, માહારી વડી બહેન હતી નહી. માહારો ભાઇ તેમ કરવાની હિમ્મત કરી શકયો નહી. રડતી ટવળતી હું એક બાહાદશાહી બાપનું ફરઝંદ, નામોશીભરી રીતે, માહારો બુરખો માહારા ચહેરા ઉપર ઉતારી લઇ ત્યાંથી ચાલી ગઈ."

આ વાત કરતાં તે જવાન બાળા ઝાર ઝાર રડતી હતી, અને તે માતાનું આ દુ:ખ જોઇ નાહાનો નસીર પણ રડવા લાગ્યો.

"એ પછી," નસીરની માતાએ આગળ ચલાવ્યું. "એ પછી હું માહારા ખાવિંદ પાસે ગઈ ને તેને સઘળી કેફીયત જણાવી. તેણે તુરતજ મને પોતાની બાનું લેખલ ઓળખાવી પોતાનાં પેદર પાસે લઈ ગયો. પણ મને જોતાંજ તેનાં બાપે પણ એજ મીસાલ તોફાન કર્યું.

"એક દુશમનની બેટી સાથે તેં શેહાદી કરી?" તેનો પેદર છેડાયો. "તો જા મને છોડી જા. તું ને તાહારી બાનુ અહીંથી કાળું કરો ને તમારો ચહેરો ફરીથી માહારી નઝરે પડવા દેતો નાં. ઓ નાફરમાન છોકરા."

એ રીતે બેટા અમે ચાલી ગયાં. તે આજની ઘડી સુધી માહારા ખાવિંદ સાથે સુખનાં પાંચ વર્ષો મેં ગાળ્યાં, ને આ મકાન અમારૂં બાગે ચમન હતું. ત્યાર બાદ તે બિચારો, ખુદાની દરગાહમાં ચાલ્યો ગયો. ને મને એવું દુઃખ ત્યારે થયું કે કદીજ માહારા પેદરને માફ કરૂં નહી, ને મરતાં પણ તે બેહસ્ત મુલકમાં પગ મેલું નહી, એ માહારી કહાંણી છે પ્યારા નસીર, તેણીએ ખતમ કર્યું.

"શું કોઈ કોઇ ચીજ તમારૂં મન ફેરવી શકશે નહી માદર?" તે બેટાએ થોડી વારે વિચારવંત પુછ્યું.

"નહી."

"શું માહારે ખાતર—માહારા ફાયદાને ખાતર બી તમો તેમ નહીજ કરો?"

એકાદ પળ તે અચકાતી જણાઇ. તેણીએ તે પ્યારો ચેહેરો ઉઠાવી તે ભીડી ભુરી આંખોમાં જોયું ને મીઠાસથી હસી.

"માહારા નસીર—માહારા નાનાં બેટા," તે બોલી. "તાહારે ખાતર એ ઘણો કઠણ સવાલ થયો. મગર માહારા ફરઝંદ માહારી ખાતરી છે કે તાહારી માદરની આ કહાણી જાણ્યા બાદ, તાહારા પેદરે ગુજારેલાં દુઃખી

વર્ષોનો ખ્યાલ કર્યા બાદ તું મને તાહારે ખાતર બી તે નેહસ્ત મુલકમાં જવા કહે કે તેઓનાં ફરમાનને તાબે થવા કહે એ હું માનતીજ નથી. તાહારે તો બેટા, માહારી બાજુમાં ઓસ્તવાર ખડું રહી માહારી તરફથી લડવું પડશે, નહીં કે તાબે થવાનું."

અને આટલાંથીજ નાહાના નસીરને સંતોષ પકડવોજ પડયો. મગર તે બાળક ભેજું કાંઇ અજબ ખ્યાલોમાં ઉતરી ગએલું દીવસો સુધી ત્યાર પછીથી જણાયું. જ્યારે એક દીવસ નિચલું એક કાગળ મોગલ શાહ મુસ્તુફરખાન ઉપર રવાના થયું.

**"માનવંત નામંદાર શાહ મુસ્તુફરખાં,**

જે કોહીનુરની આપ શોધમાં છો તે માહારી પાસે છે, પણ તે આપને સેહલાઇથી મળે એમ લાગતું નથી. હું ઉપલે ઠેકાણે રહું છું, ત્યાં આપનું એક લશકર મોકલી આપજો, તે લશકર કોણનું છે તે કદી બી જો જાહેર થશે તો કોહીનુર આપને કદી હાથ આવી શકશે નહીં. એક લશકરી ટુકડી સાથે એક વિશ્વાસુ અમલદારને તાબડતોબ રવાનાં કરો કે અમને આપની દરબારમાં હાજર કરે ને હું આપને કોહીનુર સાથે મેળવું.

**નસીર."**

———:o:———

## પ્રકરણ ૨.

———:o:———

ઉપલા બનાવને બરાબર બે માસ વીત્યા બાદની આ વાત છે કે જ્યારે નસીર પાછું પોતાનું ચીતરવાનું કામ લઇને બેઠો હતો, અને તેની માદર ફુલનાં કયારાઓ વચ્ચે અહીં તહીં ડમકતી હતી. આજે તેણીએ પોતાનો

મોહોમેદન પોશાક સજ્યો હતો, અને ખુલ્લા બ્લુ રંગની એક બારીક શફ્ફો-નની ઓઢણી તેણીએ પોતાનાં માથા ઉપર નાખી લીધી હતી. તેણીનાં વાળ કમ્મરથી બી નિચે ઉતરતા હતા તેનો એક જાડો ચોટલો તેણીની પીઠ ઉપર લટકતો હતો, અને પોતાનાં દીકરા તરફ જોઈ મલક મલક હસ્તી, ને પોતાની શોકાતુર આંખો ચમકાવતી તે એક મધુરાં પીકચર જેવીજ સોહા-મણી લાગતી હતી.

તેજ ઘડીએ ઘોડાનાં પગલાં સંભળાયાં, અને આપણી આંખ બંધ કરીને ખોલ્યે તેટલાંજ વારમાં તો એક મોગલ અમલદાર તેણીની સામે નમન કરતો આવી ઉભો, જ્યારે સામી સડક ઉપર લશકરી એક ટુકડી તે જોઈ રહી. એ શું? તે કાંઇ બી ખ્યાલ કરે તે પહેલાં કુદરતીજ તેણીનો હાથ તેનાં માથા ઉપર ગયો--મર્યાદામાં ઉછરેલી તે બુરખાનસીન બાનુને તાબડ-તોબ પોતાનાં બુરખાની યાદ થઈ. મગર અહીંનાં પોતાનાં ઘરનાં એકાંતમાં કોઇબી મર્દની ગેરહાજરીમાં તે સદા ખુલ્લે ચેહરે ફરતી હતી એટલે બુરખો હોયજ કયાંથી? લજ્જાથી લાલ થએલે ચેહરે તેણી પેલા અમલદાર સમક્ષ નિચું જોઈ રહી.

પેલો કોઈ સીપાહ બચ્ચો, કે જેની પેશાની પહેલીજ નજરે ઉમરાવી જણાતી હતી તે પોતાની સામે આટલી બધી સુંદરતા જોઈ પહેલી હરોલમાં તો છકજ થઇ ગયો. બીજીજ મીનીટે ઘણાં માનથી તે તેણીને નમ્યો.

" નામવર બાનુ, " ઘાડા મર્દાનગીભર્યા સાદે તે કોઇ જવાન બોલ્યો. " આપને અતરેથી લઈ જવાનું મને શાહી ફરમાન છે ? "

એ સાંભળી તે સખત ચોંકી અને ફીક્કી પડી.

" કયો શાહ ? " તેણીએ તે પછીની પોતાનું સર ઉંચું ખેંચી દમા-મથી સવાલ કર્યો. " ને ફરમાન શાનું ? સાહેબ હું સ્વતંત્ર છું, ને કોઇનાં બી ફરમાન મુજબ આવવા બંધાયલી નથી."

પેલો એકાદ પળ ગુંચવાતો જણાયો.

" હું કાંઇ બી ખુલાસો કરવા છુટો નથી," તે પછી તે બોલ્યો. "પણ તમારે આવવું તો પડશેજ."

"અને હું ના પાડું તો?" વધતા તોરવંતા સાદે તેણીએ તરારો પાડયો.

"તો, તો—આનુ કહેવા દીલગીર છું પણ અમારી પાસે લશકરી ટુકડી છે એટલુંજ નહીં, પણ અંગ્રેજી સરકાર પાસેથી લઇ જવાનું ફરીઆદનામું બી મોજુદ છે. તમો આવશો નહીં તો સરકાર તમને અમારે સ્વાધીન કરશે."

તે તુચ્છકારનું હસી.

" ઇંગ્રેજી રાજનાં કાયદા તમો જાણુતા હોવ એવું લાગતું નથી." તે બોલી. "જરા બરાબર ઇંગ્રેજી કાયદા અને ઇંગ્રેજી ઇન્સાફનું જ્ઞાન લઈ પછી આવજો સાહેબ. તેટલા હાલ મને પુછવાની રજા છે કે કોણ નામદાર તરફથી મને પહરેજ કરવા આપે તશરીફ ઉઠાવી છે?"

"તે હું કહી શકતો નથી." તે અમલદારે કરડા સાદે કહ્યું, "મેહરબાની કરી અમારે તાબે થાઓ."

"અને નહી થાંઉ તો?" તે આખે તન બદને ધ્રુજતાં ઉશકેરાઈ.

"તો જબરી કરશું, અને પચાસ માણસની એક ટુકડી આગળ એકલાં એક બાનુંનું શું ચાલશે?"

"હીચકારા," તેણીએ પ્રગટ ગુસ્સાથી પોકાર્યું. "નસીર અહીં આવ." અને તેણી પોતાનાં બેટા તરફ ફરી. "ત્યાં બેસીને શું કરેછ બેટા, આ જવાનને કહે કે અહીંથી ચાલ્યો જાય. આપણે તેને તાબે થવાનાં નથી."

"શાહાજાદી," તે અમલદાર ધીમા મક્કમ સાદે બોલ્યો, "ખાલી જીકર નાં કરો, હું એકજ અવાજ ઉઠાવીશ ને આ લશકર તમને ઘેરી લેશે. તમારે જે કહેવું હોય તે અમારા શાહ સનમુખ કહેજો, અમે તો ફરમાવેલા બંદા, અમારી સાથે શું તકરાર કરો છો?"

તે વિચાર કરતી દેખાઈ. તેણીએ એક પળ સીધ્ધું તે જવાન તરફ જોયું. તે એક પહેલવાન બચ્ચો હતો. ઉંચો ગરાર જેવો પોહળાં ખભાંનો જોરાવર દેખાતો, ઉમરાવી ચેહરા અને પોહળી પેશાનીનો, સચ્ચાઇ અને પ્રમાણીકપણુંમાં ચમકારા મારતી નરમાશભરી ઘેરી આંખોનો. એકજ પળ અને તે જવાન ઉપર તેણી ઇતબાર રાખી શકશે એમ તેણીની તુરત ખાત્રી થઇ ગઇ. તે સભ્યતાથી તેની તરફ ફરી.

"તમારૂં કહેવું રાસ્ત છે," તે બોલી, "ઠીક છે, હું તમારા શાહ પાસે આવીશ ને માહારે જે કહેવું છે તે તેનેજ કહી સુનાવીશ. મેહરબાની કરી સામી ટેકડી ઉપર આપની છાવણી ઠોકો. હું કાલે બપોર સુધીમાં તૈયાર થઇ શકીશ." અને હુબહુ એક રાજકર્તાનાં દમામથી તે હવે પોતાની સાથે પોતાનાં બેટાને લઈ અંદર જતી રહી. પેલો અમલદાર એક નમન સાથે તેણીનાં ફરમાન મુજબ કરવા ગયો.

"યાહ અલ્લાહ," તે બબડયો, "શું પરીસુરત સીકલ છે, ને શું રૂબાબ."

બીજા ચોવીસ કલાક બાદ પચાસ માણસની તે લશકરી ટુકડી સાથે, તે શાહાજાદી અને તેનો બેટો નસીર તે કોઈ શાહનાં ફરમાન મુજબ, રવાનાં થયાં.

કાળા પોશાકમાં સજ્જ થએલી નસીરની માદરે બુરખો પેહડી લીધો હતો, અને ઘણું ગંભીર દમામથી તે મુસાફરી આગળ વધી.

તેણીને શક તો ગયોજ હતો કે અગર તેનાં પેદર યા તેનાં સસરાનું આ ફરમાન હશે, અને ત્યાં જતાંજ તે તેઓની પીછાંણનો ખુલ્લો ઇનકાર કરી ચાલી આવવાની ધારણાં રાખતી હતી.

અંતે તે મુસાફરી ખતમ થઇ, અને તેણીને તે મુલક કે જેમાંથી નામોશી સહીત તેણીને હાંકી કાઢવામાં આવી હતી, તેજ બાપીકા મેહલમાં

બાઇજ્જત તેણીને દાખલ કરવામાં આવી. એક કલાક બાદ દરબાર ભરાવાની હતી, અને ત્યારે તેણીએ જે કહેવાનું હતું તે તેણી કહી શકશે એમ પેલા અમલદારે તેણીને જણાવ્યું.

## પ્રકરણ ૩.

તે શાહી કોર્ટ ખીચોખીચ ભરાઈ ગઇ હતી. તે મુગલ પાહાદશાહ પોતે તખ્ત ઉપર બીરાજેલો હતો, અને કાયદા પ્રમાણે બધું થઈ રહેવા બાદ, પેલાજ અમલદારે શાહી ફરમાન પોકાર્યું.

"શાહ મુસ્તુફ્ફરખાનનાં ફરમાન મુજબ શાહાજાદી કોહીનુરે તે નામવર આગળ આવી પોતાનો ચેહરો બતાવવો."

મગર તે દીવાનખાનાંની બાજુમાં ઉભેલી તે દમામદાર બાનું તો જરાએ હાલી કે ચાલી નહીં.

ત્યાં એક ધીમો ઘોંઘાટ થઈ રહયો. નામદાર શાહ પોતે ઉઠી ઉભો થયો.

"માહારી રૈયત, માહારાં મીત્રો," તે બોલ્યો, "માહારા પેદરને હાથ ગેરઇન્સાફ થએલો હું સુધારવા માંગું છું. વરસોથી ગુમ થએલી માહરી નિરદોશ બેહનને હું બાઇજ્જતે તેવણનાં મેહલમાં બોલાવવા અને આવકાર આપવા ચાહું છું, એકજ ભુલથી—એક ઘરડા માણસના ઉશકેરાવાથી, તે નિરદોશ બાનુને થએલો ગેરઇન્સાફ હું ધોઈ નાખવા માંગું છું પણ, તે બાનુ માહરી બેહન—માહરી કોહીનુર છે એમ માહરી ખાતરી થવી જોઇએ."

"શાહ ફકરદીન ફઝલુદીનને બોલાવો," બુરખામાંથી તે એક મકકમ ને કોમળ સાદ સમજાયો. "જે કહેવું છે તે હું તેમને કહીશ. ખચ્ચીન મને

અહીં સુધી તેડાવી મંગાવી, નહી મળવા જેટલી નાતવાન તબીયત તો એ નામવરની નહીંજ હશે ?"

"શાહ ફખરૂદીન ફઝલુદીન જીન્નતનશીન થયા છે ને હાલ જેહાંપનાં મુસ્તુફરખાન ગાદીએ છે." પેલા અમલદારે જવાબ કર્યો.

એ સાંભળી તે બુરખાવાળી બાનુ પાછી ચુપ થઈ ઉભી.

ત્યાર બાદ તે બે કદમ આગળ આવી અને ખુલ્લા સાદે બોલી, "મને ગેરઇન્સાફ ખચ્ચીતજ થયો છે. ને તે માટે આખી દરબારમાં મને ઇન્સાફ તો મળવોજ જોઇશે. પણ શું ત્યારે માહરા પેદર ગુઝર પામ્યાછ–મુસ્તુફર–!" તેણી હવે તે તખ્તની વધુ પાસે આવી અને તે કાળો બુરખો ઉઠાવી પોતાનો માહતાબસમ મુખડો એવી રીતે ખુલ્લો કર્યો કે તે ફકત તે શાહજ જોઈ શકયો.

"કોહીનુર કોહીનુર–" તે પાદશાહે પોતાનાં જોરાવર બદનમાં ધ્રુજતાં બુમ પાડી. અને પછી તે એકદમ પોતાની ગેરઇન્સાફ પામેલી, તજાયલી હિણુાયલી બેન પાસે ગુઠણે પડયો.

આખી દરબારમાં આફ્રીનનાં શબ્દો વાગી રહયા. જે બાદ શેહાજાદી કોહીનુરે પોતાનાં ભાઇને હાથ આપી ઉઠાડયો હતો, અને તેણી હાલ પાછો પોતાનો બુરખો ચેહરા ઉપર ઉતારી લઈ તે ભાઇની છાતી ઉપર માથું નાખી રડતી હતી.

થોડીવાર સઘળું શાંત થતાં પાછો એક પોકાર તે દરબારમાં સમજાયો.

"પણ નસીર કોણ છે ? શેહાજાદી કોહીનુરને મેળવી આપનાર નસીરને પાચ લાખનું ઇનામ જે જાહેર થયું છે તે આપવામાં આવશે. નસીરઉદીન, નામદાર શાહની સનમુખ આવો."

ગભરાતો બીહીતો અને અજબ થતો તે બેટા–કોહીનુરનો તે નાહનો બેટા સામે આવ્યો અને ત્યારે તેને જોતાંજ કોહીનુરે એક બીજી ચીસ પાડી.

"નસીર, નસીર," તેણી બોલી, "નામવર મુસ્તુફ્ફર, આ નસીર કોણ છે તે આપ જાણો છો?"

"કોણ?"

"માહરો બેટો," તેણીએ કહ્યું, "માહરૂં પોતાનું ફરઝંદ–માહરા હિણાયલા, જીન્નતનશીન થએલા ખાવિંદનો વારેસ. અને આહ કેવું અજબ જેવું કે મારા બેટાનીજ બરકતે હું પાછી માહરા મુલકમાં, માહરા મેહરબાન ભાઇનાં આશરામાં આવી ચુકી છું. મગર ઓ જેહાંપનાહ, શાહજાદા નસીરને આવું કરવું કયાંથી સુજ પડયું? એટલી અક્કલ હુશ્યારી આ બચ્ચામાં કયાંથી આવી એ માટે હું તાજુબ કરૂં છું.

તે નાહનાં શાહજાદાને તે શાહ સનમુખ લાવવામાં આવ્યો. અને તે બાહોશ બચ્ચાંએ બધી વાત અવ્વલથી તે આખેર સુધી તેની આગળ કરી, એ પછી જીંદગીમાં પહેલીજવાર, આ દરબારી દબદબો અને શાહી તોર જોઈ તે બાળક હબતી ગયું અને "અમ્મા જાન"ની બુમ પાડતું તે પોતાની માદરનાં હાથમાં દોડી ગયું.

"શાહજાદી કોહીનુરને થએલું અપમાન અને ગેરઇન્સાફ માટે આજે માફી માંગવામાં આવે છે," શાહ મુસ્તુફ્ફરખાને કહ્યું, "વળી એ ઉપરાંત જે શાહનામવર સાથે આપણને દુશ્મનાઈ હતી તે નાબુદ થઈ છે–ખુદ તે નામવર જીન્નતનશીન થયા છે, અને હવેનો વારેસ તે આપનો આ નાહનો શાહજાદો નસીરઉદીન છે."

તાલી અને શાબાશીનાં પોકારથી તે આખું દીવાનખાનું ગાજીવાજી રહ્યું. "બહુ જીવજો જેહાંપનાહ મુસ્તુફ્ફરખાન, બહુ જીવજો શાહજાદા નસીરઉદીન, અને જય હોજો શાહજાદી કોહીનુરની" એ મુજબ લોકો હર્ષથી બુમો પાડવા લાગ્યાં.

બાઇઝત તેઓને એક અઠવાડયાં બાદ તે નાહનાં શાહજાદાની ગાદીને મુલક લઈ જવામાં આવ્યા. તે અલબત હજી ઉમ્મરમાં આવ્યો નહોતો તેથી

ગાદીનશીન થયો હતો નહી. મગર તે મહેલમાં દબદબાથી પોતાની માતા સાથે પોતાની હકદાર જગ્યા તેણે લીધી. કોહીનુરને હાથ બધો કારોબાર આવ્યો. મગર પોતાનાં ખાવિંદ, કે જેને તેણીને ખાતર, તેણીનાં પ્યારને ખાતર પોતાનો દરજ્જો, પોતાનું તાઝ, પોતાનાં માબાપ મુલક અને ખુદ પોતાનો પ્યારો જાન ખોહયો હતો તેને તે ભુલી નહી. સદાની એક ગમીનો છાપ તે મધુરી ચશ્મોનાં ઉંડાંણુમાં ઘર ઘાલી બેસીજ રહયો. તેની આખી દુન્યા હવે નસીર હતો—તેનો દીકરો—તેનો જીવ—તેનો સર્વોસ્વ—

ઇન્સાફ તેણીને મળ્યો હતો—તેનાં મુલકમાંથી ગુમ થએલી "કોહીનુર" પાછી તેની જગ્યા પર બીરાજી હતી. મગર જેને ખાસ ઇન્સાફ થવો ઘટે તે તો બાપડો અત્યાર પહેલાંનો ખુદાની દરબારમાં ચાલ્યો ગયો કે જ્યાં તેને આનાથી વધુ ઇન્સાફ મળ્યો હશેજ.

સમાપ્ત.

# મગરૂરીની મોહકાંણ.

## પ્રકરણ ૧.

મગરૂરી ! વાજબી મગરૂરી દરેકમાં હોવીજ જોઇએ. મગર ખોટી મગરૂરી જયારે એક ઓરત કે મરદ દાખવે છે ત્યારે બાઝે વખત સંસારની કે જીંદગીની ધુળધાણી થઇ છે, જે અફસોસ કે બહુજ અસુરં થતાં તે આસામી જોઈ શકે છે.

ગુલ તારાચંદ પૈસે પુર માબાપની લાડકી અને ઘણીજ મગરૂર હતી. તે શીખેલી. ભણેલી અને સુધરેલા વિચારોની હતી, પણ કેટલીક વખત તે એટલી અવધી કરતી કે લોકો તાજુબ થતાં, અને જો એકાદ ભલું માણુસ તેણીનું તે ઉપર ધ્યાન ખેંચતું તો તે છીકીજ પડતી, અને મગરૂરીથી પોતાનું માથું ધુણવી તેને તેનું પોતાનું કામ કરવા કહેતી.

"પપા" તેણીએ એક સવારે નાસ્તા ઉપર પોતાનાં બાપને કહ્યું. "પપા ડુ યુ નો કે ક્રીસ્ટમ્સને હવે થોડાજ દીવસ બાકી છે તે ?"

જરા જરામાં ઇંગ્લીશમાંજ વાત કરતી પોતાની મગરૂર પણ ખુબસુરત દીકરી તરફ રૂસ્તમજી તારાચંદે હસીને જોયું.

"તેનું શું દીકરા ?" તેવણે હેતથી સવાલ કર્યો.

"આએ વખત આપણે આપણાં પંચગનીનાં બંગલામાં ક્રીસ્ટમસ ગુજાર્યે એવો માહારો વિચાર છે પપા ડીયર," તે લાડઘેલી નાઝનીને કહ્યું. "તમે થોડાંક જણુને ઇનવાઇટ કરો, કે મજાહ પડે. કરશોની પપા ?"

"ઓલરાઇટ," તે દીકરીની બધી મરજી પુરી પાડતો તે ભલો શેઠયો

બોલ્યો, " આપણે જઇશું, ને હું મારા થોડાક મીત્રોને બી બોલાવશ. બીજી ખટપટ જે કરવી હોય તે તાહારી માય સાથે મળી તું કરી લેજે ગુલ બેટા," અને તેઓ મીઠાસથી હસ્યા.

ક્રીસ્ટમસને બરાબર એક અઠવાડયા પહેલાં તેઓ પંચગની ગયાં. કાંઈ પંદરેક જણુની તે ખુશાલ પારટી હતી. અલબત તેમાં નશરવાન મોદી ગુલનો અદરાયલો ખાવીંદ પણુ હતોજ.

" આએ વખતે આપણે રીઅલ ઈંગ્લીશ ક્રીસ્ટમસ ગુજારીશું." બચ્ચાં સહી અદાથી તાળી પાડતાં ગુલે કહ્યું, અને પોતાની કઝીન તરફ ફરી વધાર્યું. "દોલત, આપણે મીસ્ટલટોની તોરણુ આગલા હોલમાં લટકાવીશું. તું જાણે-છની ઇંગ્રેજોમાં શું રીવાજ છે તે? ક્રીસ્ટમસ ઇવને દાહાડે તે તોરણુ દરેક ઘરમાં લટકાવવામાં આવે છે, ને તે તોરણુ નિચે જે બી જઇને ઉભું રહે તેની નિચેથી બીજું જે પસાર થાય તેને એકમેકને કીસ કરવાની છુટ છે, એમાં કોઇથી બોલાય કે વાંધો લેવાય નહીં."

દોલત-તે સમજુ શ્યાણી છોકરી સહેજ હસી.

"ઇંગ્રેજોનાં બધાજ રીવાજો આપણે પાળ્યે તે ઠીક લાગે નહીં," તે બોલી.

ગુલ ખડખડ હસી પડી અને પોતાનાં અદરાયલા તરફ ફરી.

"નોશીર, આએ મોટાંમાય બોલ્યાં તે સમજ્યું કે?" તે હસી. "સારૂં છે કે બધાંજ તાહારા વિચારનાં નથી ડોલી. હું તો આએ વખત જરૂર મીસ્ટલટોની તોરણુ લટકાવશ ને ફૂર લટકાવશ. ઘણી મજાહ પડશે."

તેણીએ પોતાનાં અદરાયલાનો ચેહરો ગંભીર અને કરડો થતાં જોયો નહીં. તે મક્કમતાથી પણુ માયાથી તેણી તરફ ફર્યો.

"ને પછી તે મીસ્ટલટો નિચે ઉભી રહી તું બધાં પાસે કીસ કરાવશે એમ?" નોશીર મોદીએ જાણુવા માંગ્યું.

તે હસી.

"ડોન્ટ બી સીલી નસરવાન," તેણીએ કહ્યું, "તું બધું સમજેછ ને જાંણેછ તે છતાં કાંએ એવો હસ્વા જેવો સવાલ કરેછ?"

"મને એ નહીં ગમતું," નોશીરે કહ્યું, "ને મને ખુશી કરવો હોય તો એવું કાંઇ કરતી નાં ગુલુ."

ત્યાર પછી એ વાત તો તે ભુલી બી ગયો, તેણે ધાર્યું કે તેની મરજી માફકજ તે કરશે, પણ આણી તરફ હઠીલી મગરૂર ગુલ હતી તેણીએ એક વાર જે ઠરાવ કર્યો તે કદીબી પાછો ફરે?

ડોલીએ તેને ઘણી સમજાવી પણ તેણી તુચ્છકારનું હસી.

"એમ બધાંમાંજ માટીડાને ફાવી જવા દઇએ એ કેમ પરવડે?" તેણીએ કહ્યું, "જો એમ બધાંમાંજ હાજી હા કરૂં તો કાલ ઉઠી એ તો મને પોતાની ગુલામ દાખલ રાખે."

તે ભુલી ગઇ કે બધાજ મરદો કાંઈ તેવા આવતા નથી. ગણત્રીનાં થોડાક એવાબી મર્દો હોય છેજ કે જેઓ પોતાની રાંક અને તાબેદાર બૈરીઓનાં ગરીબ અને નાખતી કરવાવાળા ખવાસનો ઘણો લાભ લઇ પોતાનીજ જીદ પુરી પાડે છે અને પોતેજ સરદારી ભોગવે છે. મગર તેવા તુચ્છ ઘણા થોડા હોય છે, જ્યારે ખરા મર્દો તો હંમેશ પોતાની મોહરદારની નમ્રતા અને તાબેદારીથી ખુશ થઈ તેનો પડયો બોલ ઉપાડી લેવા અને તેણીને પોતાનાં ઘરનું રાણીપદ આપવા આતુર રહે છે—એવા બી પુરૂષો આવે છે.

"નારે બા એમ બધામાંજ માટીડાઓની જીદ નહીં પુરી કરવાની." તેણીએ પાછું કહ્યું.

ક્રીસ્ટમસ ઇવિનો તે દીવસ હતો. ઈંગ્લીશ રીવાજ પ્રમાણેજ ક્રીસ્ટમસ ઉજવવાની તેણીની હઠ નાખતીથી તેનાં પીતાએ કબુલ કરી હતી. પૈસા પુર હોવાથી પોતાની દીકરીનો દરેક લાડ ને મોજ તે ભલે પીતા વગર વિચારે પુરો પાડતો રહ્યો હતો.

ઘરનાં પરોણાંઓ ઉપરાંત તે રાતે ત્યાં પંચગની ખાતે રહેતાં એક બે કુટુંબને પણ જમવા નોતરેલાં હતાં, અને તેથી તે આખો હોલ સુંદર રીતે શણુગારેલો પેલી મીસ્ટલટોની તોરણુ વટીક ટંગાવેલી જોઇ ગુલ વહેલી તૈયાર થવા ગઈ.

તે રાત્રે તે ઘણી દીપી રહી.

ક્રીમ રંગની ઝળકતી સેટીનની સાડી અને કસબી કોરમાં તે નાજુક મગરૂર ચહેરો અને ઉંચી ટેકવાયલી મરોડદાર ડોક, તે નગ્ન હાથો અને તારા માફક ચમકતી ઘેરી આંખો ને સુંદર સ્ટાઇલિમાં બનાવેલા કાળા ઝુલફાં, એવી રીતે દીપક મારતાં હતાં કે સામું માણસ રાતા લલચાવનારા હોઠોની તે શેહાજાદી જેવી મગરૂર છોકરીને બે પળ અજાયબીનાં એક આહ સાથેજ જોઇ રહે.

પ્યારથી ચળકતી આંખો સહીત નોશીર મોદી તેણી આગળ આવ્યો અને તેણીનાં બન્ને હાથો પોતાનાં હાથમાં પકડી લીધા.

"માહારી ગુલ," તે બોલ્યો. "એક મરદનું પહેલુંજ જોરાવર અને પવિત્ર હેત કેટલું કિમતી હોય છે તે તું જાણેછ?"

વાંસળી જેવા મધુરા હલકે તે છોકરી પ્રકાશીત આંખોએ સુખનું હસી.

તેજ ઘડીએ નોશીરની નજર પેલાં તોરણુ ઉપર પડી.

"ગુલ," તેણે કહ્યું. "આએ તોરણુ કઢાવી નાખ ડીયર. મને એ નહી ગમતું."

તેણીએ હસીને વાત ઉડાવવા ચાહી.

"કઢાવી નાખ ગુલ," તે બોલ્યો. "મને ખુશી કરવા ખાતર તું એટલુ માહારૂં કહ્યું નહી કરે?"

હેતથી, નરમાશથી અને પ્યારથી કહેલી કઈ ચીજ એક મોહરદાર નહી કરે? ગુલ તે ખુબસુરત મરદાનગીભર્યા ચેહેરામાં જોતાં લગભગ મનાઇ ગઇ.

પણ મગરૂરી! પેલી ખોટી મગરૂરી તેજ ઘડીએ તેનાં દીલમાં ઉભરી આવી

"અરે વાહરે, તમારી એક ખોટી જીદને લીધે બધાં પરોણાંઓની હું એ મોજ ખોઉ એમ?" તેણીએ ટણકો કર્યો. "નોશીર, એવી જુઠી જીકકર ના કર્યા કરો."

એક અજબ ફેરફાર તે જવાનનાં ચેહેરામાં થતાં તેણીએ જોયો. તે હોઠો કરડી રીતે ચપ્પટ બીડાયા અને તે આંખો ગુસ્સાથી એક પળ ચમકી રહી.

## પ્રકરણ ર.

નોશીર મોદીમાં થએલો ફેરફાર ગુલે જોયો, અને મગરૂરીથી પોતાની ડોક ફફડાવતી તે સીધ્ધું તેની સામે જોઇ રહી.

"એકદમ એ તોરણ કઢાવી નાખ," તેણે ગુસ્સાથી કહ્યું. "તાહારી મકદુર શું કે તું માહારૂં માને નહી?"

પણ ગુલ જેવી ફાટાંબાઝ મગરૂર સુંદરીને આવું બોલેલું ગળે ઉતરે? તેણી બી તેટલાજ ગુસ્સાથી તેની બે કદમ પાસે આવી.

"એ કોણની સાથે તમે એમ વાત કરોછ તેનું ભાન છે?" તેણીએ કહયું, "હું નથી તમારે તાબે થવાની."

તેણે ફરીથી તેણીનાં હાથો પોતાનાં હાથમાં લીધા. તેણે તે ગુસ્સે થએલો ચેહરો પોતાની તરફ ફેરવ્યો, અને તે ગુલાબી ચેહરામાં ચમકતી સુંદર ચશ્મોમાં મીઠાસથી જોયું.

"ગુલુ," તે નરમ પડી જતાં બોલ્યો, "મેં મુર્ખાએ મીજાસ ખોઈ દીધો તે માફ કર. ને માહરી ડારલીંગ, મારે ખાતર મને પ્લીઝ કરવા ખાતર એટલું કર."

"પણ એ કેવી મોટી જીદ ?" ગુલે નેણ ચઢાવેલાંજ રાખી કહયું.

"શું તું મારી મરજી નહીં રાખશે ?"

"રાખવા જેવી બાબદમાં જરૂર રાખીશું," તે બોલી, "પણ આવી સ્ટુપીડ બાબદમાં તો નહીંજ."

"ગુલ વિચાર કર-બોલ માહરી મરજી રાખશે ?"

"આએ બાબદમાં નહી," તેણીએ કહ્યું, "તમેજ જરા "ગીવ ઇન" કરોની? તમેજ મારી મરજી રાખોની? મને ગમેછ તે ચીજ જો તમે મને ચાહતાજ હોવ તો કરવા દેઓજ."

આવી લોજીકનો જવાબ તે શી રીતે આપે?

"ગુલાં," તેણે હજી ધીરજ રાખી કહ્યું, "તાહરી દરેક મરજી હું કાયદા સમાન ગણીશ, તાહરો પડયો બોલ હું માથે ચઢાવીશ. પણ જે ચીજમાં મને વાંધાભર્યું લાગે તે ચીજ મારે ખાતર તું શું પડતી નહી મુકે ?"

"તમે અદેખા થાઓછ એમજ કેની?" તે તુચ્છકારનું હસી.

"એમ તો એમ," તેણે કહ્યું. "કહે કે હું અદેખો થાઉંછ. ને હવે બોલ તું મારી મરજી રાખશે ?"

"નહી," તે તુંડાઇથી બોલી, "એક નજીવી ચીજમાં આટલું તોફાન? કાલ ઉઠી એથી બી નાહની ચીજમાં તમે તો એમ કરશો. જાવ હું નથી તાબે થવાની."

"ગુલ," તેણે મહા અજાયબીમાં પોકાર્યું.

"બીજું કાંઈ કહેવુંછ ?"

"હું પોતે ને તોરણ ઉતરાવી પાડુંછ," નોશીરે કહ્યું, "તાહરે માહરૂં માનવુંજ પડશે.

"તમે ઉતરાવોછ તો હું પાછું ચઢાવશ. તમે અત્યારથી કેમ એટલી સત્તા દેખાડી બી શકોછ ?"

તે જવાનની ગુસ્સામાં ચમકતી આંખોથી તે જરાએ ડરી ગઈ નહી. તેણે તેણીની બાજુ કકડાવીને પકડી.

"તમારા ભવિશનાં ધણીને તાબે થવાની તમારી ફરજ છે." તેણે ગુસ્સાથી લગભગ ધ્રુજતાં કહ્યું, "જા એકદમ ને તાહરી મરજી માફક કર."

તે તુચ્છકારનું મોટેથી હસી.

"ભવિશની ધણીઆણી ?" તે પાછું હસી, "બહુ ખાતરીપુર્વક ના રહેતા. અરે વાહ આજે આવી બાબદમાં મને દબડાવી તો કાલે ઉઠી કહેશો કે સ્લીવલેસ જમ્પર ના પહેર, માથું ખુલ્લું ના રાખ, ટેનીસ ના રમ, મોટર ના ડ્રાઇવ કર, જેન્ટલમેન સાથે વાતો ના કર ને છેવટે મને બુરખામાં રાખવા બી માંગશો, એ અહીં નહીં ચાલશે, નસવાનજી."

તેના હાથની નાજુક બાજુ પકડેલીજ રાખી, વાંકો ધણી ધણીજ કરડી રીતે તે ચેહરામાં જોતાં તે પાછું બોલ્યો.

"માહરી મરજી માફક કરવું છે કે નહી ?"

"નહી, નહી ને નહીજ." તેણીએ લગભગ ચીસ પાડી, અને બીજીજ પળે તે દોડતી કે તે મીસ્ટલટોની તોરણ નિચે ઉભી રહી ગઈ, કે વાટ જોતો બોટીજ ઉભેલો તેનાં ફુઇનો દીકરો સોલી તેની આગળ દોડી આવ્યો, અને એક ભાઇનાં હેતથી તે રૂપસુંદરીનાં કપાળ ઉપર પોતાનાં હોઠો લગાડયા.

બસ તે ઘણું થઈ ગયું, ઘણાંથી બી વધારે—ગુસ્સાથી કાળા ઠણુક મારી ગએલે ચેહરે તેણીએ નોશીરનાં કદાવર આકારને પીઠ ફેરવી ચાલી જતાં જોયો.

એક કલાક પછી તે કાંઇક પસ્તાવા જેવું હસ્તી તેની આગળ ગઈ.

"નોશીર," તેણીએ પોકાર્યું.

તે તુરત તેણી આગળ આવ્યો.

"ગુલ," તેણે કહ્યું. "તાહરી વર્તણુંક શરમભરી છે, ને તે એકજ શરતે હું તને માફ કરીશ. તાહરા કઝીનને કહે કે બધાંની સામે તાહરી માફી માંગે. અને તું અત્તર ઘડી પેલી તોગણુ ઉતરાવી પાડી મને દુઃખી કરવા ખાતર માહરી માફ માંગ."

ગુલનો ચીલ્લો ચઢી ગયો. એ પોતાનાં મનથી સમજતો શું હતો? સાંકડા વિચારનો તે જવાન, તેણીએ પોતાની આંગળીથી ઝગઝગ થતા હીરાની વીટી કાઢી તેનાં આંગ ઉપર નાખી.

"જે બૈરી પોતાને તમારી ગુલામ દાખલ ઓળખાવા તૈયાર હોય," તેણી ગુસ્સાથી બોલી, "તેની એકને આ વીંટી પહેરાવજો. આજથી આપણું એનગેજમેન્ટ તુટી જાય છે. ને તમને મારી ઉપર વધુ એક બી બોલ બોલવાનો હક નથી. સાહેબજી મી૦ મોદી."

અચરતીમાં ગરકાવ થએલો તેને છોડી તે રગેરગ ગુસ્સે થએલી, મગરૂરીમાં પોતાની ડોક ખડી કરી ત્યાંથી ચાલી ગઈ.

———:(૦):———

## પ્રકરણ ૩.

તે કારજ તુટી ગયું. તે ક્રીસ્ટમસનો દાહાડો નહી ધારેલો ઘણો કંગાળ પસાર થયો. લોકેલાજે તે એક દાહાડો પુરો કરી નોશીર મોદી બીજે દીવસે ચાલી ગયો.

દોલત અજબ થતી ને ખુલાસો જાણુવા ગુલ પાસે આવી,

"એમ કાંએ ગુલ," તેણીએ કહ્યું. "નોશીર કાંએ ચાલી ગયા?"

"પેલાં મીસ્ટલટોનનું તોફાન થયું ડોલી." તેણીએ કહ્યું.

"પણુ મેં તુંને પહેલાંથીજ કહેલુંની ગુલ ડીયર, કે તેને નહીં ગમતુ

તો તેમ નાં કર." દોલતે કહ્યું. "એક ચીજ નહી કર્યે તેથી કાંઈ ક્રીસ્ટમસ નહી ગુજારેલી કહેવાય એમ?"

"ત્યાર શું બધામાંજ હા જી હા કર્યે?" ગુલ ચીચવાઇ. "તુંને જોઇએ તો તું તાહરા વરની એમ ગુલામ થઇને રહેજે. હું તો નહી એમ કરૂં. તુંજ જોજેની દોલત, કે તે કેવો ગરજ કરતો થોડાજ દાહાડામાં પાછો મારી આગળ આવેછ કે નહી?"

પણ નહીં દીવસો અને મહીનાંઓ ગબડવા ઉપરાંત તે તો કાંઈ આવ્યોજ નહી- એકજ બોલ અને તે દોડીને બલકે ઉડીને આવતે મગર, મગરૂરીમાં જકડાઈ ગએલી તે છોકરીએ પોતાની હઠ છોડી નહી.

"એમ કાંઈ લઈ ચલાવાય નહી," તે બોલી. "બધાંમાં શાંનો એ વચ્ચે પડે. એને ગરજ હોય તો આવે ને નહી તો પીડા ઓછી."

તેણી ભુલીજ ગઈ કે કસુર તેણીનોજ હતો. વળી શરૂઆતમાં જે પ્યાર અને મીઠાસથી તે વાહાલાએ જેવી રીતે અરજ કરી હતી, તે જોતાં તેણીએ મરજી ઉપરાંત બી નાખતી કરવીજ હતી. પણ તે તો કાંઈ તે સમજી નહી.

બરાબર એક વર્ષ એ વાતને વહી ગયું. અને કાંઈ ઘણું નહી ધારેલું બન્યું.

ભલા રૂસ્તમજી તારાચંદે પોતાની લખ્ખોની દોલત એક ઝપાટામાં ખોઇ દીધી અને તે શોકથી તેવણ બાપડા તુરતજ આ ફાની નોફાની દુન્યા તજી ગયા. મગરૂર ગુલને તેની ગરીબ માતા આ જુઠી જગતમાં કોઇનાંબી આશરા વગરનાં થઈ ગયાં.

પૈસા! આહ પૈસાનીજ બલીહારી છે! તુચ્છ પૈસાજ અમીર અને ઉમરાવોને વટીક ઝુકાવે છે, ખુશામદ કરાવે છે. જ્યાં સુધી પૈસા હતા ત્યાં સુધી તેઓનાં મીત્રો ગણત્રી વગરનાં હતાં, તેઓનાં પૈસા જેવા ગયા કે તે

દરેક મીત્રો તેઓને ઓળખતાંજ નહી હોય તેમ કરવા લાગ્યાં. તેઓનુંજ ખાઇ પી મોજ કરનારાં તેઓની પીછાણુજ ગોયા ભુલી ગયાં—હે જમાનો!

હવે કરવું કેમ? મહેરબાઈ તારાચંદ તો ઘરડાં હતાં. તેવણુથી કાંઇ કામ થાય નહી. જ્યારે ગુલ-મગરૂર ગુલ; ગુલને શું આવડતુંબી હતું? પૈસામાં પોખાયલી તે સુંદરીને હાથે જાતે કરવાની તો કશીજ ટેવ નહોતી. તો હવે કરવું કેમ? છતાં ખાનદાનની તાસીર—ખાનદાનની અસર એ એક ઓર ચીજ છે. ગમે તે પણુ તે ખાનદાની હતી. માટે પોતાનો ટેક જાળવવા, કોઇને બી ઓશીયાળે નહી થવા, ગુલને કુદરતીજ એક હિમ્મત આવી ગઇ.

"વ્હાલાં મમાં," તે બોલી. "તમે ફીકર નાં કરતાં. હું કાંઈ બી કરશ ને તમોને દુખી થવા દેવશ નહી."

તેઓ પુનાં ખાતે એક નાહાનાં ભાડુતી ઘરમાં જઈ રહયાં. આહ ક્યાં તે બાપીકો મહેલ, ક્યાં તે નોકરોની દોડધામ ને પૈસાનો વૈભવ! વાંચનાર બચપણુથીજ ખરી તવંગરીમાં ઉછરેલાં કમનસીબોને જ્યારે નસીબનાં ફરતાં ચક્કરમાં આવી જઈ, ગરીબીમાં ડોળા ખાવા પડે છે; તેનું ખરૂં દુઃખ, ખરો સંતાપ, તો જેઓને અનુભવ હશે તેજ બાપડાં બરાબર જાણી શકશે.

અંતે એક ઠેકાણે ગુલને નોકરી મળી. ફલી વકીલ ત્યાંનો જાણીતો બેરીસ્ટર હતો. અને મની તેની બોહરદારને બચ્ચાં સાચવવાની ઘણી છીટ હતી. એટલા માટે નાહાની આઠ વરસની મીઠુંને થોડું ઘણું મ્યુઝીક શીખવવા ઉપરાંત તેણીને સંભાળે તેવી એક બાનુની તેઓ શોધમાંજ હતા. અને નસીબસંજોગે આ નોકરી ગુલને મળી ગઇ.

ત્યાં કામ ઘણું સહેલ હતું.. તે કલાગરી મીઠા ખવાસની બેબી મીઠુને ફરવા લઇ જવી, જરા પ્યાનો શીખાડવો, ને તેની દેખરેખ રાખવી એમાં મુશકેલ કશુંજ નહોતું. તેની હાથ નિચે આયા હતી. પગેપગ માણુસ હતાં અને ચાહે ત્યારે ફરવા જવા મોટર તૈયાર રહેતી. વળી દર અઠવાડએ રવીવારનો

આખ્ખો દીવસ પોતાની માતા આગળ જવાની ગુલને છુટી મળતી અને મહીને રૂા. ૧૦૦)નો પગાર.

રૂા. ૧૦૦? એકવાર એવો હતો કે રૂા. ૧૦૦)નું તે એકજ બ્લાઉઝ પોતાનું કરાવતી! આહ સરજતજ માણસને પોતાની જગ્યાને લાએક બનાવે છે એ તો ખરૂં.

——:o:——

## પ્રકરણ ૪.

"મીસ તારાચંદ," એક દીવસ મની વકીલે તેણીને કહ્યું. "આજે રાત્રે માહારે ત્યા એક એવો પરાંણો આવનાર છે ડીનર ઉપર, કે જે ખરાં ઉમદા મ્યુઝીક ઉપર મેડ છે, ને તેને ખાસ એન્ટરટેન કરવાની માહારી મરજી ને મતલબ છે. માહારી બેન સુન્નું સાથે ભવિષમાં તેનું થાય તેમ છે, ને તેને મનગમતી ચીજોથી રીઝવવા હું આતુર છું, તો મેહરબાની કરી તમો આજની રાત અમારી સાથેજ જમશો ને પછી તમારૂં ઉત્તમ મ્યુઝીક આપશો? આજની રાત મીઠુનું આયા જોઇ લેશે."

"વારૂં જી," ગુલે જણાવ્યું.

"માફ કરજો," તે શેઠાંણીએ પાછું કહ્યું. "પણ તમારી પાસે આજનાં પ્રસંગ લાએક કાંઈ સોજ્જો પોશાક છે કે?" અને વળી 'હાજી' કહેતાં તે કડવાસનું હસી.

"તેવણ કોણ છેજી?" તેણીએ સેજ પુછ્યું.

"મેજર નોશીરવાન મોદી," મીસીસ વકીલે કહ્યું. અને એ સાંભળી તે છોકરી મોહત જેવી ફીક્કી પડી, તે નાજુક હોઠો ધ્રુજ્યા અને એકાદ પળ તે સુંદર આંખો તેણીએ બંધ કરી તે તેણીએ જોયું નહીં.

"નોશીર મોદી," નોશીર મોદી! યાહ ખુદા—આખો દીવસ તે નામ તેણીનાં કાનમાં ગણુગણી રહ્યું.

તે રાત્રે લાંબે વખતે પોતાની કાળી સાડીનું ચીથડું કાઢી નાખી, તે ઘેરા બ્લુ રંગનાં, એક સાદા છતાં ટેસ્ટફુલ પોશાકમાં તૈયાર થઇ, ખુદ બખુદ એક રાણી કે શાહાઝાદી જેવી દમામદાર અને વરસાદનાં ઝાપટામાં સપડાયલાં એક ગુલાબનાં ફુલ જેવી દેખાતી તે જ્યારે નિચે આવી ત્યારે તેની શેઠાંણી વટીક અજબ થઈ અને વિચારમાં પડી કે આવી એક દેખાવડી છોકરીને આજે ટેબલ ઉપર બોલાવામાં તેણીએ ડહાપણ કર્યું હતું કે નહીં. તે તેજસ્વી સુંદરતા આગળ તેની બહેન સુન્નુંની બનાવટી ખુલસુરતી તો બીલકુલ ને છેકજ ઝાંખી પડી જતી હતી.

જે વખત માટે તે ધ્રુજી રહી હતી તે અંતે આવ્યો અને તે પોતાનાં એકવારનાં અદરાયલા સમક્ષ ઉભી રહી, બન્ને જણે અલબત એકમેકને ઓળખ્યાં, પણુ તેઓ કશાબી વાત કરે તે પહેલાં મીસીસ વકીલ આગળ આવી અને સભ્યતાથી તેઓની પીછાંણુ કરાવી.

તે આકશીત સૌંદર્ય સાથની પોતાનાં જીગરની પુતળીને જોઇ મેજર નોશીર મોદીનું જીગર ધ્રુજી રહ્યું, પણુ તે જોઇને અજબ થયો કે તે રમત્યાળ ખવાસની હસ્તી રમતી છોકરી ફેરવાઈ જઈ, ઠરેલ ને ગંભીર બની હતી. એ ઉપરાંત તે સુંદર ચેહરા ઉપર એક નરમાશનોજ પ્રકાશ જણાતો હતો—તે હાવભાવ, તુટી ગએલી મગરૂરી બતાવતો હતો. એમ કેમ? તે તાજુબ રહયો.

"ગુલ," તેણે તે સાંજ દરમ્યાન એકાદ પળ તેણી સાથે એકલો પડતાં કહ્યું. "આજે તમને અતરે મળવાની મને વકિ નહોતી."

"હું અહીંજ રહું છું," તે બોલી. "શું તમે અમારી ફેરવાઈ ગએલી

હાલત વિષે કશુંજ જાણુતા નથી. મારા પપા બેહસ્ત પામ્યા ને અમે પાયમાલ થઈ ગયાં ત્યારથી હું અતરે ગવરનેસની નોકરી કરૂં છું."

"માઈ ગોડ," તે આનયબીથી પોકારી ઉઠયો. "શું સોરાબજી શેઠ બહેસ્ત પામ્યા? મને તો કાંઇજ ખબર નહી. હું તો આટલો વખત હિન્દુસ્તાનથી બાહેર હતો. ઓ ગુલ, જો હું આવું જાણુતે, તો તમારા લોક આગળ દોડી આવ્યા વગર રહેતે બી? માહરી ગરીબ ગુલ."

તેણીએ પોતાની એક આંગળી ઉંચકી તેને બોલતાં અટકાવ્યો જ્યારે આંસુઓથી તે સુંદર ચશ્મો આંધળી થઈ જતી જોવાઈ.

"તમારી તરફથી દયાનાં શબ્દો હું સાંખી શકીશ નહી," તે બોલી. "જેવાં અમારાં નસીબ. વળી હવે તો તમે મીસીસ વકીલનાં બેન સાથે પરણી જશો, એટલે આપણને એકમેક સાથે લાગેવળગેજ શું? તમારી લાગણી માટે હું તમારો ઉપકાર માનું છ મી૦ મોદી." અને તે હવે તેની આગળથી જતી રહી. જ્યારે અપાર હેતથી તે જવાનની તેની તરફ ટીકાયલી ચશ્મો કે પ્યારનું એક મધુરૂં હસ્વું તે જોઇ શકી નહી.

બીજે દીવસે રવીવાર હતો. અને રાબેતા મુજબ તે પોતાની માતાને મળવા ગઇ. આજે તે ઘરડી ભલી માને તેણીએ કાંઇક વધુજ ઉલટમંદ જોઈ.

"તુંને કોઇ મળવા આવ્યુંછ ગુલ દીકરી," તેવણે કહ્યું, "ને તે બાહેર લીંબુડીનાં ઝાડ નિચે તાહરે માટે ખોટી થાય છે. મેં ઘણું બી કહ્યું કે અંદર બોઓ. તે કહેજે નહી હું તો ગુલને બાહરજ મળશ."

"એવું તે કોણ હઠીલું મને મલવા આવેલું છે મમા?" તે હસી અને તુરત બાહેર દોડી.

"ગુલ," દુન્યાનો તે સૌથી માનીતો અવાજ, તેણીને રગેરગ ધ્રુજાવતો તેના કાને પડયો. "ગુલ, માહરી એકવારની ઉતાવળી ને કરડી ચાલ માટે હું માફ માંગવા ને તુંને મારી પોતાની કરવા હું આવેલો છું તો તું શું મને કાઢી મુકશે?"

તે અજબ થઈ ગઇ, તેણીએ બોલવા ચાહયું પણ તેણીનું ગળુંજ જાણે ચીપટાઇ ગયું જ્યારે નવધાર આંસુઓ તે આંખોમાંથી ગબડી પડયાં.

"માહરે તને માયાથી વારવી હતી." તે બોલ્યો, "કેટલાક નેચરો એટલા મગરૂર હોય છે કે પ્યારથીજ મનાય. ને મેં મુરખાએ તાહરી સાથે કરડાઇ વાપરી તને ઘણી દુઃખી કરી તે સારૂં તું મને માફ કરશેની સ્વીટહાર્ટ?"

આટલી બધી ભલાઈ, આવો ઉમદા ખયાલ જોઈ તેની ઉપર એટલી અસર થઈ કે તેણી તેની આગળ ગુઠણે પડી.

"નોશીર," ડુસકાંથી ગુંગળાતી તે બોલી. "આ કેવી ભલાઈ, આ કેવો સદ્દગુણ, ઓ વ્હાલા નોશીર, કસુર તો મારો હતો, [illegible] માહારો હતો. બળી જાય માહારી મગરૂરી કે તેની મોહકાંણે મેં [illegible] ખમ્યું. તમારેથી જુદું પડતાં, માહારૂં જીગરજ તુટી ગયું [illegible] મારી મગરૂરી મને નડી. નોશીર, જુવો, જુવો મારો હાલ જુવો, જુવો મારી તુટી ગએલી મગરૂરી

જુવો. હું પહેલે જેવી નથી. જમાનાની ગીરદેશીએ મને એક બરાબર પા
શીખાડયો. મગરૂરી ગરૂરી ને તોછડાઇ નહીં, પણ નરમાશ, પ્યાર ને મીઠાસ
નીજ જીત છે, તેમાંજ શોભા ને તેમાંજ જીંદગીભરનું સુખ છે.”

પ્યારથી તેણે તેણીને ઉઠાડી.

“હવે ગઇગુજરી આપણે ભુલી જઇશું.” તે બોલ્યો. “બોલ અ
વીંટી--તારી જુનીજ વીંટી મને પાછી તાહારી આંગળીએ પહેરાવાની
મને રજા આપશેની ગુલ?”

તેણીએ નકકારમાં ડોકું ધુણાવ્યું.

“નહી?” નોશીર હસ્યો. “ત્યારે આ વીંટી હું કોણુને પહેરાઉ?”

“મીસીસ વકીલ કહેતાં હતાં કે તેવણુનાં બેન--” તે બોલવા ગઇ.

“પણ આટલી નાહાની વીંટી મીસીસ વકીલનાં બહેનની જાડી આંગ
ળીમાં નહી આવે તેનું કેમ?” તે બોલ્યો. અને તેઓ બન્ને હસી પડયાં.

સમાપ્ત.